Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 03 NOVEMBER, 2023 Vol. 20, No. 42 Pages 28 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## યુકેમાં યોજાયેલી એઆઈ સેફ્ટી સમિટમાં ભારત સહિત 28 દેશના પ્રતિનિધિઓ હાજર રહ્યાં

# AIના જોખમોના આકલન માટે 28 દેશ સહમત

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી દુનિયામાં 30 કરોડ લોકો બેકાર થવાની ભીતિ, એઆઇ સંદર્ભે નિશ્ચિત ગાઇડલાઇન તૈયાર કરાશે

**લંડન**

વિશ્વભરમાં જોરશોરથી ચાલી રહેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ચર્ચાઓ વચ્ચે ગુરવારે ૨૮ દેશોએ ચિંતા વ્યક્ત કરી હતી. યુનાઈટેડ કિંગ્ડમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી થતા જોખમો અંગે ચર્ચા કરવા યોજાયેલી મહત્વની બેઠકમાં ભારત ઉપરાત ૨૭ અન્ય દેશોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ સમયે યૂરોપીય સંઘે એઆઈથી થતા જોખમોનું આંકલન કરવા એક થઈને કામ કરવાની સમજુતી પર હસ્તાક્ષર કર્યા છે.

ભારત, ઈન્ડોનેશિયા, આયરલેન્ડ, ઈઝરાયેલ, ઈટાલી, જાપાન, કેન્યા, સાઉદી અરબ, નેધરલેન્ડ, નાઈજીરીયા, ફિલિપાઈન્સ, કોરિયા ગણરાજ્ય, રવાંડા, સિંગાપુર, સ્પેન, સ્વિટ્ઝરલેન્ડ, તુર્કેઈ, યુક્રેન, સંયુક્ત આરબ અમીરાત, ગ્રેટ બ્રિટન અને ઉત્તર આયર્લેન્ડનું યુનાઈટેડ કિંગડમ, સંયુક્ત રાજ્ય અમેરિકા અને યુરોપીય સંઘ સામેલ હતા.

અમેરિકા વતી વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ આ એઆઈ સમિટમાં ઉપસ્થિત રહ્યા હતા. હેરિસે એલાન કર્યું હતું કે, અમેરિકા યુનાઈટેડ સ્ટેટ્સ એઆઈ સેફ્ટી ઈન્સિટયુટ બનાવશે કે જે અમેરિકામાં એઆઈના વિકાસ માટેની ગાઈડલાઈન તૈયાર કરશે. આ ઈન્સિટયુટ એઆઈમાં ટેસ્ટ માટેના માપદંડ નક્કી કરશે અને ભવિષ્યમાં કઈ એઆઈ સિસ્ટમ્સ ખતરનાક સાબિત થઈ શકે છે તેનું મૂલ્યાંકન કરીને એઆઈના ખતરાને ઓછો કરવા માટે પ્રયત્ન કરશે. બાકી એઆઈને લગતી કાયદાકીય બાબતો તથા બીજા મુદ્દા અંગે પણ સરકારી એજન્સીઓને સલાહ અને માર્ગદર્શન આપવાથી માંડીને ખતરનાક લાગે એવી એઆઈ સિસ્ટમ્સને નાથવા સહિતની તમામ જવાબદારી આ સંસ્થાના માથે રહેશે.




મળતી વિગતો મુજબ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસરો વ્યાપક છે. વિશ્વની ટોચની ઈન્વેસ્ટમેન્ટ બેંકર ફર્મ ગોલ્ડમેન સાક્સે એઆઈના કારણે ભવિષ્યમાં રોજગારી પર શું અસર પડશે તેનો એક રિપોર્ટ બહાર પાડ્યો હતો. આ રીપોર્ટમાં આગાહી થઈ છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દુનિયામાં ૩૦ કરોડ નોકરીઓનો ભોગ લઈ લેશે, મતલબ કે ૩૦ કરોડ લોકો બેકાર થઈ જશે. વિશ્વમાં અત્યારે કુલ વર્કફોર્સ ૩૩૮ કરોડ લોકોની છે. મતલબ કે, દુનિયામાં ૩૩૮ કરોડ લોકો જુદાં જુદાં કામો સાથે સંકળાયેલાં છે. આ વર્કફોર્સમાંથી ૩૦ કરોડ એટલે કે લગભગ ૮ ટકા લોકો એઆઈના કારણે બેકાર થઈ જશે હાલની નોકરીઓમાથી લગભગ બે તૃતિયાંશ નોકરીઓ ઓછાવત્તા અંશે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત હશે જ્યારે ૨૫ ટકા નોકરીઓ માટે માણસોની જરૂર પડશે નહી.

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Happy Diwali & Prosperous New Year
In-Store biggest Diwali sale
Marché Patel
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- urshilamehulrealtor@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

Royal Rajasthan
16 days 13 nights
All-inclusive price starts at
Cad 3587 pp occ dbl.
Including: Flights (from Toronto or Montreal) Hotels 4 and 5 stars all meals, guide and monuments fees
Visit: Delhi, Agra, Ranthambore, Jaipur, Deogarh, Udaipur, Ranakpur and Jodhpur.
Serving Canadians for over 22-years
Airline Tickets (worldwide) & Travel insurance, Indian passport renewal, OCI, Indian Visa, Surrender Certificate
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec Permis du Québec
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# 2026માં 5 લાખ ઈમિગ્રન્ટ્સને આવકારવાનું કેનેડાનું લક્ષ્ય

## કેનેડાની વસ્તીમાં 2022માં રેકોર્ડબ્રેક 1 મિલિયન લોકોનો વધારો નોંધાયો, દેશની કુલ વસ્તી 40 મિલિયનને પાર

**ઓન્ટેરિયો**

તાજેતરના વર્ષોમાં તેના ઈમિગ્રેશન લક્ષ્યાંકમાં ઘણી વખત વધારો કર્યા પછી ફેડરલ સરકારે બુધવારે જાહેરાત કરી છે કે, તે 2026માં 500,000 નવા કાયમી રહેવાસીઓને આવકારવાના તેના લક્ષ્યને જાળવી રાખવામાં આવશે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે જણાવ્યું હતું કે, આવાસ અને હેલ્થ કેર ઉપરના દબાણને હળવું કરવા અને શ્રમ પુરવઠાને ટેકો આપવા માટેનું આ લક્ષ્ય છે. કેનેડિયનો અને અર્થશાસ્ત્રીઓ અમને શું કહે છે, તે જાણવા આપણે ઈમિગ્રેશનની સૂક્ષ્મ-આર્થિક અસરો વિશે ઝીણવટપૂર્વક વિચારવું પડશે.



સરકારે તાજેતરનાં વર્ષોમાં કર્મચારીઓને વધારવા અને વૃદ્ધ વસ્તીને ટેકો આપવા માટે તેના ઈમિગ્રેશન લક્ષ્યાંકોમાં સતત વધારો કર્યો છે. ગયા વર્ષે સરકારે 2023માં 4,65,000 લોકોને કાયમી નિવાસ આપવાની યોજના બહાર પાડી હતી. જે 2025 સુધીમાં વધીને 500,000 થવાની આશા છે. 2015 માટે ઈમિગ્રેશન લક્ષ્યાંક 300,000થી ઓછો હતો.

મિલરે બુધવારે જણાવ્યું હતું કે, કેનેડાના ઈમિગ્રેશન પ્રોગ્રામમાં કેવા પ્રકારના એડજસ્ટમેન્ટ કરી શકાય તે જોવા માટે સરકાર હવે તેના આયોજિત ઈમિગ્રેશન ઈન્ટેકને બંધ કરી રહી છે. કેનેડાની વસ્તીમાં 2022માં રેકોર્ડબ્રેક 1 મિલિયન લોકોનો વધારો થયો છે. આ વર્ષની શરૂઆતમાં વસ્તી પણ 40 મિલિયનને વટાવી ગઈ છે. તે વસ્તી વૃદ્ધિ એવા સમયે થઈ રહી છે. જ્યારે દેશ આવાસની તંગીનો સામનો કરી રહ્યો છે. કેનેડા મોરગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશનના સપ્ટેમ્બરમાં બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે, હાઉસિંગ સપ્લાયને ઠીક કરવા માટે દાયકાના અંત સુધીમાં લગભગ 5.8 મિલિયન નવા એકમોનું નિર્માણ કરવું પડશે. મિલરે સ્વીકાર્યું કે, આવાસની અછત એ ઈમિગ્રેશન લક્ષ્યાંકોને સરભર કરવાના નિર્ણયમાં એક પરિબળ હતું, પણ તે મુખ્ય પરિબળ નથી. જો તે એકમાત્ર કારણ હોત, તો મને લાગે છે કે આપણે એક દેશ તરીકે જે પડકારોનો સામનો કરી રહ્યા છીએ તે સંપૂર્ણપણે ગેરસમજ હશે. ઘણા નિષ્ણાતોએ કહ્યું છે કે આવાસની અછતના મૂળ કારણો ઈમિગ્રેશન સાથે સંબંધિત નથી.

# ટોરોન્ટોમાં સલૂનમાંથી પર્સની ચોરી બાદ મહિલાને ચપ્પુના ઘા ઝીકાયા

## ઈજાગ્રસ્ત મહિલાને સારવાર માટે ટ્રોમા સેન્ટરમાં ખસેડાઈ

**ટોરોન્ટો**

ટોરોન્ટો પોલીસ એવા શખ્સને શોધી રહી છે જેણે સોમવારે સાંજે બ્યુટી સલૂનની અંદરથી એક મહિલાનું પર્સ ચોર્યા બાદ ડાઉનટાઉનમાં છરી મારીને તેને ગંભીર રીતે ઘાયલ કરી હતી. ઈન્સ્પે. ટોરોન્ટો પોલીસ સર્વિસના પ્રવક્તા જેફ બેંગિલ્ડે જણાવ્યું હતું કે, 30 વર્ષની મહિલાને ગંભીર સ્થિતિમાં ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવી હતી, જ્યાં તેની સર્જરી કરવામાં આવી છે અને તેની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. યોંગે યોંગે અને કાર્ટન નામની મહિલા એ વિસ્તારમાં એક બ્યુટી સલૂનમાં હતી અને જ્યારે તે બ્યુટી ટ્રીટમેન્ટ લઈ રહી હતી ત્યારે તેણે તેનું પર્સ નજીકમાં રાખ્યું હતું. પોલીસનું કહેવું છે કે, આ સમયે એક વ્યક્તિ સલૂનમાં પ્રવેશ્યો અને પર્સ ઝૂંટવીને દરવાજો ખોલીને બહાર ભાગી ગયો હતો. મહિલાએ તેનો પીછો કર્યો અને તેનો સામનો કર્યો પરંતુ તે સમયે તે શખ્સે એક મોટી છરી કાઢીને મહિલાના હાથ અને ગળા પર ઈજા પહોંચાડી હતી. ગેરાર્ડ સ્ટ્રીટ ઈસ્ટની ઉત્તરે, ગ્રાન્બી સ્ટ્રીટના રસ્તે કાર્લટન સ્ટ્રીટ પર શંકાસ્પદનો પીછો કરવામાં આવ્યો હતો. નજીકના રહેવાસીઓ મહિલાની મદદ માટે આવ્યા હતા અને 911 પર ફોન કરીને પોલીસ સમક્ષ હુમલાખોરનું વર્ણન કર્યું હતું.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com

Happy Diwali & Prosperous New Year
Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service. • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol ca • info@imperialpestcontrol.ca
(We speak English, Hindi, Gujarati)
Call: Ramesh Kanani 416-837-1820



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# બ્રુકલિયા ગોલ્ફ ક્લબ ખાતે ગરબાનો કાર્યક્રમ : એમપીએ આરતી ઉતારી



## નીલ ઉપાધ્યાય દ્વારા ડીજે અને ઢોલ વગાડાયું, અજીત પટેલે શાયરીઓ સાથે હોસ્ટિંગ કર્યું

**મિડલેન્ડ**

મિડલેન્ડ એ બેરીથી નોર્થમાં આવેલું એક નાનકડું ગામ છે, પરંતુ અહીં પણ ગુજરાતીઓ બહોળા પ્રમાણમાં છે અને આપણા બધા ઉત્સવો ખૂબ જ ઉત્સાહભેર ઉજવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગરબાનું ભવ્ય આયોજન "બ્રુકલિયા ગોલ્ફ ક્લબ" ખાતે કરાયું હતુ. જેમાં બધાએ ખૂબ જ આનંદપૂર્વક માતાજીના ગરબા રમવાનો લ્હાવો લીધો હતો. ગામના મેયર તેમની પત્ની સાથે પધાર્યા હતા તેમજ સીમકો નોર્થના એમ.પી. પણ બાળકો સાથે પધાર્યા હતા. એમપીએ ગરબા તથા માતાજી વિષે માહિતી મેળવ્યા બાદ શ્રદ્ધાપૂર્વક માતાજીની આરતી પણ ઉતારી હતી અને માતાજીને પગે લાગીને આશીર્વાદ લીધા હતા. બહેનોના સહકારથી ખૂબ જ સરસ ડેકોરેશન કરવામાં આવ્યું હતું. હળવા ભોજન બાદ આરતી અને ગરબા કરવામાં આવ્યા હતા, જેમાં નીલ ઉપાધ્યાય દ્વારા ડીજે પર ગરબા રમાડાયા હતા, તથા લાઈવ ઢોલ વગાડીને બધાને ખૂબ જ નચાવ્યા હતા. અજીત પટેલ દ્વારા ગરબાને લગતી ગુજરાતી-હિન્દી શાયરીઓ સાથે હોસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

# ટોરોન્ટોના ડાઉનટાઉનમાં પેલેસ્ટિનિયન તરફી રેલીમાં હજારો નાગરિકો જોડાયા




## ઇઝરાયેલને સહાય આપવાનું બંધ કરવા માંગ, ગાઝામાં યુદ્ધ વિરામની હાંકલ

**ટોરોન્ટો**

ટોરોન્ટોના ડાઉનટાઉનમાં રવિવારે બપોરે યુનિવર્સિટી એવન્યુ ઉપર યુએસ કોન્સ્યુલેટ જનરલની સામે પેલેસ્ટાઈન તરફી પ્રદર્શન માટે હજારોની ભીડ એકઠી થઈ હતી. રેલીને પ્રોત્સાહન આપતી પોસ્ટમાં આયોજકોએ ઈઝરાયેલને કેનેડિયન સહાય આપવાનું બંધ કરવા તેમજ ગાઝા ક્ષેત્રમાં યુદ્ધવિરામની હાકલ કરી હતી. ટોરોન્ટો પોલીસે કહ્યું હતું કે, વિરોધકર્તાઓ કોન્સ્યુલેટમાં હાજર હોય ત્યારે યુનિવર્સિટી એવેન્યુ ડુંડાસ અને ક્વીન સ્ટ્રીટ વચ્ચે રસ્તો બંધ રહ્યા હતા. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ સંબંધિત ટોરોન્ટોમાં નોંધપાત્ર પ્રદર્શનનું આ સતત ત્રીજું સપ્તાહ હતું. ટોરોન્ટો પોલીસે ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં નફરતપૂર્વક આચરવામાં આવેલા ગુનાઓની નિંદા કરી હતી. રવિવારની રેલીની અગાઉથી, ટોરોન્ટો પોલીસે X (અગાઉ ટ્વિટર) પર એક નિવેદન પોસ્ટ કર્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે કોઈપણ અપ્રિય ગુનાઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. અમે ચોક્કસ સમુદાયોને ધ્યાનમાં રાખીને કોઈપણ ધાકધમકી, ઉત્પીડન અથવા નફરતથી પ્રેરિત વર્તનને સહન કરીશું નહીં.









તંત્રી સ્થાનેથી

# નવી ક્રાંતિ : ચીનમાં દુનિયાની પહેલી ફ્લાઈંગ ટેક્સીને મંજૂરી



તંત્રી - સ્વદેશ

બે દાયકા પહેલાં ટ્રાન્સપોર્ટેશન માટે 'ફ્લાઈંગ ટેક્સી'ની વાતો ચર્ચામાં આવી ત્યારે દુનિયાના મોટાભાગના લોકોએ તેને મજાકમાં ઉડાવી દીધી હતી. જો કે, આજે તે જ વાત વાસ્તવિકતા બનવાની દીશામાં ઝડપથી આગળ વધી રહી છે. કોઈ સાયન્સ ફિક્શનમાં જ જોવા મળે એવી 'ફ્લાઈંગ ટેક્સી' દુનિયામાં પહેલી વાર ચીનમાં શરૂ થશે તેવા અહેવાલો છે. ચીનના ગુંઆંગઝુમાં એહાંગ નામની કંપનીને 'ફ્લાઈંગ ટેક્સી' ચલાવવા માટેની મંજૂરી મળી છે. એહાંગ આમ તો અમેરિકામાં નોંધાયેલી કંપની છે. આજે તે 'ફ્લાઈંગ ટેક્સી' માટે લાયસંન્સ મેળવનારી વિશ્વની પહેલી કંપની બની છે. એહાંગ કંપનીની સ્પર્ધા ઈઝરાયલની નેશનલ એર ડ્રોન ઈનિશિયેટિવની 'ફ્લાઈંગ ટેક્સી' સાથે હતી. ઈઝરાયલમાં ગયા મહિને આ 'ફ્લાઈંગ ટેક્સી' શરૂ કરાઈ પણ અત્યારે મેડિકલ ઉદ્દેશ માટે જ છે અને તેને સત્તાવાર લાયસન્સ મળ્યું નથી.

એહાંગ કંપનીએ ૨૦૧૪થી આ 'ફ્લાઈંગ ટેક્સી'ની ટેસ્ટ ફ્લાઈટ શરૂ કરી દીધી હતી. છેલ્લાં ૯ વર્ષમાં 'ફ્લાઈંગ ટેક્સી'ની ૪૦ હજાર કરતાં વધારે ટેસ્ટ ફ્લાઈટ કરાયા પછી પેસેન્જર્સને લઈ જવા માટે 'ફ્લાઈંગ ટેક્સી' યોગ્ય હોવાનું સર્ટિફિકેટ અપાયું છે. આ સર્ટિફિકેટ આપતાં પહેલાં ૫૦૦ જેટલા અલગ અલગ માપદંડની ચકાસણી કરાઈ હતી. આ બધા માપદંડમાં 'ફ્લાઈંગ ટેક્સી' ખરી ઉતરી પછી તેને મંજૂરી મળી છે. મંજૂરી માટેની અરજીની પ્રક્રિયામાં જ ૧૦૦૦ દિવસથી વધારે સમય ગયો છે.

સલામત મુસાફરીનો દાવો કરનારી એહાંગની 'ફ્લાઈંગ ટેક્સી'ની યોજના આજે તો પ્રારંભિક તબક્કામાં છે. તેથી તેના કારણે બહુ મોટું પરિવર્તન તાત્કાલિક નહીં આવે, પણ ભવિષ્યની ટ્રાન્સપોર્ટેશન રીવોલ્યુશનની દિશામાં આ મોટું કદમ છે એવું વિજ્ઞાનીઓ માને છે. ટ્રાફિકની ભીડભાડમાં અટવાયા વિના મિનિટોમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે આ 'ફ્લાઈંગ ટેક્સી' આશિર્વાદરૂપ સાબિત થશે એટલું ચોક્કસ છે.

કંપનીએ બનાવેલી ઈએચ૨૧૬-એસ એએવી નામની આ 'ફ્લાઈંગ ટેક્સી' વાસ્તવમાં એક ડ્રોન જ છે. ચીનમાં વિકસાવાયેલું આ ડ્રોન ઈલેકટ્રિક બેટરીથી ચાલશે. આ 'ફ્લાઈંગ ટેક્સી' ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેઈક-ઓફ એન્ડ લેન્ડિંગ (ઈવોટ) છે. મતલબ કે, જમીનથી સીધું હવામાં ઉપર ગયા પછી તેને અપાયેલા કમાન્ડ પ્રમાણે તે ગંતવ્ય સ્થાને પહોંચીને ઉતરાણ કરશે. આ 'ફ્લાઈંગ ટેક્સી' એક પ્રકારનું ડ્રોન છે એટલે તેને ચલાવવા માટે પાયલોટની જરૂર નથી. બે વ્યક્તિને લઈને ઉડી શકે એવી આ 'ફ્લાઈંગ ટેક્સી' જમીનથી લગભગ ૧૫૦૦ ફૂટ ઉચે સુધી ઉડી શકશે. માત્ર બે કલાકમાં જ તેને ચાર્જ કરી શકાય છે તેથી ચાર્જિંગની પણ બહુ કડાકૂટ નથી. આ 'ફ્લાઈંગ ટેક્સી' ૬૦૦ પાઉન્ડ એટલે કે લગભગ ૩૦૦ કિલો વજન વહન કરવાની ક્ષમતા ધરાવતી હોવાથી પેસેન્જર્સના બદલે કાર્ગો ટેક્સી તરીકે પણ તેનો ઉપયોગ શક્ય હશે. માત્ર મુસાફરી જ નહીં પરંતુ અત્યારે ટ્રાન્સપોર્ટ માટેનાં જે માધ્યમો છે તેના કારણે થતાં ઘણાં નુકસાન થતા હોય, આ ઉડતી ટેક્સીથી તે નુકસાનને પણ અટકાવી શકાશે.

૧૬ ઈલેક્ટ્રિક રોટર્સથી ચાલનારી એહાંગની આ 'ફ્લાઈંગ ટેક્સી' એક કલાકમાં મહત્તમ ૮૦ માઈલનું અંતર કાપશે. એટલે કે લગભગ ૧૪૫ કિલોમીટરની ઝડપે આ ટેક્સી ભાગી શકશે. એક વખતમાં આ 'ફ્લાઈંગ ટેક્સી' ૧૮ માઈલ એટલે કે, લગભગ ૨૯ કિલોમીટરનું અંતર કાપી શકશે. તેથી એક જ શહેરમાં બે પોઈન્ટ પર પહોંચવા માટે તેનો ઉપયોગ થઈ શકશે. આ ટેક્સી એક સેન્ટ્રલાઈઝ્ડ કમાન્ડથી સંચાલિત થવાની હોવાથી કેબિનમાં બેઠા પછી મુસાફરે બાજુમાં આપેલી ટચસ્ક્રીન પર પોતે જ્યાં જવાનું છે એ સ્થળ પસંદ કરવાનું રહેશે. એહાંગની 'ફ્લાઈંગ ટેક્સી'માં બેકઅપ બેટરી, કોમ્યુનિકેશન સિસ્ટમ, રોટર્સ વગેરે બધું જ છે.

'ફ્લાઈંગ ટેક્સી' ઈલેક્ટ્રિક પાવર થકી ચાલતી હોવાતી પર્યાવરણને પણ ફાયદો થશે. સૌથી મહત્વની બાબત તો એ છે કે, નવી આ વ્યવસ્થામાં એરપોર્ટ કે રન વે જેવી કોઈ સવલતની આવશ્યકતા નથી. તેથી તેનો ખર્ચ પણ વધુ નહી હશે. દુનિયામાં કોઈ પણ સમતળ જમીન ઉપરથી તેને ઉડાડી કે ત્યાં તેનું ઉતરાણ તદન સરળતાથી કરી શકાશે. કંપનીએ કરેલા દાવા પ્રમાણે તો આ ટેક્સ એક પાર્ક, મેદાન, સ્કૂલનું ગ્રાઉન્ડ, ઈમારતનું ધાબું એમ કોઈ પણ જગ્યાએ ઉતરી શકશે.


મોટાં શહેરોમાં ઉદ્યોગપતિઓ, બિઝનેસમેન, ડોક્ટર્સ વગેરેને એક સ્થળેથી બીજા સ્થળે જવામાં ટ્રાફિક બહુ નડતો હોય છે. માંડ પંદર-વીસ કિલોમીટરનું અંતર કાપવાનું હોય પણ ટ્રાફિકમાં કલાકો વેડફાતા હોય છે. આવા સંજોગોમાં આવા ધનકુબેરો માટે તો આ સુવિધા મોટી રાહત લઈને આવશે. માત્ર બે પેસેન્જર કે ૩૦૦ કિલો વજન વહન કરી શકે એવી આ 'ફ્લાઈંગ ટેક્સી'માં ભવિષ્યમાં નવા નવા ફેરફારો થાય ત્યારે કેવી મોટી ક્રાંતિ આવી જશે તે વાત મીનમેખ છે.

અત્યારે માંડ ૩૦ કિલોમીટરનું અંતર કાપવા માટે બનેલી 'ફ્લાઈંગ ટેક્સી' ભવિષ્યમાં ૩૦૦ કિલોમીટર કાપતી થશે અને પછી ૩૦ હજાર કિલોમીટર પણ કાપતી થશે. અત્યારે બે પેસેન્જરને લઈને જતી 'ફ્લાઈંગ ટેક્સી' બસો પ્રવાસીને લઈ જઈ શકે એવી પણ થઈ જશે.

'ફ્લાઈંગ ટેક્સી'ને લગતા નિયમો અસ્તિત્વમાં નથી અને એ બધું બનતાં પાંચ વર્ષનો સમય વીતી શકે છે. તેથી પાંચ વર્ષ પછી 'ફ્લાઈંગ ટેક્સી'ની બોલબાલા શરૂ થશે. દુનિયાના બધા દેશોને આ 'ફ્લાઈંગ ટેક્સી' ના પરવડી શકે પણ ભારતમાં આ સુવિધા વધુ ફાયદાકારક રહેશે. ભારતમાં મદ્રાસ, આઈઆઈટીએ પણ 'ફ્લાઈંગ ટેક્સી' બનાવી છે. ચીન વિશ્વમાં 'ફ્લાઈંગ ટેક્સી' દોડાવનારો પહેલો દેશ બનશે પણ ભારત પણ પાછળ નથી. ભારતમાં પણ 'ફ્લાઈંગ ટેક્સી' બની જ રહી છે. મદ્રાસ એટલે કે, ચેન્નાઈ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી (આઈઆઈટી) ના એક સ્ટાર્ટ અપ દ્વારા ભારતનું પહેલું 'ફ્લાઈંગ ટેક્સી' પ્રોટોટાઈપ આ વર્ષના ફેબ્રુઆરીમાં પ્રદર્શન માટે મૂકાયું હતુ.

૨૦૧૭માં બનેલા ઈપ્લેન કંપની નામના આ સ્ટાર્ટ અપે પણ ચીનની કંપનીની જેમ ઈલેક્ટ્રિક વટકલ ટેઈક-ઓફ એન્ડ લેન્ડિંગ (ઈવોટ) ફ્લાઈંગ ટેક્સી બનાવી છે. કંપનીનો દાવો છે કે, તેમની આ ફ્લાઈંગ ટેક્સી હેલિકોપ્ટર કરતાં પણ વધારે ઝડપે દોડવા સક્ષમ છે. ઈપ્લેન કંપનીએ ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેઈક-ઓફ એન્ડ લેન્ડિંગ (ઈવોટ) ફલાઈંગ કાર માટે ૧ કરોડ ડોલરનું ફંડ ઉભું કર્યું છે. એક વાર બેટરી ચાર્જ કરવાથી આ ફલાઈંગ ટેક્સી ૧૫ કિલોમીટર જેટલું અંતર કાપી શકશે એવો દાવો કરાયો હતો. એટલે કે ભારતની ટેક્સની સરખામણમાં આજે ચીનની ફલાઈંગ ટેક્સી વધારે એડવાન્સ્ડ છે.

manoj1968@yahoo. ca






# ઓન્ટેરિયો 124 બિલના વિકલ્પે શૈક્ષણિક સ્ટાફને પગાર વધારો મળવાની સંભાવના

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોએ બિલ 124 તરીકે ઓળખાતા કાયદા હેઠળ પ્રતિબંધિત વેતનની ભરપાઈ કરવા માટે જાહેર હાઈસ્કૂલના શિક્ષકો અને કેટલાક પ્રાથમિક શાળાના શિક્ષણ કાર્યકરોને પાછલી કાર્યવાહીમાં પગાર વધારો આપવા સંમતિ દર્શાવી છે. એલિમેન્ટરી ટીચર્સ ફેડરેશન ઓફ ઓન્ટેરિયો દ્વારા રજૂ કરાયેલા એજ્યુકેશન વર્કર્સે ગયા અઠવાડિયે નવા કરારને બહાલી આપી હતી અને યુનિયને મંગળવારે જણાવ્યું હતું કે, આ સોદામાં બિલ 124 ઉપાય પરના કરારનો સમાવેશ થાય છે. પ્રમુખ કેરેન બ્રાઉને એક નિવેદનમાં જણાવ્યું છે કે, તેની ગેરબંધારણીય શરૂઆતથી ETFOએ બિલ 124ની નિંદા કરી છે અને ફોર્ડ સરકારની દખલગીરી અને વધુ પડતી પહોંચને પડકારી છે. તે 2019 કાયદાએ જાહેર ક્ષેત્રના કામદારો માટે ત્રણ વર્ષ માટે વાર્ષિક એક ટકા પગાર વધારો મર્યાદિત કર્યો હતો. ઑન્ટેરિયોની અદાલતે તેને ગેરબંધારણીય જાહેર કર્યો છે અને ચુકાદો આપ્યો છે કે તે કામદારોના સંગઠનની સ્વતંત્રતા અને સામૂહિક સોદાબાજીના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. સરકારે અપીલ કરી છે, પરંતુ ETFOએ



જણાવ્યું હતું કે ભવિષ્યના કોઈપણ કોર્ટના ચુકાદાઓ પૂર્વવર્તી પગારને અસર કરશે નહીં. શિક્ષણની સોદાબાજીના આ રાઉન્ડમાં તે એક મુખ્ય મુદ્દો પણ રહ્યો છે, જેમાં શિક્ષકો અને અન્ય કામદારોનું પ્રતિનિધિત્વ કરતા યુનિયનો તેમના આગામી કોન્ટ્રાક્ટ માટે પગારવધારાની માંગણી કરતાં પૂર્વવર્તી વળતરનો મુદ્દો ઉઠાવી રહ્યાં છે. મોટાભાગના હજુ પણ સરકાર સાથે છે, પરંતુ ETFOએ મંગળવારે જણાવ્યું હતું કે, સરકાર સાથે તેના 3,500 શિક્ષણ કાર્યકર સભ્યો - જેમ કે પ્રારંભિક બાળપણના શિક્ષકો - માટેના કરારમાં પ્રથમ બે વર્ષ માટે વધારાના 0.75 ટકા પગારવધારાનો સમાવેશ થાય છે.

# પેલેસ્ટિનિયન કેનેડિયનોની ટ્રુડો સાથે બેઠક : ગાઝાને મદદ કરવા રજૂઆત

**ટોરોન્ટો**

વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને પેલેસ્ટિનિયન-કેનેડિયનોના જૂથ વચ્ચે બુધવારે ટોરોન્ટોમાં સારી અને વિચારશીલ વાતચીત થઈ હતી. જેમાં જેમના પરિવારના સભ્યો ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં ગાઝામાં ફસાયા છે તેની ચિંતા વ્યક્ત કરી હતી. ટ્રુડો સમક્ષ આ જૂથે માંગ કરી હતી કે, કેનેડા તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરે અને સલામત માનવતાવાદી કોરિડોર માટે ગાઝામાં તેના 2.2 મિલિયન લોકો માટે ખોરાક અને પાણી અને તેની હોસ્પિટલો માટે બળતણની મંજૂરી આપે. મેટ્રો ટોરોન્ટો કન્વેન્શન સેન્ટર ખાતે કલાકો સુધી ચાલેલી બેઠક બાદ ટ્રુડોએ અન્ય કોઈ ટિપ્પણી કરી ન હતી. ઓન્ટારિયો ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત વાર્ષિક કાર્યક્રમ ઓન્ટારિયો ઈકોનોમિક સમિટના પ્રથમ દિવસે વડાપ્રધાન ટોરોન્ટોમાં હતા. પેલેસ્ટિનિયન કેનેડિયનોના જૂથના પ્રવક્તારીમ સુલતાને કહ્યું હતુ કે, તેમનો આખો પરિવાર ગાઝામાં છે. વડાપ્રધાને જૂથની માંગણીઓ સાંભળી હતી પરંતુ તેમને ખાતરી નથી કે બેઠકનું પરિણામ શું આવશે, પરંતુ તે સંમત થયાં હતાં કે તેમની વાતચીત સારી રહી હતી. સુલતાને જણાવ્યું હતું કે જૂથ ઈચ્છે છે કે, કેનેડા ઈઝરાયેલ સાથેના તેના ગાઢ સંબંધોનો ઉપયોગ ગાઝામાં ફસાયેલા પેલેસ્ટિનિયન-કેનેડિયન પરિવારોને સલામત સ્થળાંતર માટે કરે. ગ્લોબલ અફેર્સ કેનેડાએ જણાવ્યું હતું કે, ઘેરાયેલા પ્રદેશને છોડવાની મંજૂરી આપવા માટે બુધવારે રફાહ બોર્ડર ક્રોસિંગ ખોલ્યા પછી એક કેનેડિયન નાગરિક ગાઝાથી ઈજિપ્ત તરફ ગયા હોવાના અહેવાલ છે.

# શીખ રમખાણોને નરસંહાર જાહેર કરવા NDPના નેતા જગમીત સિંહની માંગણી

**ઓટાવા**

કેનેડા અને ભારત વચ્ચે પહેલેથી જ તંગ સબંધોમાં ભડકો થાય તેવુ નિવેદન કેનેડાની નેશનલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા તેમજ પીએમ જસ્ટિન ટ્રુડોના નિકટના ગણાતા જગમીત સિંહે આપ્યુ છે. જગમીત સિંહે સોશિયલ મીડિયા પર કહ્યુ છે કે, 1984માં થયેલા શીખ રમખાણોમાં શીખોનો નરસંહાર કરવામાં આવ્યો હતો. તેમણે એવો પણ આરોપ મુકયો છે કે, તોફાનો પાછળ આરએસએસનો હાથ હતો. કેનેડામાં આરએસએસની જેટલી પણ શાખાઓ ચાલે છે તેના પર વડાપ્રધાન ટ્રુડોએ પ્રતિબંધ મુકવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, જગમીત સિંહ પહેલેથી જ ખાલિસ્તાનીઓનુ સમર્થન કરી રહ્યા છે. નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનુ પણ તેઓ કહેતા આવ્યા છે. તેમણે કહ્યુ હતુ કે, મારી પાર્ટી શીખ રમખાણોને નરસંહાર જાહેર કરી ચુકી છે અને વડાપ્રધાન ટ્રુડોની લિબરલ સરકારે પણ આ પ્રકારનો નિર્ણય લેવો જોઈએ.

# પાકિસ્તાનનું લાહોર દુનિયાનુ સૌથી પ્રદૂષિત શહેર

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં હવે પ્રદૂષણ હાહાકાર મચાવી રહ્યુ છે. પાકિસ્તાનનુ લાહોર શહેર દુનિયાનુ સૌથી પ્રદૂષિત શહેર જાહેર થયા બાદ સરકારે અહીંયા ઈમરજન્સી લગાવવી પડી છે.

પંજાબ પ્રાંતની સરકારે બુધવારે આખા રાજ્યમાં સ્મોગ ઈમરજન્સી લગાવી દીધી છે. કારણકે આ રાજ્યના મુખ્ય શહેર લાહોરની હવામાં પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ચુકયુ છે. પંજાબ હાઈકોર્ટે કરેલા સૂચન બાદ સરકારે ઈમરજન્સી લગાવી છીએ. આ પહેલા હાઈકોર્ટે પ્રદૂષણને કાબૂમાં લેવામાં સરકારની નિષ્ફળતાની આકરી ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે, આ કોઈની વ્યક્તિગત સમસ્યા નથી પણ આપણી ભાવી પેઢી માટે ચિંતાનો વિષય છે. સરકારે લાહોર શહેર સાથે શું કર્યુ છે તે જોઈને શરમ આવે છે. દુનિયામાં વિવિધ શહેરોની હવાની ગુણવત્તા પર નજર રાખતી સંસ્થા આઈક્યૂ એરના રિપોર્ટ પ્રમાણે લાહોરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૪૭ પર પહોંચી ગયો હતો. એર ક્વોલિટી ઈન્ડેક્સ 50ની નીચે હોવો જોઈએ. આ પ્રકારની હવા શ્વાસ લેવા માટે સુરક્ષિત મનાય છે. બીજી તરફ પંજાબ રાજ્યમાં તમામ સ્કૂલોમાં હવે વિદ્યાર્થીઓ માટે એક મહિના સુધી માસ્ક પહેરવાનુ પણ ફરજિયાત બનાવાયુ છે. લાહોરની સ્થિતિ એવી છે કે, પ્રદૂષણના કારણે એક ફૂટ દુરનુ દ્રશ્ય પણ જોવુ મુશ્કેલ બની રહ્યુ છે.



# મોદી જે પણ સંકલ્પ લે છે, તેને અવશ્ય પૂર્ણ કરે છે : વડાપ્રધાન

## મહેસાણામાં આશરે રૂપિયા 5800 કરોડનાં મૂલ્યોનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરાયો

**મહેસાણા**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મહેસાણામાં આશરે રૂ. 5800 કરોડનાં મૂલ્યોનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ્સમાં રેલ, રોડ, પીવાનું પાણી અને સિંચાઈ જેવા અનેક ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

ઉપસ્થિત જનમેદનીને સંબોધતા વડા પ્રધાને જણાવ્યું હતું કે, 30મી અને 31મી ઓક્ટોબરની બે તારીખો દરેક માટે પ્રેરણાનો સ્રોત છે, કારણ કે ગોવિંદ ગુરુજીની પુણ્યતિથિ છે અને એ પછીની તારીખે સરદાર પટેલજીનો જન્મ દિવસ છે. આપણી પેઢીએ વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરીને સરદાર સાહેબ પ્રત્યે આદરભાવ વ્યક્ત કર્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉલ્લેખ કર્યો હતો કે, ગોવિંદ ગુરુજીનું જીવન ભારતની આઝાદીમાં આદિવાસી સમાજનાં પ્રદાન અને બલિદાનનું પણ પ્રતીક છે. તેમણે ખુશી વ્યક્ત કરી હતી કે, વર્ષોથી સરકારે માનગઢ ધામનું મહત્વ રાષ્ટ્રીય સ્તરે સ્થાપિત કર્યું છે.

પીએમ મોદીએ દેવી અંબાજીના આશીર્વાદ મેળવવાની તક મળવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે



ગબ્બર પર્વતનો વિકાસ કરવા અને તેની ભવ્યતા વધારવા માટે થઈ રહેલા કાર્યોની પ્રશંસા કરી હતી. આજની પરિયોજનાઓ વિશે વાત કરતા વડા પ્રધાને કહ્યું કે લગભગ 6000 કરોડ રૂપિયાના મૂલ્યની પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન ભગવાન અંબેના આશીર્વાદથી કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, આ વિવિધ પ્રોજેક્ટથી કનેક્ટિવિટીમાં વધારે સુધારો થશે અને આ વિસ્તારનાં ખેડૂતોને લાભ થશે. વડા પ્રધાને ઉમેર્યું હતું કે, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહીસાગર, અમદાવાદ અને ગાંધીનગરની આસપાસનાં જિલ્લાઓને પણ આ યોજનાઓનો લાભ મળશે. તેમણે આજની પરિયોજનાઓ માટે ગુજરાતની જનતાને અભિનંદન પાઠવ્યા હતા.

ઉપસ્થિત લોકોને સંબોધતા તેમણે કહ્યું હતું કે, ભારતની વિકાસગાથા સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. વડા પ્રધાને ચંદ્રયાનના ચંદ્રની દક્ષિણ ધ્રુવની સપાટી પરના સફળ ઉતરાણ અને જી-20ના સફળ પ્રમુખપદનો ઉલ્લેખ કર્યો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે મોદી જે પણ સંકલ્પ લે છે, તેને પૂર્ણ કરે છે. તેમણે ઝડપી વિકાસનો શ્રેય ગુજરાતની જનતાએ ચૂંટેલી સ્થિર સરકારને આપ્યો હતો અને કહ્યું હતું કે, ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યને આનો લાભ મળ્યો છે.

# ગુજરાતમાં VGGS- 2024 અંતર્ગત રૂ. 25945 કરોડના એમઓયુ થયા

**ગાંધીનગર**

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024 -VGGS 2024ના ભાગરૂપે દર સપ્તાહે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટે એમઓયુ કરવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે અત્યાર સુધીમાં રાજ્યકક્ષાએ 11 તબક્કામાં કુલ રૂ. 25,945 કરોડથી વધુના 47 એમઓયુ સંપન્ન થયા છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. આ રોકાણની મદદથી રાજ્યમાં અંદાજે 69 હજારથી વધુ યુવાનોને રોજગારી મળશે તેમ પણ આજે ગાંધીનગર ખાતે પ્રવકતા પ્રધાન ઋષિકેશભાઈ પટેલે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું.

પ્રવક્તા પ્રધાનના જણાવ્યા અનુસાર ગ્લોબલ સમિટને સફળ બનાવવાના ભાગરૂપે તા. 23 નવેમ્બર 2023ના રોજ સુરતમાં SGCCI ખાતે '5 ફિએસ્ટા' વિષયક 'ટેકસટાઈલ સમિટ' તેમજ તા. 30 નવેમ્બર -2023ના દિવસે અમદાવાદમાં 'એક્સપોર્ટર કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સિવાય સમિટ અંતર્ગત ચાર કેબિનેટ પ્રધાનોની ઉપસ્થિતિમાં ચાલુ નવેમ્બર માસમાં, લખનઉ, બેંગ્લોર અને ગુવાહાટીમાં રાષ્ટ્રીય રોડ શો યોજવામાં આવશે.

# કલોલ પાલિકામાં ભડકો : 9 સભ્યના રાજીનામા

## પાલિકાની જુદી જુદી ત્રણ સમિતિઓના નવનિયુક્ત ચેરમેનોએ પણ પદ છોડી દીધાં

**કલોલ**

કલોલ શહેર અને તાલુકા ભાજપમાં એક સાંધતા તેર તૂટે તેવી હાલત થઈ છે. એડીચોટીનો જોર લગાવી ભાજપે તાલુકા પંચાયત હસ્તગત કરી દીધી પણ હવે નગરપાલિકા ખોવાનો વારો આવ્યો છે. કલોલ નગરપાલિકામાં અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતા નવા પ્રમુખ,ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેનની નિમણૂક કરવામાં આવી હતી. જેને પગલે નવ નગરસેવકોએ નારાજગી વ્યક્ત કરીને રાજીનામા આપી દીધા હતા. રાજીનામાને પગલે શિસ્તબદ્ધ કહેવાતા ભાજપ પક્ષની આબરૂ ખરડાઈ હતી. જોકે બાદમાં શરતી સમાધાન કરીને મામલો પતાવી દેવામાં આવ્યો હતો. આ ઘટનાક્રમને એક માસ થઈ ગયા બાદ પણ શરતોનું પાલન થયું નહોતું.

સોમવારે કલોલ નગરપાલિકાની સામાન્ય સભા યોજાઈ હતી. શરતોનું પાલન ન થતા નવ સભ્યોએ સામાન્ય સભા અગાઉ જ રાજીનામા આપી દીધા હતા. બળવાખોર સભ્યોએ પોતાના વોર્ડમાં કામ ન થતા હોવાનો આક્ષેપ કર્યો છે. પક્ષમાં તેમની ઉપેક્ષા કરાતી હોવાનો ઉલ્લેખ પણ રાજીનામામાં કરવામાં આવ્યો છે. પક્ષના જુના અને કર્મઠ નગરસેવકોને હોદ્દા આપવાને બદલે અન્ય પક્ષમાંથી આવનાર અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને હોદ્દાઓની લહાણી કરવામાં આવી હોવાના આક્ષેપ પણ થયા છે. સામાન્ય સભા અગાઉ નગરપાલિકામાં રાજીનામું આપી નવ સભ્યોએ નીકળી ગયા હતા. ત્યારબાદ સભા યોજાઈ હતી જેમાં કારોબારી સમિતિના ચેરમેન તેમજ અન્ય સમિતિઓના ચેરમેનની નિમણૂક કરવામાં આવી હતી. ભાજપના અસંતુષ્ટ સભ્યોના રાજીનામું આપ્યાના કલાક પછી ત્રણ નવનિયુક્ત સમિતિઓના ચેરમેનોએ પણ રાજીનામું આપી દેતા સોંપો પડી ગયો હતો.

# વિદેશ જતાં કન્ટેનરના સીલ તોડી 4 કરોડનો માલ વગે કરનાર ગેંગ પકડાઇ

**વડોદરા**

વડોદરાના પાદરારોડ પર આવેલી ખાનગી કંપનીમાંથી વિદેશ સપ્લાય કરવામાં આવેલા એલ્યુમિનિયમના પાટ્‌ર્સના કન્ટેનરના સીલ તોડી રૂ.૪ કરોડ ઉપરાંતના સાધનોની ચોરી કરવાના કૌભાંડમાં પોલીસે કન્ટેનરના ડ્રાઈવર સહિત ત્રણને ઝડપી રૂ.૪૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

બીલ રોડ પર આવેલી બાન્કો કંપની દ્વારા ગઈ તા.૨૪મી જુલાઈએ જર્મનીમાં ત્રણ અને નેધરલેન્ડમાં ચાર કન્ટેનર મોકલવામાં આવ્યા હતા.આ કન્ટેનરમાં ઈન્ડસ્ટ્રિઝને લગતા એલ્યુમિનિયમના પાર્ટસ હતા.જે હજીરા પોર્ટ પરથી સપ્લાય કરવાના હતા.પરંતુ આ કન્ટેનરોમાં સાધનો કાઢી લેવામાં આવ્યા હતા અને તેની જગ્યાએ રેતીની થેલીઓ મૂકી દેવામાં આવી હતી.

વડોદરા પોલીસે રિન્કુ મહારાજદીન, કન્ટેનરના ડ્રાઈવર અનુપસિંહ,સંતચરણ, ચદ્રભાન અને ગોવિંદ યાદવ સામે ગુનો નોંધી સેફટ્રાન્સ નામની ટ્રાન્સપોર્ટના ડ્રાઈવર અનુપ સિંહ ગયાપ્રસાદ સિંહ (શિવ ચરણ પૂર્વા, અયોધ્યા,યુપી) તેમજ ચોરેલા માલ માટે કંપનીઓનો સંપર્ક કરાવનાર કેયૂર હેમંત આસોદરીયા(શ્યામ વિલા રો હાઉસ, સરથાણા નાકા,સુરત) અને ચોરીનો માલ વેચવામાં સપ્લાયરની ભૂમિકા ભજવનાર વિજય પરસોત્તમ કોરાટ(સામનાથ કોમ્પ્લેક્સ, હીરાબાગ,સુરત)ની ધરપકડ કરી છે.

# બરોડા ડેરીના ચેરમેન પદેથી નિશાળીયાનું રાજીનામું, જી.બી. સોલંકીને નવી જવાબદારી

**વડોદરા**

સતિષ નિશાળીયાએ બરોડા ડેરીના ચેરમેન પદેથી રાજીનામું આપતા સમગ્ર ક્ષેત્રમાં ચકચાર મચી જવા પામી છે. તેમણે રાજીનામુ આપવા માટે જિલ્લા ભાજપ પ્રમુખની જવાબદારી અને આગામી લોકસભાની ચૂંટણીમાં પ્રમુખના વિઝનને પુરૂ કરવા માટેનું કારણ જણાવ્યું હતું. હવે નવા પ્રમુખની નિમણૂક ન થાય ત્યાં સુધી ઉપપ્રમુખ જી. બી. સોલંકી કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળશે.

સતિષ નિશાળીયાએ વધુમાં જણાવ્યું હતું કે,ફેબ્રુઆરી-2023ના રોજ પ્રદેશ ભાજપા દ્વારા જિલ્લા ભાજપા પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. તે બાદ માર્ચ-2023માં અને જુલાઈ-2023માં પણ બરોડા ડેરીના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં પક્ષ દ્વારા બરોડા ડેરીના ચેરમેન તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. ભાજપમાં એક વ્યક્તિ એક હોદ્દો તેવી જવાબદારી નક્કી છે. મને સુચન કરવામાં આવ્યું કે, આપ જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે અથવા તો બરોડા ડેરીના પ્રમુખમાંથી કોઈ એક પર પસંદગી કરો. ત્યારે હું રાજીખુશીથી બરોડા ડેરીમાંથી પ્રમુખ પદેથી રાજીનામું આપું છું.


સતિષ નિશાળીયાએ વધુમાં કહ્યું હતું કે, મારા ક્ષેત્રમાં 3 લોકસભા બેઠકો છે. તમામને જીતાડવા માટે મારા પ્રયત્નો રહેશે.

# ચરોતરમાં 500 કરોડના ખર્ચે સરદારધામ બનશે

## આણંદમાં પાટીદાર મિલન સમારોહનું આયોજન થયું, સરદાર પટેલને સ્મરાંજલી અપાઇ

**ચરોતર**

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 149મી જન્મ જયંતિ પ્રસંગે સરદારધામ ચરોતર એકમ દ્વારા એક શામ સરદાર કે નામ લોકડાયરો અને પાટીદાર મિલન સમારોહનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે બૃહદ ચરોતરમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ચરોતરમાં રૂા. પાંચસો કરોડના ખર્ચે હોસ્ટેલ, હોસ્પિટલ, શૈક્ષણિક સંકુલ અને બિઝનેસ સેન્ટર સહિતના પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે સરદારધામના અતિઆધુનિક બિલ્ડીંગના નિર્માણ



માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો. તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિમાં સરદારધામ બનવું જોઈએ તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન ચરોતર સરદારધામ ટીમના આગેવાન એન.આર.આઈ. રિકેશ પટેલે જણાવ્યું હતું કે મને તમારામાં રહેલો ઈગો આપી દો, પછી જુઓ ચરોતરનો પાટીદાર વિશ્વ પર રાજ કરશે. ચરોતર એ સંસ્કારોની ભૂમિ છે. સરદારના આદર્શો અહીં જ નિર્માણ થયા. તેમના 149માં જન્મ દિવસ નિમિત્તે સંકલ્પ લઉ છું કે હું ચરોતરનો વતની છું અને હું સરદાર છું. કોઈપણ દ્વેષ અને ઈર્ષ્યા વગર ભાઈ સાથે પગથી પગ મિલાવી મનથી મન મિલાવી 500 કરોડના ખર્ચે ચરોતરની ભૂમિ પર પાટીદાર સમાજના કલ્યાણ માટે દીકરા દીકરીઓના ભવિષ્ય માટે અને સમાજના ઉત્કર્ષ માટે સરદારધામ સાથે જોડાઉ છું. જ્યારે સરદારધામના પ્રમુખ ગગજીભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબ ન હોત તો આજનું આ હિન્દુસ્તાન પણ નહોત. સરદારધામ વિશે જણાવતા તેઓએ જણાવ્યું હતું કે, અયોધ્યામાં રામ મંદિર બને, કૃષ્ણની જન્મભૂમિ મથુરામાં મંદિર બને તો સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિમાં સરદારધામ બનવું જોઈએ આ લાગણી આખા ચરોતરની છે.

# વડોદરામાં ભાજપના બક્ષી પંચ મોરચાનો મંત્રી નશાની હાલતમાં પકડાયો

**વડોદરા**

ભાજપના બક્ષીપંચ મોરચાનો આગેવાન દારૂના નશાની હાલતમાં પોલીસ સ્ટેશનમાં જતા વારસિયા પોલીસે તેની સામે ગુનો દાખલ કર્યો છે. વારસિયા પોલીસ સ્ટેશનમાં સામાભાઈ વાલાભાઈ ગઢવી ( રહે.પુંજા પાર્ક સોસાયટી, ન્યૂ વી.આઈ.પી.રોડ) એ અરજી આપી હતી કે, અનુપ ઉર્ફે પપ્પુ લાખાભાઈ ગઢવી (રહે. સિદ્ધાર્થ સોસાયટી, ન્યૂ વી.આઈ.પી.રોડ) મને હેરાનગતિ કરે છે. જેથી, વારસિયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ જઈને રાતે બાર વાગ્યે અનુપ ઉર્ફે પપ્પુ ગઢવીને પકડી લાવી હતી. ઈનવે રૂમમાં બેસાડીને પોલીસ દ્વારા અનુપ ઉર્ફે પપ્પુ ગઢવીનું નિવેદન લેવામાં આવતું હતું. અનુપ ઉર્ફે પપ્પુ ગઢવી દારૂના નશામાં હોવાનું જણાઇ આવતા પોલીસે તેની સામે પ્રોહિબીશનનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વિરમગામ પાસેની હત્યા અને રિવરફ્રન્ટ પાસે શંકાસ્પદ મોતનો ભેદ ઉકેલ્યો

# અમદાવાદમાં મિત્રની હત્યા બાદ ફાયરિંગ કરી યુવકની આત્મહત્યાથી ભારે ચકચાર

### વિરમગામમાં મિત્રની હત્યામાં સંડોવાયેલા અન્ય એક યુવકની ક્રાઇમબ્રાંચે ધરપકડ કરી

**અમદાવાદ**

શહેરના રિવરફ્રન્ટ પર ગત મંગળવારે સવારે સ્મિત ગોહિલ નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જેની છાતીમાં ગોળી લાગતા મોત નીપજ્યું હતું. બીજી તરફ સોમવારે વિરમગામ પાસે સોકલી નર્મદા કેનાલ પાસે એક અર્ધ બળેલી લાશ મળી આવી હતી. બાદમાં સીસીટીવીના આધારે તેને પોલીસમાં ઝડપાઇ જવાનો ડર લાગતા જે દેશી તંમચાથી મિત્રની હત્યા કરી હતી. તે તંમચાથી જ પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી હતી. ક્રાઈમબ્રાંચે આ કેસમાં અન્ય એક આરોપીની ધરપકડ કરીને ગુનામાં ઉપયોગમાં લેવામાં આવેલી કાર જપ્ત કરી છે. મંગળવારે સવારે પાલડી રીવરફ્રન્ટ વોક વે પાસે સ્મિત ગોહિલ નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જેની છાતીના ડાબી બાજુમાં ગોળી મારવામાં આવી હતી. પ્રાથમિક





દ્રષ્ટિએ આ બનાવમાં હત્યા હોવાને આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. જેમાં ક્રાઈમબ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર જે એચ સિંધવ અને તેમની ટીમ દ્વારા રિવરફ્રન્ટના સીસીટીવી તપાસતા સ્મિત ગોહિલ સિવાય અન્ય કોઇ વ્યક્તિની અવરજવર જોવા મળી નહોતી. બીજી તરફ પોલીસે ફોરેન્સીક એક્સપર્ટની મદદ લઈને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે સ્મિતના હાથમાં મળી આવેલા ગંધક અને ગોળીની પોઝીશનને આધારે જોતા સમગ્ર બનાવ હત્યા નહી પણ આત્મહત્યા હતી. જેના આધારે પોલીસે સ્મિતને સોંમવારે સાંજે મળનાર તેના મિત્ર યશ રાઠોડની પુછપરછ કરતા ચોંકાવનારો ખુલાસો થયો હતો કે યશ અને સ્મિતે ચાંદલોડિયામાં ઈશ્વરકાકાનગરમાં તેમની બાજુમાં જ રહેતા મિત્ર રવિન્દ્ર લુહારની નાણાંકીય લેવડદેવડ બાબત થતી તકરારમાં વિરમગામ નજીક સોકડી નર્મદા કેનાલ પાસે હત્યા કરીને લાશને ત્યાં સળગાવી દીધી હતી. આ બાબતનો ખુલાસો થતા પોલીસે વધુ પુછપરછ કરતા વિગતો બહાર આવી હતી જે અંગે ક્રાઈમબ્રાંચના ડીસીપી ચૈતન્ય માંડલિકે જણાવ્યું કે યશ અને મૃતક સ્મિતે તેમના મિત્ર રવિન્દ્ર લુહાર પાસેથી બે લાખ રૂપિયા ઉછીના લીધા હતા. જેની ઉઘરાણી રવિન્દ્ર દ્વારા સતત કરવામાં આવતી હોવાથી સ્મિત અને યશે તેનો કાટો કાઢવાનું નક્કી કર્યું હતું. જે યોજના મુજબ ૧૫ દિવસ પહેલા સ્મિત મધ્યપ્રદેશના ભીંડથી દેશી તંમચો ખરીદીને લાવ્યો હતો.

# મહારાણા પ્રતાપ અને શિવાજીના વંશજ સહિત 50 રાજવી પરિવારોનું સન્માન



**અમદાવાદ**

ગોતા વિસ્તારમાં મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજી મહારાજના વંશજો સહિત દેશના 50થી વધુ મોટા રાજવી પરિવારોનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા રાજવી વંશજોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહારાણા પ્રતાપના વંશજ, ઉદેપુરના રાજવી, ગોંડલ સ્ટેટના રાજવી, વાંકાનેર સ્ટેટના રાજવીઓનું ઢોલ-નગારાં સાથે માનભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી આવી પહોંચેલા રાજવીઓએ સૌપ્રથમ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ આપીને તમામ રાજવીઓએ શસ્ત્રપૂજન પણ કર્યું હતું. રાજવીઓને શાલ ઓઢાડી, સરદાર પટેલની પ્રતિમા આપી સન્માન કરવામાં આવ્યું હતું.

પાટડી સ્ટેટના રાજવી કુમાર હરપાલસિંહજી દેસાઈએ જણાવ્યું હતું કે, આજે રાજવી પરિવારનું સન્માન થઈ રહ્યું છે જે ખુશીની વાત છે. દેશનાં તમામ રજવાડાંને એકત્રિત કરીને જે સ્થાપના કરવામાં આવી એ સરદાર સાહેબ સિવાય કોઈ ન કરી શકે. રાજવીઓનું મ્યુઝિયમ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ચોક્કસ બની જશે એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આજે જે લોકોએ પોતાનું સર્વસ્વ સોંપી દીધું છે તેમનું આજે સન્માન થઈ રહ્યું છે.

# એશિયન પેરા ગેમ્સમાં ગુજરાતનો ડંકો, 6 ખેલાડીએ 9 મેડલ જીત્યા

**અમદાવાદ**

ભારતીય ખેલાડીઓએ એશિયન પેરા ગેમ્સ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કરતા કુલ ૧૧૧ મેડલ જીત્યા હતા, જેમાં ૨૯ ગોલ્ડ, ૩૧ સિલ્વર અને ૫૧ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ભારત તરફથી ગુજરાત રાજ્યના ૧૯ ખેલાડીઓએ પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં ૬ ખેલાડીઓએ ૯ મેડલ મેળવી ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.

એશિયન પેરા ગેમ્સ ૨૦૧૪માં ગુજરાતના ૩ ખેલાડીઓ અને એશિયન પેરા ગેમ્સ ૨૦૧૮માં ગુજરાતના ૯ ખેલાડીઓએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું ત્યારે આ વખતે ગુજરાતના ૧૯ સિતારાઓ ભારતનું પ્રતિનિધિત્વ કરવા ચીન ખાતે ગયા હતા. ગુજરાતના આ ૬ ખેલાડીઓએ રાજ્યનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ચમકાવ્યું છે. ભારતીય એથ્લીટોએ એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં ચોથા દિવસ સુધી કુલ ૮૨ મેડલ જીત્યા હતા. આ ભારતનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું કારણ કે આ પહેલા ભારતે એશિયન પેરા ગેમ્સમાં સૌથી વધુ ૭૩ મેડલ જીત્યા હતા. ગુરુવાર સુધી ભારતીય એથ્લીટોએ ૧૮ ગોલ્ડ મેડલ, ૨૩ સિલ્વર મેડલ અને ૪૧ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. તેમજ મેડલ ટેબલમાં ભારત છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે. એવું પણ પહેલીવાર બન્યું છે કે ભારતે એશિયન પેરા ગેમ્સના મેડલ ટેબલમાં ટોપ ૧૦માં સ્થાન મેળવ્યું છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
૨૦ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ - રજી. કાર્યાલય
મહામોહીની વશીકરણ, શત્રુ પર વિજય, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
Love Problem • One Side Love • Divorce • Business
Family & Children Problem • Marriage Problem
પતિ-પત્ની-છોકરાઓ કહેવામાં ના હોય તો ચંદ્રમોહની વશીકરણ કરવામાં આવશે
On the Spot Result - Black Magic Specialist
NRI ભાઈઓ બહેનો માટે ફોન ઉપર માગદર્શન
84/A, શ્રીકુંજ રો હાઉસ, કે.કે.નગર રોડ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
: +91-99246 34078
www.shivshraddhaastro.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
WWW.SWADESH.NEWS

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજકોટની હીરા કંપનીમાં રોકડ અને હીરાની ચોરી

## મવડીમાં આવેલી હીરા કંપનીમાં 8 લાખ રોકડ અને 12000ના હીરાની ચોરી : તાલુકા પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા

**રાજકોટ**

રાજકોટમાં મોટી ચોરીની ઘટના સામે આવી છે. જેમાં મવડીમાં આવેલા હીરા કંપનીમાં 8 લાખ રોકડા અને આશરે 12 હજારના હીરાની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. ઘટના સામે આવતા કાઈમ બ્રાન્ચ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો છે.

પોલીસ દ્વારા આપવામાં આવેલી પ્રાથમિક માહિતી અનુસાર હીરાના કારખાનામાં રાખવામાં આવેલી તિજોરી તોડીને આઠ લાખ રૂપિયા રોકડા અને કરોડો રૂપિયાના હીરાની ચોરીને અંજામ આપવામાં આવ્યો હતો. તેમજ ગેસ કટરથી તિજોરી તોડવામાં આવી અને ત્યારબાદ હીરા અને રોકડની ચોરી કરાઈ હતી. કારખાનાના માલિક મુકેશભાઈ દુધાગરા સવારે કારખાને પહોંચ્યા ત્યારે તેમણે જોયું હતું કે, કારખાનાની તિજોરી હાલતમાં છે જેથી અહીં ચોરી થઈ છે જે બાદ તેમણે પોલીસને જાણ કરી હતી.

આ બાબતે પોલીસે જણાવ્યું કે, ચોરી મોડી રાત્રે થઈ હતી પરંતુ સવારે કર્મચારીઓ કારખાને આવતા ચોરીની ઘટનાની જાણ થઈ હતી. બાદમાં પોલીસને જાણકારી આપવામાં આવી હતી. ઘટનાની જાણ થતા એસપી ભાર્ગવ પંડ્યા, ક્રાઈમ બ્રાંચ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘટનાની ગંભીરતાને લઈ ડોગ સ્ક્વોડ અને FSLની ટીમે પણ તપાસ હાથ ધરી હતી. પોલીસ અલગ અલગ સીસીટીવીની તપાસ શરૂ કરી હતી.

હેમર ડ્રીલથી તિજોરી તોડવામાં આવી અને ત્યારબાદ હીરા અને રોકડની ચોરી કરાઈ હતી. કારખાનાના માલિક મુકેશભાઈ દુધાગરા હોવાની જાણકારી મળી છે. ઘટનાની ગંભીરતાને લઈ ડોગ સ્ક્વોડ અને FSLની ટીમે પણ તપાસ હાથ ધરી હતી.



# રાજુલા : મોરંગી ગામે તળાવમાંથી બે માસૂમ ભાઈના મૃતદેહ મળ્યા

**રાજુલા**

રાજુલાના મોરંગી ગામે રહેતા વિજયભાઈ મકવાણાના બે પુત્ર ગઈકાલે ગુમ થઈ ગયા હતા. દરમિયાનમાં આ બંને બાળકોના મૃતદેહ ગામમાં આવેલા તળાવમાંથી તરતા મળી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાની સાથે જ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને મૃતદેહને બહાર કાઢી તપાસ કરતા બંને બાળકોને મોઢા અને સાથળના ભાગે ઈજાના નિશાનો મળી આવ્યા હતા. મોરંગી ગામે રહેતા વિજય મકવાણાના પુત્ર કૃણાલ અને મીત ગુમ થઈ ગયા હતા. દરમિયાનમાં પરિવારજનોએ બંને બાળકોની શોધખોળ શરૂ કરી દીધી હતી. અને પોલીસને પણ જાણવાજોગ એન્ટ્રી કરાવી હતી. આખા ગામમાં પરિવારજનો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ રાત્રિ સુધી બંને બાળકો મળી આવ્યા ન હતા. સવારના સમયે કામમાં આવેલા તળાવ માં બંને બાળકોના મૃતદેહ તરતા મળી આવતા એવા ગામમાં ખળભળાટ મચી ગયો હતો. ઘટનાની જાણ થતા ની સાથે જ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને બંને બાળકોના મૃતદેહ બહાર કાઢી ચકાસણી કરતા ઈજાના નિશાન મળી આવતા પોલીસે બંને બાળકોના મૃતદેહને પેનલ પીએમ માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

# ગોંડલમાં સંત હરિચરણદાસની મૂર્તિની પ્રતિષ્ઠા

## રથની ભવ્યાતિભવ્ય સવારી સાથે આજથી ત્રણ દિવસ સુધી 108 કુંડી યજ્ઞનો પ્રારંભ

**ગોંડલ**

રામજીમંદિર ખાતે હરિચરણદાસજી મહારાજના સાકેતવાસ બાદ 1 નવેમ્બરથી ચાર દિવસીય ભવ્ય મૂત પ્રતિષ્ઠા મહોત્સવ આયોજિત થયો છે જેના અનુસંધાને ગોંડલમાં રામજી મંદિરેથી મહારાજશ્રીના મંદિર માટેની મૂતની નગર યાત્રા નીકળી હતી જેમનું પ્રસ્થાન ગોંડલના રાજવી મહારાજા હિમાંશુસિંહજીના હસ્તે કરાયું હતું. સમગ્ર ગોંડલ શહેરના મુખ્ય રાજમાર્ગો પર નગર યાત્રા ફરી હતી અને ઠેર ઠેર દરેક સમાજના શ્રીઓ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત અને ભવ્ય આતશબાજીથી કરવામાં આવેલ હતું સાથે સમસ્ત નગરજનો પણ મોટી સંખ્યામાં નગરયાત્રામાં જોડાયા હતા.

આજથી શરૂ થતી મૂત પ્રતિષ્ઠા મહોત્સવમાં 108 કુંડી મહાયજ્ઞાનું પણ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે જેમાં મુખ્ય યજમાન તરીકે રાજેશકુમાર છબીલદાસ ઉનડકટ પરિવાર સાથે અન્ય ૧૦૮ યજમાન બિરાજશે. ૧૫૧ જેટલા યજમાનો આ ૧૦૮ કુંડી મહાયજ્ઞામાં જોડાઈ ધન્યતા અનુભવી હતી. પૂ.હરિચરણદાસજી મહારાજની મૂત પ્રતિ મહોત્સવ નિમિતે સમગ્ર ગોંડલ શહેર માં ઠેર ઠેર ધજા - પતાકા અને સુંદર રોશનીથી શણગાર કરવામાં આવ્યું છે બુધવારે ભવ્ય નગરયાત્રા દરમ્યાન આતશબાજીથી ગગન પણ રંગબેરંગી કલર થી દીપી ઉઠયું હતું. અને ફટાકડાના પ્રચંડ અવાજથી ગોંડલ શહેર ગુંજી ઉઠયું હતું, આ શોભાયાત્રા માં હાથી ઘોડા ઊંટ સહીત ભગવાન માટે રથ અને મોટી સંખ્યામાં મહિલાઓ કળશ રાસે રમી હતી. આ શોભાયાત્રામાં સંદીપની આશ્રમ પોરબંદરના બ્રાહ્મણો - રામજીમંદિર ટ્રસ્ટ પરિવાર - ગુરૂભાઈઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડયા હતા.

# પત્રી ગામમાં યુવાનની હત્યા પ્રકરણમાં મહિલા સરપંચની માતા સહિત 5 પકડાયા

## હત્યા બાદ આરોપીએ ગાયબ કરેલા પુરાવા શોધવા તપાસ તેજ કરાઈ

**ભુજ**

પત્રી ગામે રાજકીય અદાવત અને ખનીજ ચોરી મામલાનુ મનદુથખ રાખી ક્ષત્રિય આગેવાન પૃથ્વીરાજસિંહ જાડેજાની હત્યા નીપજાવવાના ચકચારી બનાવમાં પ્રાગપર પોલીસે પૂર્વ સરપંચ પ્રવિણાબેનના માતા-પિતા અને બે સગા ભાઈ સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. પ્રાગપર પોલીસે આરોપીઓને દસ દિવસના રિમાન્ડની માગણી સાથે મુંદરા કોર્ટમાં રજુ કર્યા હતા. કોર્ટે પાંચેયના ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. રઘુવીરસિંહ દિલીપસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી હતી કે, મરણજનાર તેમના ભાઈ પૃથ્વીરાજસિંહ કારમાં આવી રહ્યા હતા. ત્યારે પૂર્વ કાવતરૂ રચીને પૂર્વ મહિલા સરપંચ પ્રવિણાબેનના માતા વેજીબેન વાલજીભાઈ ચાડ, પિતા વેલજીભાઈ કરશનભાઈ ચાડ, ભાઈ નંદવીર અને વિઠ્ઠલ સહિતના આરોપીઓએ રાજકીય અદાવત અને ખનીજ ચોરીની ફરિયાદનું મનદુથખ રાખીને ફરિયાદીના ભાઈની કારને અન્ય વાહન વડે પુરાવા લઈ રોડની સાઈડમાં પલ્ટી ખવરાવી ફરિયાદીના ભાઈના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી મોત નીપજાવ્યું હતું.

# પાલિતાણામાં દિક્ષા લેનાર 30 મુમુક્ષુની પધરામણી થતા જૈન સમાજમાં આનંદ

## 250 સાધુ-સાધ્વીજીઓએ સિધ્ધ ગિરિરાજની સ્પર્શના, વંદના કરી

**પાલિતાણા**

પાલિતાણામાં એકીસાથે ૩૦ જેટલા મુમુક્ષુઓ પધાર્યા હતા.આ અવસરે આ ૩૦ મુમુક્ષુઓ સાથે પાલિતાણામાં બિરાજમાન રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શ્રમણ શ્રમણી ભગવંતોની સાથે ચતુર્વિધ સંઘની હાજરીમાં ભવ્ય વર્ષીદાન યાત્રા તળેટી રોડ પર નંદપ્રભા-સલોત ભવનથી નિકળી હતી. ત્યારબાદ નંદપ્રભામાં પધારનાર મુમુક્ષુઓને આચાર્ય દિવ્યકીર્તીસૂરીશ્વરજી મ.સા. તથા આ. પુણ્યકિર્તીસૂરીશ્વરજી મ.સા.એ હિતશિક્ષા આપી હતી. રાત્રીના આ મુમુક્ષુઓનું જયંતિલાલ ડી.અજબાણી પરિવાર, નંદ પ્રભા પરિવાર, સલોત ભવનના ટ્રસ્ટી દિવ્યકાંત સલોત પરિવાર તથા અન્ય શ્રેષ્ઠિઓએ કર્યુ હતુ. તાજેતરમાં ૨૫૦ જેટલા સાધુ, સાધ્વીજીઓ તથા ચતુર્વિધ સંઘ સાથે સિધ્ધગિરિરાજની સ્પર્શના નવટુંકમાં બિરાજમાન પાંચ પાંડવોની દેરીએ પુજન, દર્શન, વંદન તથા ગિરિરાજ ઉપર બિરાજમાન પ્રથમ તીર્થંકર આદેશ્વરદાદાની પ્રક્ષાલ પુજા ભારતભરના આશરે બે થી ત્રણ હજાર ભાવિકોએ ભાવ અને ભકિતમય માહોલમાં પુર્ણ કરી હતી.

# જામનગર તુલકાનાં ધ્રાફા ગામમાં ખેડૂતને આંતરીને 4 શખ્સોએ હાથ-પગ ભાંગ્યા

**જામનગર**

જામજોધપુર તાલુકાના ઈશ્વરીયા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા સુનિલ ખીમાભાઈ ગાગલીયા નામના ૧૯ વર્ષના ખેડૂત યુવાને પોતાના ઉપર લાકડાના ધોકા અને પાઈપ વડે હુમલો કરી ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ પહોંચાડવા અંગે ધ્રાફા ગામના હર વિજય સિંહ કૃષ્ણ સિંહ જાડેજા, હર્ષદીપ ઉર્ફે કાનો પંચાયતી જયેન્દ્રસિંહ જાડેજા, અર્જુનસિંહ નરેન્દ્રસિંહ જાડેજા તથા સર્વદીપસિંહ મૂળરાજસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી યુવાન ગઈકાલે પોતાનું બુલેટ મોટર સાયકલ લઈને ધ્રાફા ગામમાંથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ચારેય હુમલાખોરોએ આવીને બુલેટ રોકાવ્યું હતું અને નીચે ઉતારી લાકડી-ધોકા હુમલો કરી માર માર્યો હતો. જેના કારણે તેને ફ્રેકચર થઈ ગયું છે.

# રાજકોટમાં મચ્છરજન્ય રોગચાળો વકર્યો, સપ્તાહમાં 1000થી વધુ કેસ

**રાજકોટ**

રાજકોટમાં રોગચાળો બેકાબૂ બની રહ્યો છે. જેમાં શહેરમાં મચ્છરજન્ય રોગના કેસોમાં વધારો થઈ રહ્યો છે. જેમાં શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ડેન્ગ્યુ ,ચિકનગુનિયાના કેસ વધી રહ્યા છે. રાજકોટમાં બેકાબૂ રોગચાળાએ વધુ એક યુવકનો ભોગ લીધો છે. રાજકોટ શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે.

આ સાથે જ સતત વકરી રહેલા રોગચાળાને કારણે તંત્રની ચિંતામાં પણ વધારો થયો છે. ત્યારે વધુ એક યુવકનું ઝાડા ઉલટીને કારણે મોત થતાં હાહાકાર મચ્યો છે. બે દિવસથી સારવાર લઈ રહેવા યુવકનું ઝાડા ઉલટીને કારણે મોત થયું હોવાનું સામે આવ્યુ છે. રોગચાળાને કારણે વધી રહેલી મોતની સંખ્યાને લઈ આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ છે. રાજકોટમાં છેલ્લા એક અઠવાડિયામાં નોંધાયેલી રોગચાળાની કેસની વાત કરીએ તો એક જ અઠવાડિયામાં શહેરમાં શરદી અને ઉધરસના 822 કેસ નોંધાયા છે. તો તાવના 54 અને ઝાડા ઉલટીના 180 કેસ સામે આવ્યાં છે. જ્યારે કે ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના આઠ આઠ અને મેલેરિયાનો એક કેસ નોંધાયો છે. છેલ્લા થોડાં સમયથી રાજ્યભરમાં બેવડી ઋતુની અસર જોવા મળી રહી છે. જેમાં વિવિધ સ્થાનો પર રોગચાળાનું પ્રમાણ વધ્યું છે.

# સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે ફરીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વરણી કરાઈ

**અમરેલી**

પીએમ મોદીએ મંગળવારે સવારે અંબાજી મંદિરમાં મા અંબાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પીએમ મોદીએ વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી હતી. ત્યારબાદ ગાંધીનગરમાં રાજભવન ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની બેઠક મળી હતી. આ બેઠકમાં સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે ફરીથી પીએમ મોદીની વરણી કરવામાં આવી છે. રાજભવન ખાતે બેઠકમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હાજર રહ્યાં હતા. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે પીએમ મોદીની ફરી નિમણૂંક કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી પાંચ વર્ષ માટે સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે સેવા આપશે. આ બેઠકમાં સોમનાથ મંદિરના વિવિધ વિકાસ કાર્યોને લીલી ઝંડી આપાઈ હતી.

# સુરતમાં 6 પરિજનોને ઝેર પીવડાવી મોભીનો પણ આપઘાત

## સ્યુસાઇડ નોટમાં અન્ય કોઈ વ્યક્તિ પાસે રૂપિયા લેવાના નીકળી રહ્યા હોવાનો ઉલ્લેખ: સગા-સંબંધીઓના હૈયાફાટ રૂદન વચ્ચે અંતિમયાત્રા

**સુરત**

સુરતના પાલનપુર જકાતનાકા વિસ્તારમાં સામૂહિક આઘાતની ઘટનાના પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. પોલીસને મળેલી સ્યુસાઈડ નોટમાં અન્ય કોઈ વ્યક્તિ પાસે રૂપિયા લેવાના નીકળી રહ્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોકે, વ્યક્તિગત તરીકે નામનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. મૃતક યુવક ફર્નિચર બનાવવાના ધંધા સાથે સંકળાયેલ હતો. જ્યારે પરિવારમાં પત્ની, ત્રણ સંતાનો અને માતા-પિતા હતા. પોલીસે સ્યુસાઈડ નોટના આધારે તપાસ હાથ ધરી છે. પાલનપુર જકાતનાકા વિસ્તારમાં આવેલ સિદ્ધેશ્વર કોમ્પ્લેક્સના સી-ટુ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ પ્લસના ભાગે આવેલ ફ્લેટમાં રહેતા મનીષ કનુભાઈ સોલંકી વ્યવસાયે પ્લાયવુડમાંથી ફર્નિચર બનાવવાના ધંધા સાથે સંકળાયેલા હતા. મનીષભાઈ પોતાની પત્ની, ત્રણ સંતાનો અને માતા-પિતા સાથે સંયુક્ત પરિવારમાં રહેતા હતા. સોમવારે પરિવારના તમામ સભ્યો ઘરમાંથી મૃત હાલતમાં મળી આવ્યા હતા. જેની જાણકારી બિલ્ડીંગના લોકો દ્વારા પોલીસને કરવામાં આવી હતી.



બનાવની જાણ થતાં રાંદેર અડાજણ પોલીસ સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યાં સ્થળ પર તપાસ કરતા મનીષભાઈ સોલંકી પંખા સાથે ગળેફાસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. જ્યારે પત્ની રીટા, માતા શોભના, પિતા કનુભાઈ અને સંતાનમાં દિશા, કાવ્યા અને કુશલ મૃત હાલતમાં મળી આવ્યા હતા. જે લોકોના ઝેરી દવા ગટગટાવાના કારણે મોત થયા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

વધુમાં પોલીસને સ્થળ પરથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. જે સ્યુસાઈડ નોટમાં અન્ય કોઈ વ્યક્તિ પાસે રૂપિયા લેવાના નીકળતા હોવાનો ઉલ્લેખ કરાયો છે. દરમિયાન ગુરુવારે પોલીસે મનીષ સોલંકી સામે તેના જ પરિજનોની હત્યાનો ગુનો નોંધ્યો હતો.

# સુરતમાં દીકરીના લગ્નના 15 દિવસ પહેલા પિતાનો આપઘાત

**સુરત**

સુરતમાં પુત્રીના લગ્નના 15 દિવસ પહેલા પિતાએ આપઘાત કરી લેતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

મૂળ મહારાષ્ટ્ર અને ઉમરવાડા વિસ્તારમાં આવેલા ગાંધીનગર ખાતે 35 વર્ષીય અનીશ શેખ પરિવાર સાથે રહેતો હતો. અનીશના પરિવારમાં પત્ની, બે પુત્ર અને એક દીકરી છે. અનીશ કેટરેર્સમાં રસોઈ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મોટી દીકરીના 15 દિવસ બાદ લગ્ન હોવાથી તેના લગ્નની તૈયારીઓ ચાલતી હતી. અનીશ એકની એક દીકરીના લગ્નને લઈને ખુશ હતો. થોડા દિવસો પહેલા જ પરિવાર પાસે રૂપિયા માગી લગ્નની તૈયારીઓ કરી હતી. આ દરમિયાન અનીશે પરિવાર પાસે વધુ રૂપિયા માંગ્યા હતા. જોકે પરિવારજનોએ રૂપિયા આપવાની મનાઈ કરી હતી. જેથી અનીશ હતાશ થઈ ગયો હતો. લગ્ન ટાંણે જ રૂપિયા ન હોવાથી અનીશ ભાંગી પડ્યા હતા. મજબૂર પિતા રૂપિયા ક્યાંથી લાવે તે ચિંતા તેમને સતાવતી હતી. આથી હતાશ થયેલા અનિશે રાત્રે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. પરિવારને જાણ થતાં સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે અનિશને મૃત જાહેર કર્યો હતો.

# દેશની પહેલી ઘટના : સુરતમાં નવજાત પાંચ દિવસના બાળકનું મૃત્યુ થતાં અંગદાન કરાયું

## બાળકની બંને કિડની, લીવર, બરોળ અને ચક્ષુ અન્ય બાળકને અપાશે

**સુરત**

સુરતમાં દેશમાં સૌથી નાની વયના બ્રેઈનડેડ બાળકનું અંગદાન નોંધાયું છે.

મળતી વિગત અનુસાર, અનુપ ઠાકોર સુરતમાં રત્નકલાકાર તરીકે કાર્યરત છે. એમની પત્ની વંદનાબેનને પ્રસૂતિના સમયે આંતરિક રક્તસ્ત્રાવ વધતાં એમની પ્રસૂતિ સિઝેરીયનથી કરવામાં આવી હતી. પરંતુ એમનું બાળક જન્મતાવેંત કોઈ હલનચલન કરતું ન હતું કે જન્મ પછી એ રડ્યું પણ ન હતું. એના શ્વાસ પણ બંધ જણાતા તાત્કાલિક કતારગામની ચિલ્ડ્રન હોસ્પિટલ ખસેડયું હતું. જે પછી ડૉક્ટરે બાળકના શ્વાસ બચાવવા માટે ગણતરીની ક્ષણોમાં ઈન્ટુબેશન કરીને ધબકારા નોર્મલ કર્યા હતા અને સારવાર આપવાની શરૂઆત કરી હતી. પરંતુ 48 કલાક બાદ પણ બાળકમાં કોઈ ન્યુરોલોજીકલ ઈમ્પ્રુવમેન્ટ નહીં જણાતા બાળકોના મગજના નિષ્ણાંત ડૉક્ટરે તપાસતા એમને બાળક બ્રેઈનડેડ જણાયું હતું. અનુપનો પરિવાર બાળક આવ્યાની ખુશી મેળવે એ સમયે જ આઘાતમાં હતું. જે બાદ અંગદાન અંગે એમને જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના ડૉ.નિલેશ કાછડિયા અને વિપુલ તળાવિયાએ વિગત આપી હતી. એ પછી અનુપભાઈ અને એમનો સમગ્ર પરિવાર બાળકના અંગદાન માટે સંમત થયો હતો. બાળકના વિવિધ ટેસ્ટ કરાવ્યા હતા અને અંગદાન માટે બાળકને મધર કેર હોસ્પિટલમાં ખસેડ્યું હતું. IKDRCની મદદથી બાળકની બે કીડની અને બરોળનું અને આંખ લોકદ્રષ્ટિ ચક્ષુબેન્કની મદદથી દાન લેવામાં આવી હતી. બાળકના તમામ અંગ પણ નાના બાળકોમાં જ ટ્રાન્સપ્લાન્ટ થઈ રહ્યા છે.

# મોદીએ કેવડીયા ખાતે સરદાર પટેલને શ્રધાંજલિ આપી, એકતા શપથ લેવડાવ્યા



**કેવડિયા**

મંગળવારે લોખંડી પુરુષ તરીકે ઓળખતા ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી હતી. આ દિવસને દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. મંગળવારે સવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેવડિયા ખાતે સરદાર પટેલની વિશાળ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને નમનને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વડા પ્રધાન મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર લોકોને એકતાના શપથ લેવડાવ્યા હતા.

વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે, સરદાર પટેલની જયંતિ પર, આપણે તેમની અદમ્ય ભાવના, દૂરંદેશી રાજનીતિ અને અસાધારણ સમર્પણને યાદ કરીએ છીએ જેનાથી તેમણે આપણા રાષ્ટ્રનું ભાગ્ય ઘડ્યું હતું. રાષ્ટ્રીય એકતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા આપણને માર્ગદર્શન આપે છે. આપણે કાયમ તેમના ઋણી રહીશું. વડા પ્રધાન મોદીએ એકતા નગરમાં ટ્રોમા સેન્ટર, સોલાર પેનલ અને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો હતો. વડા પ્રધાન મોદીએ 'મેરા યુવા ભારત' સંગઠનની પણ જાહેરાત કરી હતી, જે દેશના યુવાનોને રાષ્ટ્ર નિર્માણ સંબંધિત વિવિધ કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લેવાની તક પૂરી પાડશે.

સરદાર પટેલની જન્મજયંતિ નિમિતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, દિલ્હીના એલજી વીકે સકસેના, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે દિલ્હીમાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અમિત શાહે દિલ્હીમાં લોકોને એકતાના શપથ લેવડાવ્યા અને રન ફોર યુનિટીને લીલી ઝંડી આપી હતી. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે 'રન ફોર યુનિટી'ને લીલી ઝંડી બતાવી હતી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું, 2014 થી સમગ્ર દેશ આ દિવસને એકતા દિવસ તરીકે ઉજવે છે. આપણે બધા જાણીએ છીએ કે આઝાદી પછી અંગ્રેજો આ દેશ છોડીને ચાલ્યા ગયા. તે સમયે આપણા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે થોડા દિવસોમાં જ 550 થી વધુ રજવાડાઓને એક કરીને ભારતનો નકશો બનાવવાનું કામ કર્યું હતું.

# ચિંતન



**પ્રસ્તુતિ : સ્મિતા પટેલ**
(Guelph On.)

સંપત્તિથી હરકાવું નહિ અને વિપત્તિથી દુઃખી કે વિચલીત થવું નહિ. વાત તત્ત્વજ્ઞાનની છે. જે અભ્યાસ દ્વારા અમલમાં લાવી શકાય છે. જીવનમાં કોઈપણ પરિસ્થિતિ કાયમી હોતી નથી. આપણી આસપાસ, અંદર-બહાર નિરંતર બધું જ બદલાતું રહે છે. પરિવર્તન એ સૃષ્ટિનો કુદરતનો નિયમ છે. જે કાલે હતું તે આજે નથી અને જે આજે છે તે કાલે નહિ હોય.

આ પરિવર્તન કે બદલાવનો આપણે પણ અનુભવ કરીએ છીએ. પરંતુ આપણે માત્ર બાહ બદલાવને જ ધ્યાને લઈએ દઈએ. હવે સમજવા અને અનુભવવા જેવી વાત છે. આંતરિક બદલાવની. આ અંદરનો બદલાવ આપણને સમૃધ્ધ બનાવે છે. પરંતુ આ અંદરની સમૃદ્ધિની આડે આવે છે, આપણાં રોજીંદા વ્યવહારિક, સામાજીક અને સાંસારિક વ્યવહારો.મનતી આપણે અંદરથી અને બહારથી પણ જોડાયેલા છે. જીવનમાં બદું જ હશે, પણ બહારની સમૃદ્ધિ ગમે ત્યારે શૂન્ય થઈ જશે. માટે જ જરૂરી છે અંદરથી સમૃદ્ધ થવું.

અંદરથી સમૃદ્ધ થવા માટેનાં અનેક પરિબળો છે, જેમ કે નામ સ્મરણ, ધ્યાન, સત્સંગ, મનન, નિધિધ્યાસન, કૃતજ્ઞતા વગેરે. આ વિવિધ પરિબળો આપણી સકારાત્મકતામાં વધારો કરે છે. મનમાં નવી ચેતના, ઉર્જા, આનંદનો અનુભવ કરાવે છે. વાસલ્ય, પ્રેમ, કરૂણા-દયા, ક્ષમા, કૃતજ્ઞતા વગેરે સકારાત્મક ભાવો કેળવવાથી માનવીની અંદરની સમૃદ્ધિ વધે છે. નકારાત્મકભાવો જેવા કે ક્રોધ-ગુસ્સો, ઈર્ષ્યા, તિરસ્કાર-નફરત વગેરે મનમાં ઉદ્વેગ, અજંપો, ચિંતા અને બચની લાગણીઓ જન્માવે છે. આપણને મનોરોગી બનાવે છે. જીવનની દરેક ક્ષણનો આનંદ લેવા માટે જરૂરી છે, સકારાત્મકભાવો કેળવીને આંતરમનને સમૃદ્ધ બનાવવું

સૌથી પ્રભાવશાળી અને શક્તિશાળી છે. કૃતજ્ઞતાનો ભાવ. પળે પળે આપણે કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ. સૌ પ્રતમ તો આપણું ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞ હોવું જરૂરી છે. આ સુંદર માનવજીવન મનુષ્ય અવતાર આપવા બદલ પ્રભુનો દરેક નાની નાની વસ્તુ માટે ઈસ્વરનો આભાર માનતા રહીશું તો જીવનની પ્રત્યેક ક્ષણ આનંદમાં વીતાવી શકીશું. ઈશ્વરે આપણને આપેલા સુંદર શરીર સૌષ્ઠવ, તંદુરસ્તી, શક્તિ, સંપત્તિ, ઐશ્વર્ય વગેરેનો ઉપયોગ પરમાર્થના કા4ચોમાં કરીને આપણે ભગવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી શકીએ. સવારે નિંદ્રામાંથી જાગીને, નવો દિવસ આપવા બદલ તેમજ રાત્રે સૂતાં પહેલાં દિવસ દરમિયાન જે કાંઈ સારો કાર્ય કરાવ્યા તે બદલ પ્રભુનો આભાર માનવો.

"Thank you" ધન્યવાદ કે શબ્દો છે. આપણે તેના Power તાકાતથી અજાણ છીએ. ઈશ્વર, કુદરત, માનવ, વૃક્ષો, પશુ-પક્ષીઓ, નદી-ઝરણાં-સાગર, પર્વતો, જંગલો વગેરે જે કંઈ આપણને આપે છે. તે સર્વેનો પ્રત્યેક ક્ષણે આપણને આપે છે. તે સર્વે નો પ્રત્યેક ક્ષણે આપણે દિલથી આભાર વ્યક્ત કરીને કૃતજ્ઞ થવું.

કૃતજ્ઞતાની ભાવના કેળવવાતી મન અને ચિત્ત પ્રસન્ન થાય છે. જીવનમાં દરેક પ્રત્યે અહોભાવ જાગે છે. મનની નકારાત્મકતા દૂર થાય છે. કોઈના પણ પ્રત્યે તિરસ્કાર , ક્રોદ, ઈર્ષ્યા, નફ્રત કે બદલાની ભાવના રહેતી નથી. મન અંદરથી સુંદર અને સમૃધ્ધ બને છે. આંતરમનની સમૃદ્ધિથી ખૂબ જ સંતોષ અને શાંતિની લાગણી જન્મે છે. આ અંદરની સમૃદ્ધિ માનવીને વિકાસ તરપ દોરી જાય છે. આંતરિક તેમજ બાહ વિકાસ થાય છે.

પરદેશમાં પણ આ વસ્તુ Thanks Givingના રૂપે ઉજવાય છે. આપણે સૌ કૃતજ્ઞતાના ભાવો કેળવીને આપણાં અંતરમનને સમૃદ્ધ બનાવીએ અને એનાં શુભ પરિણામો પામીએ. શુભેચ્છા.

# સુરતમાં કેનેડા સહિતના દેશોના વિઝાના નામે લાખોની ઠગાઈ

## વર્ક પરમીટ વિઝાની ફેસબુક ઉપર જાહેરાત મુકી લોકોને શિકાર બનાવાયા : વિશ્વાસ કેળવવા સહીવાળો ચેક પણ આપતો હતો

**સુરત**

વરાછાના લજામણી ચોક સ્થિત મેરીડીયન બિઝનેશ સેન્ટરમાં આવેલી ઈગોન ઈમિગ્રેશનનો સંચાલક કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ વિઝા અપાવવાની લાલચ આપી અંદાજે 100થી વધુ લોકો પાસેથી લાખ્ખો રૂપિયા ઉઘરાવી ભુગર્ભમાં ઉતરી જતા ઉત્રાણ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી ભેજાબાજની શોધખોળ હાથ ધરી છે. પુણા ગામના ગુલાબ ચોક નજીક કોળીવાડ ફળીયામાં રહેતા ફર્નિચર વેપારી કલ્પેશ પરસોત્તમ પટેલ (ઉ.વ. 29) પત્ની ભુમિને કેનેડા મોકલવા માટે મે 2023માં પોતાના ફેસબુક આઈડી પર ઉપર જાહેરાત જોય મોટા વરાછાના લજામણી ચોક સ્થિત મેરીડીયન બિઝનેશ સેન્ટર ખાતે ઈગોન ઈમિગ્રેશનના સંચાલક જયદીપ મહેન્દ્ર પટેલ (રહે. 11, પટેલ કોલોની, કાલાવાડ રોડ નં. 3, જામનગર)નો સંપર્ક કર્યો હતો. જયદીપે કેનેડાના વર્ક વિઝાનો રૂ. 15 લાખનો ખર્ચ અને રૂ. 10 લાખ પોતાની ઓફિસમાં જમા કરાવવાના અને રૂ. 5 લાખ કેનેડામાં જોબ ચાલુ થાય ત્યારે દર મહિને રૂ. 50 હજાર લેખે 10 મહિના સુધી કપાશે તેવી લોભામણી લાલચ આપી હતી. જેથી કેનેડા જવાની લાલચમાં કલ્પેશે પત્ની ભુમિનો આધારકાર્ડ, પાસપોર્ટ સહિતના જરૂરી ડોક્યુમેન્ટ્સ તથા એડવાન્સ પેટે રોકડા રૂ. 1 લાખ આપ્યા હતા. જયદીપે કલ્પેશને વિશ્વાસ કેળવવા રૂ. 1 લાખની સામે સિક્યુરીટી પેટે તારીખ વગરનો રૂ. 1 લાખનો સહી વાળો ચેક આપ્યો હતો.

ત્યાર બાદ સ્ટેમ્પ પેપર ઉપર નોટોરાઈઝ લખાણ કરાવી જોબ ઓફર લેટરનો મેઈલ આવશે ત્યારે બીજા રૂ. 2 લાખ આપવાનું કહ્યું હતું. વીસેક દિવસ બાદ કેનેડાના શોપર્સ લેન્ડમાર્ક મોલનો જોબ લેટર મેઈલ થકી મોકલાવી રૂ. 2 લાખ લઈ લીધા હતા અને તેની સામે પણ સિક્યુરીટી પેટે ચેક આપ્યો હતો. ત્યાર બાદ જયદીપે વધુ રૂ. 5 લાખની માંગણી કરતા કલ્પેશના સસરાના બેંક એકાઉન્ટનો રૂ. 3 લાખનો ચેક આપ્યો હતો અને જયદીપે તા. 15 થી 20 સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ મેડીકલ ચેકઅપ માટે તૈયારી કરવા કહ્યું હતું. પરંતુ ત્યાર બાદ જયદીપે ફોન બંધ કરી દેતા કલ્પેશ ઈગોન ઈમિગ્રેશનની ઓફિસ ખાતે ગયો હતો જયાં જાણવા મળ્યું હતું કે જયદીપ 25 થી 30 જણાને વર્ક પરમીટ વિઝાના બહાને લાખ્ખો રૂપિયા ઉઘરાવી ભુગર્ભમાં ઉતરી ગયો છે.

### ભેજાબાજ જયદીપ પટેલના ચારથી પાંચ સરનામા મળતા પોલીસ મુંઝવણમાં

કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ વિઝાની લોભામણી જાહેરાત મુકી નોકરી માટે વિદેશ જવા ઇચ્છતા લોકો પાસેથી રૂપિયા પડાવનાર જયદીપની પોલીસે શોધખોળ આદરી છે. પરંતુ પ્રાથમિક તપાસમાં જયદીપે 100થી વધુ લોકોને વિદેશના વર્ક પરમીટના નામે લાખ્ખો રૂપિયા ઉઘરાવ્યાનું અને તેના 4 સરનામાં મળી આવતાં પોલીસ મુંઝવણમાં મૂકાઇ છે.

# હવે ગુજરાતના યુવાઓને મળશે માસિક 1 લાખ રૂપિયાનું મહેનતાણું

**ગાંધીનગર**

સરદાર પટેલ જન્મ જયંતી પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામની જાહેરાત કરી છે. રાજ્ય સરકારની વહીવટી વ્યવસ્થા, પ્રશાસન વ્યવસ્થા, જનસેવા અને જન કલ્યાણ કાર્યક્રમો, પ્રજાકીય પ્રશ્નોના સમાધાન સહિત ગુડ ગવર્નન્સ માટે યુવા શક્તિનું યોગદાન આ ફેલોશીપ દ્વારા મળતું થશે.

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામ માટે યુવાઓ પાસેથી આવેલી અરજીઓની યોગ્યતાના ધોરણે પસંદગી કરાશે. આ ફેલોશીપની સમાયાવધિ એક વર્ષની રાખવામાં આવી છે. તેમજ આ સમય દરમિયાન ફેલો યુવાઓને માસિક એક લાખ રૂપિયાનું મહેનતાણું પણ રાજ્ય સરકાર આપશે. સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામમાં IIM-અમદાવાદ એકેડેમિક પાર્ટનર તરીકે જોડાશે. IIM-અમદાવાદના ફેલોની પસંદગી અને તાલીમ સાથે સંકળાયેલી પ્રક્રિયાઓ અને કાર્યક્રમમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

રાજ્યના હોનહાર યુવાઓને એક વર્ષની આ ફેલોશીપથી રાજ્ય અને સમાજની સેવા માટે સક્રિય યોગદાન આપવાની તક ઉપલબ્ધ થશે.

# કણભામાં એક પુત્રવધુની મળનારી જમીનની લાલચે સાસુએ બીજી પુત્રવધુને વધેરી નાખી

## સાસુએ પુત્રવધુને મારીને ટાંકીમાં નાંખી અને બાદમાં પાણીની મોટર ચાલુ કરી હતી

**અમદાવાદ**

કણભામાં દીકરી મિત્તલના સાસુ વીણા ડાભી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મિત્તલને છૂટાછેડા થયા બાદ અમદાવાદના કણભા ગામના કિશન ડાભી સાથે પ્રેમ થયો હતો અને છ મહિનામાં જ બંનેએ લગ્ન કરી લીધા હતા. ત્યાર બાદ 29 ઓક્ટોબરના રોજ મિત્તલનું કરંટ લાગવાથી મોત થઈ ગયું હોવાનું તેના સાસુએ જણાવ્યું હતું. કિશન ડાભીના પહેલા લગ્ન ભાવના નામની મહિલા સાથે જ્ઞાતિના રિતિરિવાજ મુજબ થયા હતા, પરંતું બે વર્ષના લગ્નના સમય ગાળામાં જ કિશન ડાભી અને ભાવના ડાભી અલગ થઈ ગયા હતા, પણ બંનેએ છૂટાછેડા આપ્યા નહોતા. ત્યાર બાદ કિશન ડાભીએ છ માસ મિત્તલ સાથે બીજા પ્રેમ લગ્ન કરી લીધા હતા.

કિશનની માતા વીણા ડાભીને આ પ્રેમ લગ્ન પસંદ નહોતા અને પહેલી પુત્રવધુ ભાવનાના પિયરમાંથી દીકરા કિશન ડાભીને સાત વિઘા જમીન મળવાની હતી. જેથી વીણા ડાભીને જમીનની લાલચ જાગી હતી.કિશનની બીજી પત્ની મિત્તલ કરિયાવર પેટે કંઈ પણ લાવી ન હતી. આ વાત મનમાં રાખીને સાસુ વીણાએ મિત્તલની હત્યા કરી નાંખી હતી. વીણા ડાભી પહેલી પુત્રવધુ ભાવનાને પરત લાવવા માંગતા હતા અને એટલે તેમને નવી પુત્રવધુ મિત્તલ સાથે બનતું નહોતું. જેથી કાવતરું ઘડીને મિત્તલને મોતને ઘાટ ઉતારી અને બાદમાં તેને કરંટ લાગ્યો છે તેવા પુરાવા ઊભા કર્યા હતા. પોલીસે ગણતરીના દિવસોમાં મિત્તલની હત્યાનું રહસ્ય ઉકેલીને સાસુ વીણા ડાભીની ધરપકડ કરી છે.

# રાજકોટમાં બે, ઉત્તર ગુજરાતમાં ત્રણ અને સુરેન્દ્રનગરમાં એકનું હાર્ટએટેકથી મોત

**જૂનાગઢ**

રાજકોટમાં મૂળ નેપાળનો અને હાલ આજી ડેમ ચોકડી નજીક મીરા ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં કારખાનાની ઓરડીમાં રહેતો શ્રામિક ગુરુપ્રસાદ શિવકુમાર ગોડીયા કારખાનામાં હાર્ટ એટેકથી મોત થયું હતું. બીજા બનાવમાં રૂખડીયાપરામાં રેલવે ફાટક પાસે રહેતો સુરેશ મગન લોરિયાને છાતીમાં દુઃખાવો ઊપડતા સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો પરંતુ મોત નીપજ્યું હતું. અરણીવાડા ગામે એક દિવસ અગાઉ જ એક નાયી નટવરભાઈ ડાહ્યાભાઈનું હાર્ટ એટેકથી મોત થયું હતું. જેની રાખ હજુ ઠરી નથી ત્યાં તો એમના જ કુટુંબ પરિવારના આધેડ નાયી ઈશ્વરભાઈ મેવાભાઈનું સવારે વહેલા હાર્ટ એટેકથી મોત થયું હતું. જયારે કંબોઈના નાયી રમેશભાઈ નાગરભાઈને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતા હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં તેમનું મોત થયું હતું. સુરેન્દ્રનગર જિલ્લાના લખતરના મફતીયાપરામાં 30 વર્ષીય સુરેશભાઈ કાનજીભાઈ ઘુઘલીયા રહે છે. તેઓ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તા.31ના રોજ કપાસની ગાડી ભરવાની મજૂરીએ ગયા હતા. જયાંથી ઘરે પરત આવીને જમવા બેઠા હતા. જમીને ઉભા થયા બાદ તરત ઉલ્ટી થઈ અને જમીન પર ઢળી પડયા હતા.

# ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર : ગુજરાતમાં 565 કિમીનું કામ માર્ચ સુધીમાં પૂરું થશે

**વડોદરા**

કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી દિલ્હી અને મુંબઈ વચ્ચેના વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરમાં આવતા ગુજરાતના ટ્રેકની કામગીરી માર્ચ-૨૦૨૪ સુધીમાં પૂરી થઈ જાય તેવી શક્યતા છે.

માલવાહક ટ્રેનોને ધ્યાનમાં રાખીને બનાવાઈ રહેલા આ ડેડિકેટેટ ફ્રેઈટ કોરિડોર પર એક વખત ગૂડ્સ ટ્રેનો દોડતી થઈ જશે તે પછી અત્યારના રેલવે ટ્રેક પરનુ ભારણ ઓછુ થઈ જશે.અત્યારે પેસેન્જર ટ્રેનો તેમજ ગૂડ્સ ટ્રેનો એક જ ટ્રેક પર અવર જવર કરે છે. સરકારની કંપની ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા વેસ્ટર્ન કોરિડોરની કુલ ૧૫૦૬ કિલોમીટરની કામગીરી પૈકી ૧૨૭૯ કિલોમીટરની કામગીરી પૂરી કરી લીધી છે.વેસ્ટર્ન કોરિડોર મુંબઈના જવાહરલાલ નહેરુ પોર્ટ ટર્મિનલને દિલ્હી નજીકના દાદરી સુધી કનેક્ટ કરશે. વેસ્ટર્ન ફ્રેઈટ કોરિડોર પર બનેલા રેલવે ઈલેક્ટ્રિફાઈડ સેક્શન પર તાજેતરમાં ગોઠણગામથી વડોદરાના મકરપુરા સુધી ગૂડઝ ટ્રેનની ટ્રાયલ પણ લેવામાં આવી હતી. અધિકારીઓના કહેવા પ્રમાણે નવો રેલવે સેક્શન ૩૬૪૪ કરોડના ખર્ચે બન્યો છે અને તે સુરત, ભરુચ, વડોદરાની વચ્ચે ૧૧૭ કિલોમીટરની લંબાઈ ધરાવે છે.


# અમદાવાદથી ગુજરાતની પહેલી હેરિટેજ ટ્રેન શરૂ

**વડોદરા**

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદથી એકતા નગર વચ્ચે સ્ટીમ હેરિટેજ સ્પેશિયલ ટ્રેનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ નિમિત્તે પીએમ મોદીએ વિડિયો લિન્કના માધ્યમથી આ ટ્રેનને લીલી ઝંડી આપી હતી.

ટ્રેનનુ સંચાલન 5 નવેમ્બરથી શરૂ થશે. આ ટ્રેન દર રવિવારે સવારે 6-10 વાગ્યાથી અમદાવાદથી રવાના થશે અને સવારે 9-50 વાગ્યે એકતાનગર પહોંચશે. સાંજે 8-35 વાગ્યે આ ટ્રેન એક્તાનગરથી વળતી મુસાફરી કરીને મધરાતે બાર વાગ્યે અમદાવાદ પહોંચશે. ટ્રેનમાં વિસ્ટાડોમ પ્રકારના ચાર એસી કોચ જોડવામાં આવ્યા છે. જેમાંથી 3 ચેર કાર છે અને એક રેસ્ટોરન્ટ છે. ટ્રેનનુ એન્જિન તો મોટર કોચ પ્રકારનુ છે પણ તેને સ્ટીમ એન્જિન જેવો દેખાવ આપવામાં આવ્યો છે.

એક તરફની મુસાફરી માટે 885 રૂપિયા ભાડું થશે. એકતા નગર અને અમદાવાદ વચ્ચે 182 કિલોમીટરની મુસાફર દરમિયાન ટ્રેન કોઈ જગ્યાએ ઊભી નહીં રહે. ટ્રેનની એસી રેસ્ટોરન્ટમાં 28 લોકો એક સાથે બેસી શકે તેવી સુવિધા છે. અંદર સાગના લાકડાની પેનલો લગાવવામાં આવી છે. જીપીએસ આધારિત એનાઉન્સમેન્ટ સિસ્ટમ, તેજસ ટ્રેનો જેવી સામાન રાખવાની સુવિધા, ઓટોમેટિક સ્લાઈડીંગ ડોર જેવી સુવિધાઓથી આ ટ્રેનને સજ્જ કરાઈ છે.



**આ છે ખાસિયત**


1. હેરિટેજ ટ્રેનને એક ઈલેક્ટ્રિક એન્જીન દ્વારા ચલાવવામાં આવશે. તેને એ રીતે ડિઝાઇન કરાઈ છે જેનાથી લોકોને સ્ટીમ(વરાળ) એન્જિનથી ચાલનારી રેલગાડીઓની જેમ જ અનુભવ થાય
2. ત્રણ ડબ્બાઓમાં 48-48 સીટો છે અને મુસાફર 28 સીટર એસી રેસ્ટોરન્ટ ડાઈનિંગ કારમાં ડાઈનિંગ ટેબલ અને બે સીટર કુશન વાળા સોફા છે.
3. તમામ ડબ્બાઓમાં સાગના લાકડાનું ઈન્ટીરિયર છે, જેને ચેન્નઈના પેરમ્બૂર સ્થિત ઇન્ટીગ્રલ કોચ ફેક્ટ્રીમાં ડિઝાઈન કરવામાં આવ્યું છે.

# સુરતમાં ભાજપ કોર્પોરેટરના પુત્ર દ્વારા મજૂરો પર ફાયરિંગ

**સુરત**

સુરત ભાજપ વોર્ડ ૧ના કોર્પોરેટર અજિત ઈશ્વર પટેલના પુત્ર દિવ્યેશ ભેંસાણિયાએ કોન્ટ્રાકટર અલ્પેશ ભાંભોર પર ફાયરિંગ કર્યું હતું. જોકે મિસ ફાયરિંગ થતાં મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતા પાલ પોલીસની ટીમ પણ દોડતી થઈ હતી અને દિવ્યેશની ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. ફાયરિંગની ઘટના ભેંસાણ રોડ પર આવેલ નિર્માણધીન ઈશ્વર કૃપા સોસાયટીના બાંધકામ સાઈટ પર બની હતી. બાંધકામ સાઈટ પર કામ પૂર્ણ થઈ જતા લેબર કોન્ટ્રાકટર પોતાના મજૂરોને અન્ય સાઈટ પર મુકી આવ્યો હતો. જેને લઈને દિવ્યેશ અને લેબર કોન્ટ્રાકટર વચ્ચે માથાકૂટ થઈ હતી. જે બાદ દિવ્યેશ તમામ લેબરોને ઈશ્વરકૃપા સોસાયટીની બાંધકામ સાઈટ પર લઈ આવ્યો હતો. લેબર કોન્ટ્રાકટર અન્ય કોન્ટ્રાકટર હેઠળ બાંધકામ સાઈટ પર કામ કરે છે. જ્યાં બિલ્ડર પુત્ર અને લેબર કોન્ટ્રાકટર વચ્ચે થયેલ માથાકૂટ બાદ ફાયરિંગ કરાયું હતું.

# Diwali Greetings



BAPS Shri Swaminarayan Mandir, Toronto
cordially invites you, your family and friends to join us for

## diwali celebrations

**SUNDAY NOV 12 2023**

**Sharda (Chopda) Pujan**
- 11 am

**Diwali Fireworks**
- 7 pm
- Mandir darshan: 7 am - 6 pm

**MONDAY NOV 13 2023**

**Family Annakut Darshan**
- 12 pm - 7 pm
- Arti every hour

BAPS Shri Swaminarayan Mandir
61 Claireville Drive, Toronto, ON M9W 5Z7 | baps.org/toronto

Brahmaswarup
Pramukh Swami Maharaj



Pragat Brahmaswarup
Mahant Swami Maharaj

BAPS Swaminarayan Sanstha® | www.BAPS.org







સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH



Paresh Peshva
Marketing Director
SWADESH


### 22 નાગરિકોને મોતને ઘાટ ઉતારવાની ઘટનામાં ભૂતપૂર્વ લશ્કરી જવાન શંકાના ઘેરામાં


# USમાં હત્યાકાંડ: ગન કલ્ચર અને હતાશાનું પરિણામ

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

અમેરિકાના ઈતિહાસમાં ગોળીબારની ઘટનાઓ તદન સામાન્ય રીતે નોંધાતી રહી છે. આખા દેશમાં દરરોજ પાંચ-સાત ગોળીબારની ઘટનામાં લોકોના મોત નિપજે છે. મોલમાં ઘૂસીને કે મોટલમાં કે જાહેરમાં પણ કોઈ પણ વ્યક્તિ ફિલ્મી સ્ટાઈલમાં મશીનગનમાંથી ગોળીઓ છોડી દેવાય છે. ગોળીબારમાં બે-ચાર લોકો મરી જાય છે અને કેટલાકને ઈજા થાય છે. વર્ષોથી ચાલતા આ સિલસિલાને અટકાવવા માટે હજુ સુધી સરકાર કે નાગરિકોએ મનોમંથન કર્યું જ નથી. અમેરિકામાં તો મીડિયાએ પણ આવા સમાચારોની નોંધ લેવાનું બંધ કરી દીધું છે. પરંતુ થોડી મોટી ઘટના બને પછી સોશિયલ મીડિયામાં તેની ચર્ચા થતાં દેશને ખબર પડે છે કે ફરી ગનકલ્ચરને કારણે લોકોના મોત નિપજ્યા છે.

અમેરિકામાં ગત બુધવારે બનેલી આવી જ ઘટનામાં ૨૨ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા અને સંખ્યાબંધ લોકો ઘાયલ થયા હતા. યુએસના પૂર્વમાં આવેલા સ્ટેટ મેઈનના લેવિસ્ટન શહેરમાં બનેલી આ ઘટનામાં રોબર્ટ કાર્ડ નામનો ભૂતપૂર્વ લશ્કરી જવાન મુખ્ય શંકાસ્પદ છે. પોલીસને આશંકા છે કે, રોબર્ટ કાર્ડે બુધવારે મોડી સાંજે સિમેંગર બાર અને સ્પેરટાઈમ રિક્રિએશનમાં મશીનગન સાથે ઘૂસી જઈ અંધાધૂંધ ગોળીબાર કરીને આ ઘટનાને અંજામ આપ્યો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ઈમર્જન્સી એલર્ટ જાહેર કરાયું હતુ. જે બાદ પોલીસે કાર્ડને પકડવા માટે મોટું ઓપરેશન શરૂ કર્યું હતુ.

જગતજમાદાર અમેરિકાને દુનિયાનો સૌથી ધનિક અને સૌથી સલામત દેશ મનાતો રહ્યો છે. પરંતુ આ માન્યતા ધીમે ધીમે ખોટી સાબિત થવા માંડી છે. જેનું કારણ એ છે કે, અમેરિકામાં માનસિક રોગીઓની સંખ્યા વધી રહી છે. ગોળીબાર સહિતની અઘટિત ઘટનાઓ તેનો પુરાવો છે. મનોવિજ્ઞાનીઓએ પણ આ પ્રકારની ઘટના પાછળ માનસિક સંતાપને કારણભૂત માન્યો છે. અમેરિકાએ પૈસાના જોરે ભૌતિક સવલતો ઊભી કરી દીધી પણ તેના કારણે માનસિક સંતાપ પણ ભેટમાં મળ્યો છે. અમેરિકામાં એટલી બધી ભૌતિક સવલતો મળે છે કે લોકોને કશું પૂરતું લાગતું જ નથી. એટલું જ નહીં, પણ તેમાં જરાક ઓટ આવે કે તરત લોકોનું ખસવા માંડે છે. મશીનો સાથે કામ કરતા અમેરિકનો માટે માનવસહજ લાક્ષણિકતા, લાગણીઓની ઝાઝી કિંમત હોતી




નથી. સહનશીલતા જેવા ગુણો પણ કમ્પ્યુટરના ઉપયોગને કારણે આ લોકોએ ગુમાવ્યા છે.

અમેરિકામાં ગન કલ્ચરનો પ્રભાવ તો પહેલેથી જ છે. તેમાં આ માનસિક રોગો વધી રહ્યા છે, તેથી વધુને વધુ અમેરિકનો હતાશાનો ભોગ બની રહ્યા છે. આ હતાશા અમેરિકાના સમાજને સેલ્ફી ડીસ્ટ્રક્ટિવ મોડ તરફ ધકેલી રહી છે. મોટાભાગનાં લોકો ઘરોમાં કે આસપાસ ગુસ્સો કાઢીને હતાશા બહાર કાઢી દે છે. પણ કાર્ડ જેવાં લોકોની હતાશા એ હદે પ્રબળ હોય છે કે તેને દબાવી શકાતી નથી. કાર્ડે જેવાં જે પણ લોકો પાસે ગન્સ હોય છે, એટલે હતાશા બહાર કાઢવા આવા લોકો ગન્સનો સહારો લે છે. તેથી છેવટે આવા હત્યાકાંડ થાય છે.

કાર્ડ માનસિક રોગી છે એવું પોલીસનો રેકોર્ડ કહે છે. ૪૦ વર્ષના નિવૃત્ત લશ્કરી અધિકારી કાર્ડની ભૂતકાળમાં ડોમેસ્ટિક વાયોલન્સ કેસમાં ધરપકડ થઈ હતી. આ વર્ષની શરૂઆતમાં કાર્ડને માનસિક તકલીફો શરૂ થઈ ગઈ હતી. તેને ચિત્રવિચિત્ર અવાજો સંભળાતા હતા. જેના કારણે તે ગુસ્સે થઈ જતો હતો. તેને આસપાસના અવાજો પસંદ નહોતા અને તેના કારણે તે એ હદે રિએક્ટ કરતો કે સાવ પાગલની જેમ વર્તતો હતો. કાર્ડે સાકોમાં આવેલા મિલિટરી ટ્રેનિંગ કેમ્પમાં હુમલો કરવાની ધમકી આપી તે પછી તેને બે અઠવાડિયા સુધી માનસિક સ્વાસ્થ્ય સુવિધા કેન્દ્રમાં સારવાર આપવામાં આવી હતી. પરંતુ આ સારવારની તેના પર કોઈ અસર થઈ હોય એવું લાગતું નથી.

અમેરિકામાં એક વર્ગ માને છે કે, અમેરિકામાં આવા હત્યાકાંડ રોકવા હોય તો ગન કલ્ચર પર નિયંત્રણ જરૂરી છે. ગન કલ્ચરના કારણે કાર્ડ જેવા માનિસક રોગીઓને લોકોને મારવા માટે તદન સરળતાથી હથિયાર મળી રહે છે. આ હથિયાર હાથવગાં ના હોય તો કાર્ડ જેવા લોકોને પોતાની હતાશા ઠાલવવા માટે અન્ય કોઈ રસ્તો અજમાવવો પડશે.

અમેરિકાનું ગન કલ્ચર કેટલું ખતરનાક છે તેનો અંદાજ કાઢવો આમ તો મુશ્કેલ છે. ભારત જેવા દેશણાં સ્વરક્ષણ માટે હથિયાર રાખવું હોય તો તેના માટે લાયસન્સલેવું પડે છે. આ પરવાનો મેળવવા પાછળ ખર્ચ પણ થતો હોય છે. તેથી બહુ વગદાર લોકોની પાસે જ લાયસન્સ હોય છે. ભારતમાં એ રીતે સામાન્ય લોકો માટે હથિયાર રાખવું કપરું છે. જ્યારે અમેરિકામાં ઉલટી સ્થિતિ છે. અમેરિકામાં બંધારણીય રીતે જ લોકોને હથિયારો રાખવાનો અધિકાર છે. અમેરિકામાં ગમે તે વ્યક્તિ હથિયાર રાખી શકે છે. અમેરિકામાં દરેક રાજ્યમાં પોતપોતાના કાયદા છે, પરંતુ મોટા ભાગનાં રાજ્યોમાં હથિયારો રાખવાના કાયદા તદન હળવા છે. માત્ર છ રાજ્યોમાં થિયારો રાખવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. બાકીનાં રાજ્યોમાં પ્રતિબંધ નથી. એક અહેવાલ મુજબ તો દુનિયામાં સામાન્ય નાગરિકો પાસે કુલ ૮૦ કરોડ હથિયારો છે તેમાંથી અડધોઅડધ એટલે કે લગભગ ૪૦ કરોડ હથિયારો તો અમેરિકનો પાસે જ છે. અમેરિકાની વસતી ૩૫ કરોડની આસપાસ છે અને ૪૦ કરોડ હથિયારો છે. અમેરિકામાં ગન કલ્ચર સામે લોકોમાં આક્રોશ છે પણ તેને નાબૂદ કરવું શક્ય નથી. તેની સાથે અબજો રૂપિયાની ઈકોનોમી સંકળાયેલી હોવાતી બધા ગન કલ્ચરને અંકુશમાં મૂકવાની વાતો કરે છે પણ વ્યવહારુ રીતે તેનો અમલ કરવાની વાત આવે એટલે સુરસુરિયું થઈ જાય છે.


અમેરિકામાં ગન વાયોલન્સ આર્કાઈવ મુજબ માસ શૂટિંગ સહિતની અલગ અલગ ઘટનાઓમાં ૨૦૨૩ના ૧૦ મહિનામાં કુલ ૩૫,૨૭૯ લોકોનાં મોત નીપજ્યાં છે, જેમાં ૧,૧૫૭ બાળકો-સગીરોનો સમાવેશ થાય છે.

અમેરિકામાં માસ શૂટિંગની ઘટના પર નજર રાખતી વેબસાઈટ ગન વાયોલન્સ આર્કાઈવના અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૩માં માસ શૂટિંગની ૫૬૫ ઘટના અને માસ મર્ડરની ૩૧ ઘટના થઈ છે, જેમાં કુલ ૩૫,૨૭૯ લોકોનાં મોત થયા છે. આ ઘટનાઓમાં ૪૧ પોલીસ કર્મચારીઓનો ભોગ લેવાયો છે. વધુમાં બંદૂકથી આત્મહત્યા કરનારાઓની સંખ્યા ૧૯,૭૩૪ થઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ગન વાયોલન્સમાં મોટાભાગનાં મોત ટેક્સાસ, કેલિફોર્નિયા, ફ્લોરિડા, જ્યોર્જિયા, નોર્થ કેરોલિના, ઈલિનોઈ અને લુસિઆનામાં થયા છે.

અમેરિકામાં પુખ્ત વયના પ્રત્યેક પાંચ નાગરિકમાંથી એક નાગરિક એવો છે, જેના કોઈ પરિવાર સભ્યનું મોત બંદૂકથી થયું છે, જેમાં હોમીસાઈડ્સ અને આત્મહત્યાનો પણ સમાવેશ તાય છે. વધુમાં ગન વાયોલન્સ આર્કાઈવના અહેવાલ મુજબ છેલ્લા એક દાયકામાં ગન વાયોલન્સની ઘટનાઓ સતત વધતી રહી છે. વર્ષ ૨૦૧૪માં ગન વાયોલન્સની ૨૭૨ ઘટના નોંધાઈ હતી, જે વધીને ૨૦૨૩ના ૧૦ મહિનામાં ૫૬૫ થઈ છે.

હકીકતમાં અમેરિકા માટે હવે ગન કલ્ચર પર કાબૂ મેળવવાનો સમય આવી ગયો છે. લોકોને હતાશામાંથી દૂર કરવા અન્ય ઉપાયો શોધવા પડશે નહીંતર આર્થિકસંકટમાંથી પસાર થઈ રહેલા અમેરિકા માટે આવનારા દિવસોમાં પ્રજાની નબળી માનસિક સ્થિતિ પણ મોટો પડકાર બનશે.

**પૈસાના જોરે ભૌતિક સવલતો ઊભી કરનાર અમેરિકાને માનસિક સંતાપ ભેટમાં મળ્યો છે. વેબસાઈટ ગન વાયોલન્સ આર્કાઈવના અહેવાલ મુજબ 2023માં માસ શૂટિંગની 565 અને માસ મર્ડરની 31 ઘટનામાં 35,279ના મોત થયા છે, આ ઉપરાંત બંદૂકથી આત્મહત્યા કરનારાઓની સંખ્યા 19,734 નોંધાઈ છે**


"May the festival of lights bring joy, prosperity, and endless blessings."
HAPPY DIWALI
SkyRoute
TRAVEL SERVICES INC.
106 - 1200 Markham Rd,
Toronto ON, M1H 3C3
contact@skyroutetravel.com
(416) 439 - 4000 • skyroutetravel.com (Toll Free) 1 - 877 - go to sky
TICO REG. 50023235 TICO REG. 04488805
CONSUMER PROTECTION BC
tico.ca ONTARIO'S TRAVEL REGULATOR
IATA

સ્વદેશ
FRIDAY, 03 NOVEMBER, 2023



## અભિનેત્રી પ્રિટી ઝિન્ટાને માનદ ડોક્ટરેટ અપાશે

પ્રિટી ઝિન્ટાને બર્મિંગમ સિટી યુનિવર્સિટી દ્વારા માનદ ડોક્ટરેટ અપાશે. સામાજિક ઉપરાંત મનોરંજનના ક્ષેત્રમાં તેના પ્રદાનની નોંધ લઈ આ સન્માન અપાશે. પ્રિટીએ આ બહુમાન અંગે ખુશી વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યું હતું કે યુનિવર્સિટીની માનદ પદવી ખરેખર બહુ મોટું બહુમાન છે અને હું તેને મારું સૌભાગ્ય સમજું છું. ત્યાં દિવાળીનું પ્રકાશ પર્વ મનાવવા માટે હું આતુર છું. બિંધમના મેયરે કહ્યુ હતુ કે, પ્રિટી ઝિન્ટાનું સન્માન કરતાં અમને બહુ ખુશી થઇ રહી છે. તેની બોલીવૂડ પ્રત્યેની મહેનત અને તેના વ્યવસાય પ્રત્યેના યોગદાન માટે અમે તેને સમ્માનિત કરી રહ્યા છીએ.

## Devara ફિલ્મથી જહાનવી કપૂરની સાઉથમાં એન્ટ્રિ




પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ગ્લેમરસ તસવીરોથી છવાઈ રહેતી જહાનવી કપૂરનો નવો લુક ચાહકોને ખૂબ પસંદ આવી રહ્યો છે. સાઉથમાં જહાનવીની ડેબ્યૂ ફિલ્મ દેવરાની પહેલી તસવીર તેની બોલીવુડ ઈમેજ કરતા સાવ અલગ છે. જહાનવી કપૂરે જૂનિયર એનટીઆરની સાથે પોતાની પહેલી તેલુગુ ફિલ્મ દેવરામાં ગામડાની યુવતીની ભૂમિકા નિભાવી છે. પોતે જહાનવીએ સોશિયલ મીડિયા પર તસવીર પોસ્ટ કરી અને જણાવ્યુ કે ફિલ્મમાં તેમના પાત્રનું નામ થંગમ છે. ગ્રામીણ અંદાજમાં સાડી પહેરેલી જહાનવી આ તસવીરમાં હસી રહી છે. આ લુકને લઈને ચાહકોમાં ઉત્સુકતા પેદા થઈ ગઈ છે.



# મને વારસો મળ્યો નથી, પણ મારે વારસામાં ઘણું આપતા જવું છેઃ હુમા

હુમા કુરેશી પરંપરાગત હિન્દી ફિલ્મ હિરોઈન નથી. ઓડિયન્સ એની પાસેથી ટિપિકલ ભૂમિકાઓની અપેક્ષા પણ રાખતું નથી. હુમા એક ઉત્સાહી અને રમૂજી વ્યક્તિ છે જે જીવનને ભરપૂરપણે માણે છે, મસ્ત ખાય છે-પીએ છે. એ હોશિયારીપૂર્વક પોતાની ફિલ્મો પસંદ કરે છે. ભલે આ ફિલ્મો બ્લોકબસ્ટર સાબિત ન થતી હોય, પણ હુમાના અભિનયના હંમેશા વખાણ થયા છે. છેલ્લે આપણે એને 'તરલા' ફિલ્મમાં ગુજરાતણ વાનગીસમ્રાજ્ઞી તરલા દલાલના રોલમાં જોઈ. હુમા બોલિવુડ માટે એક 'આઉટસાઈડર' છે. એના માટે ફિલ્મી સફર જરાય સરળ નથી રહી. પડકારો સતત આવ્યા, પણ હુમાએ સપનાં જોવાનું છોડયું નહીં. હુમા કહે છે, 'મને ભલે ફિલ્મી વારસો મળ્યો નથી. મારો ભાઈ સકિબ સલીમ પણ બોલિવુડનો એક્ટર છે. અમે ફિલ્મી પરિવારમાંથી આવતાં નથી, પણ અમે અમારો જ ફિલ્મી પરિવાર ઊભો કરી રહ્યા છીએ. અમને કોઈએ લોન્ચ નથી કર્યા કે અમારા માટે ફિલ્મ નથી બનાવી. અમે આપબળે જ જ્યાં આજે છીએ ત્યાં પહોંચ્યાં છીએ.' એક્ટિંગનો શોખ હુમાને નાનપણથી જ હતો. 'મોનિકા, ઓ માય ડાર્લિંગ'ની આ અભિનેત્રી કહે છે, 'બાકીના તમામ વ્યવસાયોની જેમ એક્ટિંગનું કામ પણ થકવી દે એવું છે.



## શાહરૂખ ખાન સાથે કામ કરવાની 'દંગલ ગર્લ'ની ઈચ્છા


ફાતિમા સના શેખ... જે બોલીવુડમાં દંગલ ગર્લ તરીકે જાણીતી બની. આમિર ખાનની દંગલ મૂવીમાં જેણે રેસ્લર ગીતા ફોગાટની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં આમિર ખાન તેના પિતાના કિરદાર એટલેકે, મહાવીર સિંહ ફોગાટની ભૂમિકામાં જોવા મળ્યાં હતાં. આ ફિલ્મથી ફાતિમા સના શેખ ખુબ લાઈમ લાઈટમાં આવી હતી. જોકે, આ ફિલ્મ બાદ પણ આ અભિનેત્રી બીજા એક કારણસર ખુબ ચર્ચામાં આવી અને એ કારણ છે આમિર ખાન સાથે તેના સંબંધો. આમિરે પોતાની પત્ની કિરણ રાવને તલાક આપ્યાં અને હવે ફાતિમા સાથે તેનું અફેર ચાલે છે તેવી ચર્ચાઓ છે. આ ચર્ચાની વચ્ચે ફાતિમા સના શેખના એક સ્ટેટમેન્ટમાં સામે આવ્યું છેકે, તેને આમિર ખાન નહીં પણ શાહરુખ ખાન ગમે છે. તેને શાહરુખ ખાન સાથે કામ કરવામાં રસ છે.

SALE START THIS WEEKEND
DIWALI SPECIAL SALE
FROM NOVEMBER 03, FRIDAY TO NOVEMBER 10 SUNDAY.
સેલનો સમયઃ સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦
U.K. SWEATER HOUSE
હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ



ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...
યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૦૩ નવેમ્બર થી ૧૦ નવેમ્બર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.
જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે
Selected ladies ' 30-dollar cardigan on sale for 25 dollars for a limited time only.
- All new shipment of ladies cardigan in many colors and styles.
- This long weekend huge sale with great prices.
- Many other cardigan available in different prices.
- Selected cardigan Regular 40 On sale 4 for 100
- Other fancy cardigan Prices 40,45,50 to 70
Visit The Store This Weekend .
સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો
જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે
NO EXCHANGE
NO REFUND
FINAL SALE
Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18,
Brampton, Ontario (Torbram & Peter Robertson)
FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.
Tel: 905-789-8514




Happy
Dhanteras
Ashok Jewellers
"Only One Location to Serve"
(MALTON)
ધનતેરસ અને દિવાળીના શુભ અવસરે
દાગીના ખરીદવા અવશ્ય પધારો
Authorized Dealer of
RADO Watches
એકવાર પધારો, દિલ ખુશ ના થઇ જાય તો કહેજો
Only one location
in Mississauga
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
www.ashokjewelers.com
ashokjewellersofficial

# 3.30 લાખ મતદાર ઘટ્યાં, કોરોનાને કારણે વતન જનારા પરત ફર્યા નહીં

**ગાંધીનગર**

આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે એ પહેલા ગુજરાતના મતદારોમાં નોંધપાત્ર ફેરફાર નોંધાયો છે. વર્ષ 2022ની મતદારોની યાદી અને આ વર્ષે આગામી લોકસભા 2024ની ચૂંટણી માટે આકાર લઈ રહેલી યાદીના આંકડા વચ્ચે સરખામણી કરીએ તો એક વર્ષમાં 3.30 લાખ મતદારોનો ઘટાડો નોંધાયો છે. મતદારોની સંખ્યમાં સૌથી વધુ ઘટાડો સુરતમાં નોંધાયો છે, સુરતમાં લગભગ 92,000 મતદારો ઘટ્યા હત, જ્યારે અમદાવાદમાં 64,000 મતદારો ઓછા થયા છે.

વર્ષ 2022ની મતદાર યાદી મુજબ રાજ્યમાં 4.91 કરોડ મતદારો નોંધાયા હતા, જ્યારે ચલુ વર્ષની મતદાર યાદીમાં 4.88 કરોડ મતદારો નોંધાયા છે આમ 3.3 લાખ મતદારો ઓછા નોંધાયા છે. 1.82 લાખ પુરૂષ મતદારો અને 1.48 લાખ મહિલા મતદારો ઘટ્યા છે.

રસપ્રદ તારણ એ છે કે મતદારોની સંખ્યમાં સૌથી વધુ ઘટાડો સુરત, અમદાવાદ, વડોદરા અને ભાવનગરના જેવા શહેરી વિસ્તારોમાં થયો છે, આ ચાર શહેરોમાં જ 2.04 લાખ મતદારો ઘટ્યા છે. બીજી તરફ રાજ્યના આઠ જિલ્લાઓમાં મતદારોની સંખ્યામાં વધારો નોંધાયો છે. દાહોદ, બનાસકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર, ડાંગ, મહિસાગર, સાબરકાંઠા અને પાટણ જીલ્લામાં મતદારોની સંખ્યા વધી છે.એક અવલોકન મુજબ કોવિડ-19 પાનડેમિક દરમિયાન ગુજરાત છોડી પોતાના મૂળ વતન તરફ સ્થળાંતર કરી ગયેલા ઘણા લોકો પરત ફર્યા નથી.

# અમદાવાદ મનપાની 2015ની ચૂંટણીનો 15 કરોડનો હિસાબ અધિકારીઓ આપતા નથી

**અમદાવાદ**

અમદાવાદ મનપાની ઓકટોબર- ૨૦૧૫માં ચૂંટણી થઈ હતી તે સમયે ચૂંટણીપંચ દ્વારા ૧૫ અધિકારીઓ નિયુકત કરવામાં આવેલા આ અધિકારીઓને ચૂંટણી વિભાગ તરફથી રૂ. ૨૨,૪૪,૪૩,૭૬૪ની રકમ વિવિધ તબકકે આપવામાં આવી હતી પરંતુ ચુંટણી અધિકારીઓએ તેમને ફાળવવામાં આવેલ નાણાંમાંથી કુલ રૂ. ૧૫,૭૦,૩૬,૦૧૭નો કોઈપણ હિસાબ આપ્યા ન હતાં. ચૂંટણી આંચારસંહિતા તથા ખર્ચ સંબંધી નિયમો હેઠળ સંબંધિત ચુંટણી અધિકારીઓએ તેમના ખર્ચના હિસાબો ચૂંટણી પૂર્ણ થયા બાદ નિયત સમયમાં ગ્રાંટ ફાળવણી અધિકારીઓને આપવાના રહે છે. આ બાબતની ગંભીર નોંધ રાજય સરકારના લોકલ ફંડ ઓડિટ વિભાગ દ્વારા લેવામાં આવી છે તેમના અહેવાલ મુજબ ચૂંટણી અધિકારીઓએ લાંબા વિલંબ બાદ પણ ખર્ચના હિસાબો રજુ કર્યા નથી જે ખૂબ જ ગંભીર બાબત છે. આ અધિકારીઓએ કયા હેતુસર કયારે અને કઈ એજન્સીઓને કયા પ્રકારની ચુકવણી કરી છે તેના ઓડિટ થઈ શક્યા નથી. મુંબઈ હિસાબ નિયમ સંગ્રહના નિયમની જોગવાઈ અનુસાર ચૂંટણી વિભાગે સરકારની વિવિધ એજન્સીઓ પાસેથી મળતી ગ્રાંટના હિસાબો માટે નિયત નમૂનામાં રજિસ્ટર બનાવવાનું રહે છે પરંતુ ચૂંટણી અધિકારીઓએ હિસાબ આપેલ ન હોવાથી આ રજિસ્ટર તૈયાર થઈ શકયુ નથી.







10 YEARS
ANNIVERSARY
2024
દશાબ્દી મહોત્સવ
DASHABDI MAHOTSAV
|| INVITATION ||
Maninagar Shree Swaminarayan Gadi Sansthan
Shree Swaminarayan Temple - Toronto, Canada
Cordially invites you, your family and friends to celebrate
DIWALI UTSAV 2023
CHOPDA PUJAN, ANNAKUT UTSAV
Sunday, Nov 12th, 2023
9:00am to 12:30pm
Utsav Ceremony followed by Annkut
Darshan, Aarti, Ashirwad and Maha Prasad.
VENUE
Shree Swaminarayan Temple
6540 Kingston Rd, Toronto, M1C1L4
Haresh Patel
(416) 722-4070
Vipul Patel
(647) 671-8600
Dasbhai Patel
(647) 828-9579
Ved Ratna
Shree Purushottampriyadasji
Swamiji Maharaj
INSPIRATOR:
ACHARYA SHREE JITENDRIYAPRIYADASJI
SWAMIJI MAHARAJ



મોહમ્મદ શમી : ભારત તરફથી વર્લ્ડ કપમાં સૌથી વધુ ૪૫ વિકેટ લેનાર બોલર

### મોહમ્મદ શમીનો ઘાતક પંજો : શ્રીલંકા આઉટ

# ભારતનો સેમિફાઇનલમાં પ્રવેશ

**। મુંબઇ ।**

ટોચના બેટ્સમેનોએ નોંધાવેલા ઉપયોગી રન બાદ પેસ બોલર મોહમ્મદ શમીએ ઘાતક સ્પેલ નાખીને પાંચ વિકેટ ઝડપતા ભારતે શ્રીલંકાને રમતના તમામ પાસાંમાં નેસ્તનાબૂદ કરીને ઘરઆંગણે રમાતા આઇસીસી વન-ડે વર્લ્ડકપની સેમિફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો. વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ભારતે ૩૦૨ રનથી વિજય હાંસલ કર્યો હતો જે રનના માર્જિનના આધારે વર્લ્ડ કપના ઈતિહાસમાં બીજો સૌથી મોટો વિજય છે. ઓસ્ટ્રેલિયાએ વર્તમાન વર્લ્ડ કપમાં ૨૫મી ઓક્ટોબરે નેધરલેન્ડ્સ સામે ૩૦૯ રનના માર્જિનથી બિગેસ્ટ વિજય મેળવ્યો હતો. ભારતે આઠ વિકેટે ૩૫૭ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફીલ્ડિંગ કરનાર શ્રીલંકન ટીમ ૧૯.૪ ઓવરમાં ૫૫ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી. મેન ઓફ્ ધ મેચ બનેલા શમીએ ૧૮ રનમાં પાંચ, સિરાજે ૧૬ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. શ્રીલંકાની ઈનિંગમાં રાજિથાએ સર્વાધિક ૧૪ રન બનાવ્યા હતા. ભારતની ઈનિંગમાં આઠ રનથી સદી ચૂકેલા શુભમન ગિલે ૯૨ બોલમાં ૯૨, વિરાટ કોહલીએ ૯૪ બોલમાં ૮૮ તથા ઐયરે ૫૬ બોલમાં ૮૨ રન બનાવ્યા હતા. શ્રીલંકા માટે મદુશંકાએ ૮૦ રનમાં 5 વિકેટ હાંસલ કરી હતી.

## કેલેન્ડર વર્ષમાં કોહલીના વન-ડેમાં 8મી વાર હજાર રન પૂરા

**શ્રીલંકા સામેની વર્લ્ડ કપ મેચમાં વિરાટ કોહલીએ ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરના એક કેલેન્ડર વર્ષમાં સર્વાધિક વખત એક હજાર કરતાં વધારે રન બનાવવાનો રેકોર્ડ બ્રેક કર્યો હતો. સચિને સાત વખત વન-ડે ક્રિકેટમાં આ સિદ્ધિ મેળવી હતી. કોહલીએ શ્રીલંકા સામે ૫૦ પ્લસનો સ્કોર નોંધાવતી વખતે આઠમી વખત સિદ્ધિ મેળવી હતી. સચિન તેંડુલકરે ૧૯૯૪, ૧૯૯૬-૯૮, ૨૦૦૦, ૨૦03 તથા ૨૦૦૭માં એક કેલેન્ડર વર્ષમાં એક હજાર કરતાં વધારે રન બનાવ્યા હતા. કોહલીએ ૨૦૧૧થી ૨૦૧૪, ૨૦૧૭થી ૨૦૧૯ તથા ૨૦૨૩માં આ માઇલસ્ટોન હાંસલ કર્યો હતો. વર્લ્ડ કપમાં સર્વાધિક ફિફ્ટી પ્લસ સ્કોરના મામલે કોહલીએ રોહિત શર્માને પાછળ રાખી દીધો હતો. વર્લ્ડ કપમાં સર્વાધિક વખત ૫૦ પ્લસનો સ્કોર સચિનના નામે છે જેણે હાઇએસ્ટ ૨૧ વખત આ સિદ્ધિ મેળવી હતી. કોહલી બીજા ક્રમે પહોંચી ગયો છે જેણે ૧૩ વખત આ માઇલસ્ટોન પાર કર્યો છે. રોહિતે ૧૨, શ્રીલંકાના કુમાર સંગાકારાએ ૧૨, શાકિબ અલ હસને ૧૨ તથા રિકી પોન્ટિંગે ૧૧ વખત વર્લ્ડ કપમાં ૫૦ પ્લસનો સ્કોર નોંધાવ્યો હતો.**

સચિનનો રેકોર્ડ તોડયો : વર્લ્ડ કપમાં રોહિતના ફિફ્ટી પ્લસના સ્કોરનો રેકોર્ડ પણ બ્રેક કર્યો



### એક જ વર્લ્ડ કપમાં ચોથી અને ઓવરઓલ ૨૧મી સદી સાથે ડી કોકે ત્રણ રેકોર્ડ સર્જ્યા

સાઉથ આફ્રિકન વિકેટકીપર ક્વિન્ટન ડી કોકનું વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન જારી રહ્યું છે અને તેણે ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં પણ સદી ફટકારી દીધી હતી. ઓપનર તરીકે ડી કોકે ૧૧૬ બોલમાં ૧૧૪ રનની ઇનિંગ રમી હતી. વર્તમાન વર્લ્ડ કપમાં આ તેની ચોથી સદી અને કારકિર્દીની ૨૧મી સદી છે. ડી કોક એક જ વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકા માટે સર્વાધિક રન નોંધાવનાર બેટ્સમેન બની ગયો છે. તે અત્યાર સુધી ૫૪૫ રન બનાવી ચૂક્યો છે.

### સાઉથ આફ્રિકાએ ૨૪ વર્ષ બાદ વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડને હરાવ્યું, સેમિફઇનલના આરે

રાસી વાન ડેર ડુસૈનના ૧33 તથા ડી કોકના ૧૧૪ રનની ઇનિંગ બાદ કેશવ મહારાજે ઝડપેલી ચાર વિકેટની મદદથી સાઉથ આફ્રિકાએ વર્લ્ડ કપની ૩૨મી મેચમાં ન્યૂઝીલેન્ડને ૧૯૦ રનથી પરાજય આપીને સેમિફઇનલમાં સ્થાન લગભગ નિૃતિ કરી લીધું હતું. સાઉથ આફ્રિકાના ચાર વિકેટે ૩૫૭ રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફીલ્ડિંગ કરનાર ન્યૂઝીલેન્ડની ટીમ ૩૫.૩ ઓવરમાં ૧૬૭ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી.

### મુંબઈના વાનખેડેમાં સચિન તેંડુલકરના સ્ટેચ્યૂનું અનાવરણ કરવામાં આવ્યું

મુંબઇ : શ્રાીલંકા સામે ગુરુવારે રમાનારી મેચ પહેલાં બુધવારે મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતે મહાન ક્રિકેટર સચિન તેંડુલકરની ભવ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીસીસીઆઇ સેક્રેટરી જય શાહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, બોર્ડના ઉપપ્રમુખ રાજીવ શુક્લા સહિત અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. સચિનની ૧૪ ફૂટ ઊંચી પ્રતિમા લોફ્ટેડ ડ્રાઇવ શોટ્ ઉપર છે.

### શાહિન આફ્રિકી વન-ડેમાં ફસ્ટેસ્ટ ૧૦૦ વિકેટ પૂરી કરનાર પેસ બોલર બન્યો

બાંગ્લાદેશ સામેની વર્લ્ડ કપ મેચમાં પાકિસ્તાનના ડાબોડી પેસ બોલર શાહિન શાહ આફ્રિદીએ રેકોર્ડ નોંધાવ્યો હતો. તેણે બાંગ્લાદેશના ઓપનર તાનજિદ હસનને આઉટ કરીને વન-ડે ક્રિકેટમાં ફસ્ટેસ્ટ ૧૦૦ વિકેટ પૂરી કરનાર પ્રથમ પેસ બોલર તરીકેની સિદ્ધિ હાંસલ કરી હતી. તેણે ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કનો રૈકોર્ડ તોડયો હતો. શાહિને ૫૧ મેચમાં તથા સ્ટાર્કે બાવન વન-ડે મેચમાં આ આંકડો પાર કર્યો હતો. વર્તમાન વર્લ્ડ કપમાં વિકેટ ઝડપવાના મામલે શાહિન પાંચમા ક્રમાંકે છે.


### પાક. ચોથી વખત ૧૦૦ પ્લસ બોલ બાકી રાખીને જીત્યું, સેમિફઇનલની આશા જીવંત

પેસ બોલર શાહિન આફ્રિદી અને મોહમ્મદ વસિમે ઝડપેલી ત્રણ-ત્રણ વિકેટ બાદ મેન ઓફ્ ધ મેચ બનેલા ફખર ઝમાન તથા અબ્દુલ્લાહ શફિકની અડધી સદી વડે પાકિસ્તાને ઇડન ગાર્ડન્સ ખાતે રમાયેલી વર્લ્ડ કપની ૩૧મી મેચમાં બાંગ્લાદેશને સાત વિકેટે હરાવીને સેમિફઇનલની આશાને જીવંત રાખી છે. જોકે પાકિસ્તાને તેની બાકીની ત્રણેય મેચ જીતવા ઉપરાંત અન્ય ટીમોના કેટલાક પરિણામો પોતાની તરફેણમાં આવે તેવી આશા રાખવી પડશે.

# નોવાક જોકોવિચનું વિજયી પુનરાગમન, મેડવેડેવ હાર્યો

**પેરિસ**

સર્બિયન સ્ટાર નોવાક જોકોવિચે પેરિસ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટમાં થોમસ માર્ટિન એચેવેરીને ૬-૩, ૬-૨થી હરાવીને વિક્રમી આઠમી વખત વર્ષના અંતે ટોચના ક્રમાંકિત ખેલાડી બનવા તરફ્ આગેકૂચ કરી હતી. જોકોવિચ સપ્ટેમ્બરના મધ્ય ભાગમાં સર્બિયા માટે ડેવિસ કપ રમ્યા બાદ પ્રથમ વખત સિંગલ્સનો મુકાબલો રમ્યો હતો. પેરિસ માસ્ટર્સમાં છ વખત ચેમ્પિયન બની ચૂકેલા જોકોવિચે રેન્કિંગમાં બીજા ક્રમે રહેલા કાર્લોસ અલ્કારાઝ સામે પોતાના પોઈન્ટની લીડ વધારે મજબૂત કરી હતી. અલ્કારાઝનો ક્વોલિફયર રોમન સફ્ઉિલિન સામે પરાજય થયો હતો. રશિયાના ડેનિલ મેડવેડેવનો પણ બીજા રાઉન્ડમાં ગ્રિગોર ડિમિટ્રોવ સામે ૬-૩, ૬-૭, ૭-૬થી પરાજય થયો



હતો. જોકોવિચ વિક્રમી સાત વખત વર્ષના અંતમાં નંબર-૧ ખેલાડી રહ્યો છે જે પેસ સામ્પ્રસના રેકોર્ડથી એક વર્ષ વધારે છે. વિમેન્સ ટેનિસમાં સ્ટેફ્ી ગ્રાફ્ આઠ વખત વર્ષના અંતે નંબર-૧ ખેલાડી રહી હતી. મેન્સ સિંગલ્સમાં પરાજયનો સામનો કરનાર ટોમી પોલ અને કાસ્પર રુડ એટીપી ફઇનલ્સ માટે ક્વોલિફય કરી શકશે નહીં. ૧૨મા ક્રમાંકિત પોલનો ક્વોલિફયર બોટિક વાન ડી જેન્ડસ્ચુલ્પ સામે ૪-૬, ૬-૨, ૩-૬થી પરાજય થયો હતો.

# લિયોનેલ મેસ્સીએ વિક્રમી આઠમી વખત બેલોન ડી'ઓર એવોર્ડ જીત્યો

**પેરિસ**

આર્જેન્ટિનાના વર્લ્ડ કપ વિજેતા સુકાની તથા સ્ટાર ફૂટબોલર લાયોનલ મેસ્સીએ વિક્રમી આઠમી વખત બેલોન ડી'ઓર એવોર્ડ જીત્યો છે. એવોર્ડની રેસમાં મેસ્સીએ માન્ચેસ્ટર સિટીના સ્ટ્રાઇકર ઈર્લિગ હાલેન્ડને પાછળ રાખી દીધો હતો. મેસ્સીના નેતૃત્વમાં આર્જેન્ટિનાએ ૨૦૨૨માં કતાર ખાતે રમાયેલા ફ્ફિ વર્લ્ડ કપને જીત્યો હતો. આ ટૂર્નામેન્ટમાં મેસ્સીએ સાત ગોલ કરવા ઉપરાંત સાથી ખેલાડીઓને ગોલ કરવા માટે ત્રણ વખત આસિસ્ટ કર્યું હતું. તેણે ગોલ્ડન બોલનો એવોર્ડ પણ જીત્યો હતો. મેસ્સી આ પહેલાં ૨૦૦૯થી ૨૦૧૨ સુધી સતત ચાર વર્ષ, ૨૦૧૫, ૨૦૧૯ તથા ૨૦૨૧માં બેલોન ડી'ઓર એવોર્ડ જીતી ચૂક્યો છે. માન્ચેસ્ટર યુનાઈટેડના ભૂતપૂર્વ ખેલાડી તથા ઈન્ટર માયામીના કો-ઓનર ડેવિડ બેકહામે પેરિસમાં મેસ્સીને એવોર્ડથી સન્માનિત કર્યો હતો. મેસ્સી હવે તેના પરંપરાગત હરીફ્ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો કરતાં ત્રણ ટ્રોફ્ી વધારે મેળવી છે. રોનાલ્ડોએ છેલ્લે ૨૦૧૭માં આ પ્રતિષ્ઠિત એવોર્ડ જીત્યો હતો. મેસ્સી પહેલાં કોઈ પણ વર્તમાન એમએલએસ ખેલાડીએ આ એવોર્ડ જીત્યો નહોતો. ઘણા ભૂતપૂર્વ એવોર્ડ વિજેતાઓએ અમેરિકામાં પોતાની કારકિર્દી પૂરી કરી હતી પરંતુ મેસ્સી




લીગમાં એક્ટિવ પ્લેયર તરીકે એવોર્ડ જીતનાર પ્રથમ ખેલાડી છે. મેસ્સીની આર્જેન્ટિના ટીમના સાથી એમિલિયાનો માર્ટિનેઝને બેસ્ટ ગોલકીપર તરીકે યશિન ટ્રોફ્ી આપવામાં આવી હતી. ઈંગ્લેન્ડ તથા રિયલ મેડ્રિડના મિડફ્લ્ડિર જૂડ બેલિંગહામને ૨૧ વર્ષથી ઓછી વયના બેસ્ટ વર્લ્ડ પ્લેયર તરીકે કોપા ટ્રોફ્ીનું સન્માન અપાયું હતું. બાર્સેલોના તથા સ્પેનની મિડફ્લ્ડિર ઐતાના બોનમાતીને વિમેન્સ કેટેગરીનો બેલોન ડી'ઓર એવોર્ડ અપાયો હતો. આ પહેલાં વિમેન્સ કેટેગરીમાં એલેક્સિયા પુતેલાસે સતત બે વર્ષ ૨૦૨૧ તથા ૨૦૨૨માં આ એવોર્ડ હાંસલ કર્યો હતો.

# ફેવરિટ બોયફ્રેન્ડ ટી શર્ટથી ડિફરન્ટ રીતે કરો સ્ટાઈલ







બોયફ્રેન્ડ જે ટી શર્ટ પહેરે છે, ઘણી વખત એ ટી શર્ટને પહેરવાનું મન થાય છે. બોયફ્રેન્ડનું હોય કે હસબન્ડનું એમનું ટી શર્ટ પહેર્યા બાદ યુવતીઓને જાણે શાંતિની અનુભૂતિ થતી હોય છે. બોયફ્રેન્ડ ટી શર્ટ પહેરીને જાણે બોયફ્રેન્ડનો પ્રેમ મળી રહ્યો હોય એવો અહેસાસ થાય છે તેથી ઘણી યુવતીઓ બોયફ્રેન્ડ ટીશર્ટને પોતાના વૉર્ડરોબમાં મૂકી રાખે છે, પરંતુ જ્યારે તેને પહેરે ત્યારે ટી શર્ટની સાઈઝ વધારે મોટી છે એવું યુવતીઓ મહેસૂસ કરતી હોય છે. આવું ન થાય અને તમે બોયફ્રેન્ડ ટી શર્ટને આરામથી કૅરી કરી શકો એવી ટિપ્સ અંગે આજે આપણે વાત કરીશું.

## લેગિંગ્સ સાથે પહેરો

સાંભળવામાં થોડું અજુગતું લાગે પણ લેગિંગ્સ સાથે બોયફ્રેન્ડ ટી શર્ટ પહેરવાની સલાહ આપવામાં આવે છે. આપણે મોટાભાગે કુરતીની સાથે જ લેગિંગ્સ પહેરવાનું પસંદ કરીએ છીએ, પરંતુ બોયફ્રેન્ડ ટી શર્ટને લેગિંગ્સની સાથે પહેરી લો છો તો સ્ટાઈલિશ લુક મળશે. એક વખત બોયફ્રેન્ડ ટી શર્ટને લેગિંગ્સ સાથે કૅરી કરીને જોશો તો તમને ખ્યાલ આવશે કે આજે જે ફેશન ટ્રેન્ડ ચાલી રહ્યો છે એ મુજબ આ સ્ટાઈલ તમારા માટે પરફેક્ટ છે.

## બેલ્ટની સાથે પહેરો

બોયફ્રેન્ડ ટી શર્ટ પહેરવાની અન્ય એક રીત છે, તમે તેને જિન્સની સાથે પહેરી શકો છો. ટી શર્ટની ઉપર તમારે બેલ્ટ બાંધવાનો છે. એનાથી આ ટી શર્ટ તમને ઢીલું નહીં લાગે. એનાથી તમને બિલકુલ સ્ટાઈલિશ અને મૉડર્ન લુક મળશે. ટી શર્ટની સાઈઝ જો થોડી મોટી પડી રહી છે તો તમે એને ટી શર્ટની સાથે પહેરી શકો છો. આ પણ તમને એકદમ ડિફરન્ટ લુક આપશે.

## નોટ બાંધીને પહેરો

નોટ બાંધીને બોયફ્રેન્ડ ટી શર્ટ પહેરવાનું ચલણ છેલ્લા થોડા સમયથી જોવા મળી રહ્યું છે. અનેક એક્ટ્રેસ ફિલ્મોમાં અને રિયલ લાઈફમાં પણ આ જોવા મળે છે. તેને એક વખત ટ્રાય કરવું જોઈએ. બોયફ્રેન્ડ ટી શર્ટને જિન્સની સાથે પણ પહેરી શકો અને સ્કર્ટ સાથે પણ. તેને પહેરતી વખતે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે ટી શર્ટને કમરની ઉપર નોટ બાંધીને પહેરવું જોઈએ. નોટ બાંધ્યા બાદ બોયફ્રેન્ડ ટીશર્ટ બિલકુલ પરફેક્ટ દેખાશે. એનાથી તમને ટ્રેન્ડી લુક પણ મળશે.

## ટક ઈન કરો

ટીશર્ટને તમે પહેરવા ઈચ્છો છો તો તેને સ્કર્ટની સાથે ટક ઈન કરીને પહેરો. તમે જિન્સની સાથે તેને હાફ ટક ઈન કરી લો. એનાથી તમને બે ફાયદા થશે. એક તો એનાથી તમને સ્લિમ લુક મળશે, બીજું તમે એકદમ સ્ટાઈલિશ દેખાશો. સૌથી સારી વાત એ છે કે આ ટીશર્ટને તમારા ઓફિસ વેરમાં પણ સામેલ કરી શકો છો.

**ટી શર્ટને લેગિંગ્સ સાથે પહેરવાથી મળશે આકર્ષક લુક**

# વાળને સિલ્કી અને સ્ટ્રોંગ બનાવે પ્રોટીન માસ્ક


આપણાં વાળ પ્રોટીનમાંથી બનેલા હોય છે. તેથી એ જ્યારે નબળા અને ડેમેજ થાય છે ત્યારે મોટાભાગે પ્રોટીનની ઊણપને કારણે થાય છે. આવા સમયે પ્રોટીન બેઝ્ડ હેર માસ્કનો ઉપયોગ કરવાથી વાળને પોષણ અને ભીનાશ આપવામાં મદદ કરે છે. નેચરલ ઈન્ગ્રેડિએન્ટ્સથી પણ પ્રોટીન માસ્ક બનાવી શકાય છે.

## ઍવાકાડો અને મેયોનીઝ

એક પાક્કા ઍવાકાડોને છોલી અને સમારી એક બાઉલમાં મૂકો. તેને ક્રશ કરવા ફોર્કનો ઉપયોગ કરો. તે સ્મૂધ અને ક્રીમ જેવી કન્સિસ્ટન્સી ન થાય ત્યાં સુધી તેને મેશ કરો. ઍવાકાડો વાળને સોફ્ટ અને રિવાઈટલાઈઝ કરવામાં મદદ કરે છે. ઍવાકાડો મેશ કર્યા બાદ બાઉલમાં બે ચમચી મેયોનીઝ મિક્સ કરો. મેયોનીઝ વાળને મજબૂતી આપવાની સાથે ઓઈલ અને ચમક વધારે છે. ઘટ્ટ પેસ્ટને આંગળીઓથી સ્કૅલ્પમાં મસાજ કરો, પછી આખા વાળમાં લગાવો. ત્રીસ મિનિટ સુધી વાળમાં લગાવી રાખો. સાદા પાણીથી હેર વૉશ કરી લો. હેલ્ધી મોઈશ્ચરાઈઝર લૉક કરવા નોર્મલ શેમ્પૂ અને કન્ડિશનરથી ધોઈ લો.

## કેળું, મધ અને નારિયેળ તેલ

બે પાક્કાં કેળાં લો, તેને કાપીને બ્લેન્ડરની મદદથી મેશ કરી લો. પછી એમાં બે ચમચી મધ અને એક ચમચી નારિયેળ તેલને એડ કરી ફરી બ્લેન્ડરથી મેશ કરો. માસ્કને બ્લેન્ડ કરવામાં લિક્વિડની જરૂર લાગે તો એકથી બે ચમચી પાણી એડ કરી શકો છો. માસ્ક તૈયાર થઈ જાય પછી તેને આખા વાળમાં લગાવી દો. બધા વાળ કવર થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખો. પછી શાવર કેપથી કવર કરી દો. વાળને કવર કર્યા હશે તો જ હેરમાં ફાયદો જોવા મળશે. અડધો કલાક પેકને વાળમાં લગાવી રાખ્યા બાદ નવશેકા



ગરમ પાણીથી હેર વોશ કરી દો. પછી નોર્મલ કન્ડિશનર યૂઝ કરો.

## જિલેટિન માસ્ક

એક પૅનમાં એક કપ પાણી લો. પાણીની ઉપર એક ચમચી જિલેટિન ભભરાવી દો. જિલેટિનમાં કેરેટિન પ્રોટીન હોય છે, જે વાળને મજબૂતાઈ આપે છે. તમારા વાળને એક્સ્ટ્રા નમીની જરૂર લાગતી હોય તો પાણીને બદલે નારિયેળના દૂધનો ઉપયોગ કરી શકો છો. પાણીને બદલે હર્બલ ટી પણ યૂઝ કરી શકાય. તે ચમક વધારવાનું કામ કરશે. મધ્યમ આંચ પર રાખીને પાંચથી સાત મિનિટ સુધી ગરમ કરો. વચ્ચે વચ્ચે મિશ્રણને હલાવતા રહો. થઈ જાય એટલે ગેસ ઉપરથી નીચે ઉતાર્યા બાદ તેને ઠંડું પડવા દો. પછી એમાં એક નાની ચમચી એપલ સાઈડર વિનેગર અને એક નાની ચમચી મધ મિક્સ કરો. વિનેગર અને મધની સાથે ઓલિવ, નારિયેળ, બદામ એડ કરી શકો છો. મિશ્રણને બરાબર મિક્સ કરીને સ્કૅલ્પ અને આખા વાળમાં લગાવી દો, પછી હેર કવર કરી લો. માસ્કને ત્રીસ મિનિટ લગાવી રાખો. પછી સાદા પાણીથી વાળ ધોઈને કન્ડિશનરનો ઉપયોગ કરો.

# વાળ ખરવા પાછળ હોર્મોનલ કારણ પણ જવાબદાર હોય છે


આજની આધુનિક ડિજિટલ લાઈફમાં દરેક વ્યક્તિ પોતાની કરિયર અને જોબવર્ક માટે સમય કાઢી લે છે, પરતું જો કાંઈ રહી જતું હોય તો તે છે આપણું સ્વાસ્થ્ય. ખાસ કરીને મહિલાઓમાં વર્ક અને હોમ બેલેન્સના કારણે ત્વચા અને ખરતા વાળની સમસ્યાઓ OPDમાં સૌથી વધુ જોવા મળે છે.

સામાન્ય ભાષામાં સમજીએ તો વાળ એ ત્વચાના સૌથી બાહ્ય પડમાં આવેલા હેર ફોલિકલમાથી ઉત્પન્ન થાય છે. તેના 3 તબક્કા હોય છે. 1. વિકાસ, 2. અટકાયત, 3. નાશ. આ ત્રણેય તબક્કા એક પછી એક ચોક્કસ સમય સુધી ચાલુ રહે છે, પરંતુ કોઈ કારણસર આ પ્રક્રિયામાં સંતુલન ડિસ્ટર્બ થવાથી નવા વાળ ઊગવા અને વિકાસ થવાના સ્ટેજ કરતાં નાશનું પ્રમાણ વધે ત્યારે એક્યૂયુઅલ હેરફોલની શરૂઆત થાય છે.

દરેક વ્યક્તિમાં રોજ 60થી 70 જેટલા વાળનું ખરવું સામાન્ય છે, પરંતુ જો તેની માત્રા વધી જાય ત્યારે વિશિષ્ટ સંભાળ અને સાવચેતી લેવી જોઈએ.

## વાળ ખરવાનાં કારણો કયાં છે?

- આનુવંશિક/ પુરુષોમાં મુખ્ય કારણ એન્ડ્રોજેનિક એલોપેશિયા
- લોહતત્ત્વ, પ્રોટીન, બાયોટીન અને પોષકતત્ત્વોની ઊણપ.
- મેડિકલ કન્ડિશન્સ જેમ કે, હાઈપોથાઈરોડિઝમ, ખોડો, ઉંદરી (એલોપેશિયા Aereta), સ્કેલ્પ, સોરાયસીસ, ડર્મેટાઈટીસ
- કોઈ મેજર ઓપરેશન, ટાઈફોઈડ, કિમોથેરાપી અને દવાઓની સાઈડ ઈફેક્ટસ



મહિલાઓમાં પ્રેગ્નન્સી, મેનોપોઝ કે પ્રસૂતિ બાદ થતાં હોર્મોન્સ ડિસ્ટર્બન્સીસ, કોસ્મેટિક પ્રોસિજર, હેર કલરિંગ, સ્ટ્રેટનિંગ વગેરે.

મહિલાઓમાં થાઈરોઈડ, આર્યન, પ્રોટીન અને પોષકતત્ત્વોની ઊણપ, ખોડો, કોસ્મેટિક સંશોધનનો ઉપયોગ, હેર કલર, સ્ટ્રેટનિંગ, હેરસ્ટાઈલિંગ માટે કેમિકલ્સનો ઉપયોગ માનસિક તણાવ અને પ્રસૂતિ બાદ હેરફોલના સૌથી વધુ કિસ્સા જોવા મળે છે.

ખરતા વાળની ટ્રીટમેન્ટ શરૂ કરતાં પહેલાં દર્દીનો ડીટેઈલ હિસ્ટ્રી, મેડિકલ બ્લડ ટેસ્ટ પછી કારણ શોધવું જરૂરી છે. બજારમાં મળતી OTC Products અને એડવર્ટાઈઝમેન્ટથી વેચાતાં હેર ઓઈલ, શેમ્પૂ, સિરમ કે અન્ય કોસ્મેટિક તથા હોમરેમેડી અને ઘરેલુ નુસખા પરિસ્થિતિને વધુ વણસી શકે છે.

# મોક્ષ માર્ગનું પ્રથમ સોપાન 'રમા એકાદશી'



રમા એકાદશીની કથા મહાભારત સાથે સંકળાયેલી છે. ભગવાન શ્રીકૃષ્ણ યુધિષ્ઠરને કહે છે, 'હે રાજન! રમા એટલે સ્ત્રી', 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતા.' નારી તું નારાયણી. જેની એક આંખમાં વિશ્વને ભસ્મીભૂત કરવાની શક્તિ ને બીજી આંખમાં વિશ્વનું સર્જન કરવાની શક્તિ છે તેનું નામ સ્ત્રી. સ્ત્રીની સર્વોત્તમ પરિભાષા છે સ્નેહ, સમર્પણ અને સહનશીલતા. સ્ત્રી એટલે ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાત્ મૂર્તિ, સ્ત્રી થકી જ પુરુષની અવનતિ કે ઉન્નતિ સર્જાય છે. સ્ત્રીની સાચી શોભા અલંકારમાં નહીં, સદ્ગુણોમાં છે. સ્ત્રીની અંતરંગ ધારાનો સહજ સ્વર છે સમર્પણ, પ્રતીક્ષા અને પ્રીતિ. આ ત્રણેયના સંગમથી સ્ત્રી તીર્થ બને છે. સ્ત્રીની વ્યવસ્થાશક્તિ, દીર્ઘદૃષ્ટિ, ઉત્સાહ, આવડત અને કરકસર પર આદર્શ ગૃહનું નિર્માણ થાય છે, માટે કહ્યું છે કે, 'ગૃહિણી ગૃહં ઉચ્યેત' સ્ત્રી વગર ગૃહસ્થાશ્રમ અધૂરો જ રહે છે. સ્ત્રી સંસારની શોભા છે.

સુંદર અને સુશીલ નારી સર્જનહારની સૃષ્ટિની સર્વોત્તમ કૃતિ છે. સ્ત્રી એ આ અવની પરનું જીવતું કાવ્ય છે. સ્ત્રીનું સમગ્ર અસ્તિત્વ જ પ્રેમ છે. સ્ત્રીની જિંદગીમાંથી પ્રેમ લઈ લેવામાં આવે તો પછી કશું જ બાકી રહેતું નથી. વર્ષો પૂર્વે મુચુકુંદ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ઈન્દ્રનો પરમ મિત્ર હતો. આ વિષ્ણુભક્ત કુબેર, યમ, વિભીષણ વગેરેનો પણ મિત્ર હતો. તેની પુત્રી ચંદ્રભાગા રાજકુમાર શોભનને પરણી હતી. એક વખત શોભન શ્વસૂરગૃહે આવ્યો. રાજાએ સૌને ઢોલ પિટાવીને આસો વદ દસમના દિવસે આદેશ આપ્યો હતો કે એકાદશીનું વ્રત દરેકે કરવું.

શોભને પણ ઉપવાસ કર્યો, પરંતુ ભૂખ-તરસને લીધે તેનું મૃત્યુ થયું. આથી ચંદ્રભાગા સતી થવા તૈયાર થઈ, પરંતુ પિતાએ તેમ કરવાની ના કહી. આ વ્રતના પ્રભાવથી શોભન મૃત્યુ બાદ મંદરાચળ પર્વત પર દેવનગરીમાં રહેવા લાગ્યો. તેનો વૈભવ ઈન્દ્રના જેવો જ હતો. દેવાંગનાઓ તેની સેવામાં તત્પર રહેતી.

મુનિવર્યની સલાહથી ચંદ્રભાગાએ આ એકાદશીનું વ્રત પ્રેમપૂર્વક કર્યું હતું. વ્રતના પ્રભાવથી તેને દૈવી સુખ પ્રાપ્ત થયું હતું અને દિવ્ય દેહે શોભનનું સાંનિધ્ય પ્રાપ્ત થયું હતું. કહેવાનું તાત્પર્ય એ છે કે, રમા એકાદશીની કથા ચિંતામણીતુલ્ય છે. જે લોકો આ કથાનું શ્રવણ-પઠન કરે છે તે સર્વ પાપોથી મુક્ત થઈ વૈકુંઠને પામે છે. આ ઉત્તમ વ્રતની ફલશ્રુતિ ઘણી મોટી છે.

રમા એટલે સ્ત્રી, એટલે કે પોતાની પત્નીના કહેવાથી આસો વદ એકાદશીનું વ્રત મુચુકુંદ રાજાએ વિધિપૂર્વક કર્યું હતું અને આ રાજા તથા તેમની રાણી બંને આ લોકમાં સર્વ પ્રકારનાં સુખ ભોગવી વિષ્ણુલોકમાં રમમાણ કરવા ગયાં હતાં, એટલે આ એકાદશીનું નામ રમા એકાદશી પડ્યું. આ કથા મહાપાપનાશક કહેવાય છે. કામધેનુતુલ્ય આ રમા એકાદશીનો મહિમા પાવનકારી છે.

## વ્રતથી અપાર ધન પ્રાપ્ત થયું

શોભને ચંદ્રભાગાની વાત ન સાંભળી અને રમા એકાદશીનું વ્રત કરવાનું નક્કી કર્યું. સવાર સુધીમાં શોભને જીવ ગુમાવ્યો હતો. પતિના મૃત્યુ પછી ચંદ્રભાગા પિતા સાથે રહીને પૂજા અને ઉપવાસ કરતી હતી. બીજી તરફ એકાદશી વ્રતની અસરથી શોભનને આગલા જન્મમાં દેવપુર શહેરનું રાજ્ય મળ્યું જ્યાં ધન અને ઐશ્વર્યની કોઈ કમી નહોતી. એકવાર રાજા મુચુકુંદના નગરના બ્રાહ્મણ સોમ શર્મા દેવપુર નજીકથી પસાર થતા હોય છે ત્યારે તેઓ શોભનને ઓળખી જાય છે. બ્રાહ્મણ પૂછે છે કે શોભનને આટલી બધી ઐશ્વર્ય કેવી રીતે મળી? ત્યારે શોભન તેમને જણાવે છે કે આ બધું રમા એકાદશીનું પરિણામ છે

## ઉપવાસ કરનારને લાભ મળશે

- રમા એકાદશી દિવાળી પહેલા આવે છે, તેથી આ વ્રતનું વિશેષ મહત્વ છે. આ વર્ષે રમા એકાદશી પર અનેક શુભ સંયોગો બની રહ્યા છે, જે ઉપવાસ કરનારને આર્થિક લાભ આપશે.
- વિષ્ણુ પુરાણ અનુસાર કારતક મહિનાના કૃષ્ણ પક્ષની એકાદશી પર રમા એકાદશી આવે છે. સામાન્ય રીતે તે દિવાળીના ચાર દિવસ પહેલા પડે છે. આ વ્રત કરવાની સાથે ભગવાન લક્ષ્મીના પતિ રામ એટલે કે ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે.
- પુરાણો અનુસાર રમા એકાદશીના ઉપવાસથી કામધેનુ ગાયને ઘરમાં રાખવા જેવું જ ફળ મળે છે. આ વ્રત રાખવાથી સમૃદ્ધિ વધે છે. આ વ્રત કરવાથી દેવી લક્ષ્મી પ્રસન્ન થાય છે. આ વર્ષે રમા એકાદશી પર શુભ યોગનો સંયોગ થઇ રહ્યો છે,
- આ દિવસે તુલા રાશિમાં આ દિવસે સૂર્ય અને મંગળ પણ તુલા રાશિમાં સાથે રહેશે. સૂર્ય-મંગળનો સંયોગ ધરાવનાર વ્યક્તિ પોતાના જીવનમાં મોટી સફળતા પ્રાપ્ત કરવા માટે મક્કમ હોય છે.
- આ સાથે રમા એકાદશી પર ગોવત્સ દ્વાદશીનો સંયોગ પણ છે. આમાં ગાયની પૂજા કરવામાં આવે છે, તેને બચ બારસ પણ કહેવામાં આવે છે. ગાયની પૂજા કરવાથી માતા લક્ષ્મી ખૂબ જ પ્રસન્ન થાય છે.

## રમા એકાદશીના દિવસે શું કરશો

- રમા એકાદશીના દિવસે ઘરમાં ગંગાજળનો છંટકાવ કરો અને લક્ષ્મી-નારાયણની પૂજા કરો.
- ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીને મખાનાની ખીર અર્પણ કરો, તેમાં તુલસીના પાન અવશ્ય નાખો.
- રમા એકાદશીના દિવસે એકાક્ષી નાળિયેર ઘરે લાવીને તેની પૂજા કરવી ખૂબ જ શુભ છે. એવું માનવામાં આવે છે કે, આ ઉપાયથી દેવી લક્ષ્મીજી ઘરમાં વાસ કરે છે.

# સરસ્વતીને પ્રસન્ન કરવાનો અવસર વાક્બારસ



વાણી ઉપર પ્રભુત્વ મેળવવા, વાણી શુદ્ધ કરવા, શબ્દજ્ઞાન મેળવવા વાક્ બારસે સરસ્વતીની વિશેષ પૂજા કરવાનું માહાત્મ્ય છે વર્ષભરના અનેક તહેવારોમાં દીપાવલી એ પર્વરાજ ગણાય છે. હિંદુ માન્યતા મુજબ કોઈ પ્રાંતમાં પાંચ દિવસનું પર્વ મનાવે છે. જેમ કે આસો વદ-13થી કારતક સુદ બીજ સુધી. તો કોઈ પ્રાંતમાં સાત દિવસનું પર્વ મનાવાય છે. આસો વદ એકાદશીથી કારતક સુદ બીજ સુધીનું. સાત દિવસના પર્વમાં આસો વદ એકાદશી એટલે રમા એકાદશી. આસો વદ 12 એટલે વાક્બારસ (અપભ્રંશ થઈને તે હવે વાઘ બારસ તરીકે ઓળખાય છે), ધનતેરસ, દીપાવલી, નૂતન વર્ષ અને ભાઈબીજ એમ સાત દિવસના પર્વનું માહાત્મ્ય ખૂબ સરસ રીતે પુરાણોમાં આલેખાયું છે. આસો વદ બારસ સામાન્ય રીતે વાઘ બારસના નામથી ઓળખાય છે. જેને વાક્બારસ અને વસુબારસ પણ કહેવાય છે. આ વર્ષે 9 નવેમ્બરે વાકબારસ છે.

## વાક્બારસનું મહત્ત્વ

સામાન્ય સંજોગોમાં લોકો આ તહેવારને વાઘ બારસ કહે છે. વાઘ બારસ નામ હોય તો પણ યથાર્થ છે. વાઘ સામર્થ્યનું પ્રતીક છે. વર્ષનો પ્રારંભ થવા જઈ રહ્યો હોય તો માનવીએ એક નવી ચેતના સાથે આગળ વધવાનું છે. વાઘના સામર્થ્યમાંથી માનવે સામર્થ્ય કેળવીને પરાક્રમી બનીને મનના વિકારોને દૂર કરી, આંતરસમૃદ્ધિ વધારીને સમર્થ બનીને નૂતન વર્ષનો પ્રારંભ કરવા માટે વાઘ બારસ નામ યોગ્ય કહી શકાય.

## વાક્બારસની કથા

વાક્ એટલે વાણી, વાણીની દેન માતા સરસ્વતી જ આપણને આપી શકે છે. વાણી ઉપર પ્રભુત્વ મેળવવા માટે વાણી શુદ્ધ કરવા માટે, શબ્દજ્ઞાન મેળવવા માટે વાક્ બારસે માતા સરસ્વતીની વિશેષ પૂજા કરવાનું માહાત્મ્ય છે. આ દિવસે માતા સરસ્વતીની પૂજા અને આરાધના કરવાથી માતા સરસ્વતી દેવી આપણા ઉપર પ્રસન્ન થઈને શુભ, ચોખ્ખી અને સત્યથી ભરેલી વાણી પ્રદાન કરે છે.

વાક્બારસના દિવસે શ્રદ્ધાળુઓ દ્વારા સવારમાં વહેલા ઊઠી સ્નાનાદિક પ્રવૃત્તિથી પરવારી માતા સરસ્વતીની પંચોપચાર કે ષોડ્શોપચાર પૂજનવિધિ કરવામાં આવે છે. માતા સરસ્વતીને ધવલરંગી વસ્ત્ર પરિધાન કરાવવામાં આવે છે. ત્યારબાદ શ્વેત-(સફેદ) મીઠાઈ (ભોગ) અર્પણ કરવામાં આવે છે. સફેદ ફૂલો અર્પણ કરીને મા સરસ્વતીની કૃપા પ્રાપ્ત કરવામાં આવે છે. માતા સરસ્વતી મંત્રના જળપાઠ પણ કરી શકાય. માતા સરસ્વતીના ઘણા મંત્રો છે. જેમ કે,

ૐ ઐં ૐ

ૐ શ્રીં સરસ્વત્યૈ નમ:

ૐ સરસ્વતી મયા દ્રષ્ટવા વીણા પુસ્તકધારિણી।<br>
હંસવાહનં સંયુક્તાં વિદ્યાદાનમ કરીતું મે॥<br>
ૐ વિદ્યાદેવી સરસ્વતી વરદે કામરૂપિણી।<br>
વિદ્યારંભ કરિષ્યામી સિદ્ધિર ભવતુ મે સદા॥

ઉપરોક્ત કોઈ પણ મંત્રની આપણી શક્તિ મુજબ 1. માળા, 3. માળા, 5. માળા કે 11, 21 માળા કરવાથી સરસ્વતી દેવીની અસીમ કૃપા પ્રાપ્ત થાય છે.

વાક્બારસને વસુ બારસ પણ કહે છે. વસુ એટલે ગાય ગૌવત્સદ્વાદશી પણ કહેવાય છે. ખાસ મહત્ત્વ એવું છે કે દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું જેમાંથી ચૌદ રત્નો પ્રાપ્ત થયાં એ સમયે ગાય માતાનું પ્રાગટ્ય પણ સમુદ્રમાંથી થયેલું અને એ પ્રાગટ્યનો દિવસ હતો. આસો વદ બારસ. એટલે આ દિવસે વાછરડી સહિત ગાય માતાનું પૂજન કરવાનો વિશેષ દિવસ છે.

ખાસ કરીને આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણના પરમ ભક્તો વાછરડાં સહિત ગાય માતાની પૂજા કરે છે. ગાય અને વાછરડાંને કુમકુમ ચાંદલો કરી તેની પરિક્રમા કરીને પછી લીલો ઘાસચારો ખવડાવીને ગાયને સંતુષ્ટ કરે છે.

એકંદરે જોઈએ તો બારસના જેટલાં નામો છે એ મુજબ તેનું મહત્ત્વ પણ જોવા મળે છે.

## સરસ્વતી યંત્ર

આ યંત્રનો પ્રયોગ બૌદ્ધિક શક્તિ, એકાગ્રતા, વાણી અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કરવામાં આવે છે. એવું કહેવાય છે કે આ યંત્રની પૂજા-ઉપાસનાથી દેવી સરસ્વતી પ્રસન્ન થાય છે. વાણી સંબંધિત સમસ્યા હોય, યાદશક્તિ ઓછી થઈ ગઈ હોય, અભ્યાસમાં મન ન લાગતું હોય, એકાગ્રતા ને કેળવી શકતા હોવ, પરીક્ષાનો ડર સતાવતો હોય ત્યારે સરસ્વતી યંત્ર ધારણ કરી શકાય છે. તેનાથી ઉપરોક્ત બધી સમસ્યાઓ ધીરેધીરે દૂર થવા લાગશે.

આ યંત્રની સ્થાપના માટે વહેલી સવારે ઊઠીને સ્નાનાદિ કાર્યથી નિવૃત્ત થઈને મંદિરમાં અથવા એક બાજઠ પર સરસ્વતી યંત્રનું સ્થાપન કરીને તેની સમક્ષ ધૂપ-દીપ કરો. ત્યારબાદ સરસ્વતી યંત્રને કાચા દૂધ અને ગંગાજળથી સ્નાન કરાવો. ત્યારબાદ અગિયાર કે એકવીસ વખત ગાયત્રી મંત્ર અને 'ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ નમ:।' અથવા 'ૐ ઐં સરસ્વત્યૈ ઐં નમ:।' મંત્રનો જાપ કરવો તથા માતા સરસ્વતીનું ધ્યાન ધરવું. પછી નક્કી કરેલી જગ્યાએ સરસ્વતી યંત્રનું સ્થાપન કરવું. આ યંત્રની સ્થાપના કર્યા પછી નિયમિત તેનું પૂજન-દર્શન કરો. તમે યંત્રને પોતાની પાસે રાખી શકો છો, ગળામાં ધારણ પણ કરી શકો છો.

હંમેશાં એટલું યાદ રાખો કે યંત્રના લાભ ત્યારે જ મળે છે જ્યારે યંત્રનું શુદ્ધીકરણ અને યોગ્ય પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હોય. સરસ્વતી યંત્રનું સ્થાપન બુધવાર, વાક્બારસ અને વસંતપંચમીએ કરવું શુભ રહે છે.

# ધનતેરસે ધન અને ધન્વંતરી પૂજનનો મહિમા

આપણા ઋષિ -મુનિઓ - પૂર્વજો ખૂબ વિચક્ષણ, વિદ્વાનો હતા એથી તહેવારોનું આયોજન ભૌગોલિક પરિસ્થિતિ, ઋતુ અનુસાર, જેતે ઋતુમાં તેમ જ પ્રદેશમાં થતી ખેતપેદાશો, જન આરોગ્ય - સુખાકારીને ધ્યાનમાં લઈને કર્યું છે. જો કે સમય - સંજોગો અનુસાર ઉજવણીમાં ફેરફાર નોંધાયા છે પરંતુ ઉત્સવ - તહેવારો પાછળની ભાવના - મહદ અંશે જળવાઈ રહી છે.

ઉત્સવો - તહેવારો સાથે ધાર્મિક - સામાજિક - પ્રાકૃતિક, સાંસ્કૃતિક, આર્થિક આરોગ્ય, મનોવિજ્ઞાન જેવા અનેક પાસાઓ - પરિબળો સંકળાયેલા છે. ઉત્સવો - તહેવારો સામે વ્રત પણ કરવામાં આવે છે. તેનું એક અલગ જ વિધાન-વિજ્ઞાન છે તે કયારેક.

દિવાળીમાં મહાલક્ષ્મી માતાનું પૂજન થાય છે. વ્યાપારીઓ અચૂક મહાલક્ષ્મીમાતાનું પૂજન કરે છે. માતાની છબી ચોપડા સાથે મૂકે છે અને પૂજન કરે છે. જેથી વેપાર - ધંધામાં બરકત રહે કેમ કે મહાલક્ષ્મી માતા ધનના પણ દેવી છે. રિધ્ધિ-સિધ્ધિ તેમને આધીન છે.

આ વર્ષે 10 નવેમ્બરે ધનતેરસ છે. ધનતેરસે - ધનપૂજાની - ધન ધોવાની પરંપરા છે. ધર્મ-ગ્રંથો - પુરાણોમાં માતા લક્ષ્મીના 8 સ્વરૂપોનું વર્ણન છે જેની કૃપાથી જીવનમાં સુખ-શાંતિ - સમૃધ્ધિ - સંતતિ  પ્રાપ્ત થાય છે. આમ પણ ભૌતિક સુખ - શાંતિની બોલબાલા વર્તમાન કાળમાં વિશેષ છે એટલે લક્ષ્મીજીની કૃપાથી વિપુલ ધન પ્રાપ્ત થાય એવી ઈચ્છાથી લોકો ધનતેરસને આ રીતે મહત્ત્વ આપે છે. ખરેખર તો ત્રયોદશી - આસો વદ તેરસે આરોગ્યના દેવ ભગવાન ધન્વંતરી સમુદ્રમંથન દરમ્યાન હાથમાં અમૃતકળશ વનસ્પતિ સાથે પ્રકટ થયા હતા.



પુરાણકથા મુજબ ભગવાન - ધન્વંતરી વિષ્ણુના અંશાવતાર છે અને તે જગતના જીવોને રોગો - માંદગીથી મુકત કરી નીરોગી તંદુરસ્ત બનાવવા પ્રકટ થયા હતા. આયુર્વેદના પ્રવર્તક એવા ધન્વતરીનું પૂજન - આરોગ્ય - દીર્ઘાયુની કામના રાખનારાઓએ  અવશ્ય કરવું જોઈએ. એવી પણ કહેવત છે - પહેલું સુખ તે જાતે નર્યા - (તંદુરસ્ત) અંગ્રેજીમાં 'હેલ્થ ઈઝ વેલ્થ' - તંદુરસ્તીને સંપત્તિ માનવામાં આવી છે. હકીકતમાં આજની ઝડપી - જીવનશૈલીમાં લોકોને લક્ષ્મી જેટલી જ જરૂર તંદુરસ્તીની છે જેની અવગણના તન અને ધન બંનેનો બગાડ કરાવે છે. ધનતેરસે જીવનશૈલી દેહ તંદુરસ્ત રહે તેવી અપનાવવા સૂચવે છે.

**ભગવાન ધન્વતરી એ વિષ્ણુના અંશવતાર છે જગતના જીવોને રોગ અને માંદગીમાંતી મુક્ત કરવા તેમનું પ્રાગટય થયું હતું**

આપણું એક સદ્ભાગ્ય એ છે કે  સૂરત નજીકના તેના ગામે પ્રાચીન શિવમંદિર સાથે ભગવાન ધન્વંતરીની મૂર્તિ પણ છે તેના દર્શન પૂજન માટે ભકતો મોટી સંખ્યામાં વર્ષોવર્ષ ઉમટી રહ્યા છે. સ્તેનેશ્વર મહાદેવ તરીકે જાણીતા સ્વયંભૂ શિવમંદિર અને તાપી પુરાણમાં જેના પ્રાકટયની કથા છે તે મુજબ તેના પિંજરતના દરિયાઈ વિસ્તારમાં સમુદ્રમંથન થયું હતું. સમુદ્રમંથન દરમ્યાન અમૃતકળશ સાથે ભગવાન ધન્વંતરી પ્રકટ થયા હતા. 23 કોટિ દેવતાઓ અમૃતપાન કરવા તાપી-સાગર સંગમ સ્થળે પવિત્ર સ્નાન કરી અમૃતપાન કરવા ભેગા થયા હતા.

ધન્વંતરી ભગવાનને કળશ સાચવવાનું કહી દેવો તીર્થ સ્નાન કરવા જતાં દાનવોએ છળકપટથી અમૃતકુંભ ધન્વતરીના કબજામાંથી મેળવી લીધો. તીર્થ સ્નાન બાદ અમૃતપાન કરવા ભેગા મળેલા દેવતાઓને અમૃત કળશ ન મળતાં ભગવાન વિષ્ણુએ ભગવાન શિવજીનું ધ્યાન ધરી સહાય કરવા વિનંતી કરી. શિવજીએ દિવ્ય દૃષ્ટિથી ધ્યાન ધરી જણાવ્યું કે અમૃતકળશ દાનવો પાસે છે. શિવજીએ ભગવાન વિષ્ણુને માયાવી રૂપ ધારણ કરી અમૃતકળશ પાછો મેળવવા સલાહ આપી અને વિષ્ણુ ભગવાને તેમ કરી અમૃતકુંભ પરત મેળવ્યો.


દેવતાઓની વિનંતીથી શિવજી વેદસ્વરૂપ ધારણ કરી લિંગરૂપે સ્થાયી થયા. સૌથી મહત્ત્વની નોંધપાત્ર વાત એ છે કે, પુરાતત્ત્વ ખાતા દ્વારા કરાયેલા સંશોધનમાં પિંજરત - તેનાના દરિયાની ઊંડાઈએથી મળી આવેલા અવશેષોમાં સમુદ્રમંથન વખતે ઉપયોગમાં લેવાયેલા મંદરાચલ પર્વતના અંશો મળતાં ભકતોની શ્રદ્ધા દૃઢ બની છે અને શ્રદ્ધાળુ ભકતો દર્શને ઉમટે છે. ભગવાન ધન્વતરી - જયંતી કે ધનતેરસે પણ લોકો ભગવાન ધન્વંતરીના દર્શન કરવા ઉમટે છે. ભગવાન ધન્વંતરીની કૃપા અને તંદુરસ્તી માટે ભકતોની સમજપૂર્વકની જીવનશૈલીના સમન્વયથી 'સર્વે ભવન્તુ સુખિન:' સાર્થક થાય.

# તમારા શ્રેય અને સુખમાં વૃદ્ધિ કરનારું પુષ્ય નક્ષત્ર

પુષ્યનો અર્થ જ થાય છે ભરવું-પુષ્ટ કરવું. આ નક્ષત્ર સાથેનો 'રવિપુષ્યામૃત' યોગ પણ 'ગુરુપુષ્યામૃત યોગ' જેટલો જ શ્રેષ્ઠ અને શાસ્ત્ર સૂચિત માનવામાં આવે છે. આ વર્ષે 5 નવેમ્બરે પુષ્ય નક્ષત્ર છે.

આકાશમાં ચંદ્ર જે માર્ગે ફરે છે તે માર્ગમાં વચ્ચે આવેલા કે પછી તેની નજીકમાં આવેલા તારક ઝૂમખાને 'નક્ષત્ર' કહેવામાં આવે છે. નક્ષત્રનો અર્થ થાય છે ન-ક્ષત્ર' ઈતિ નક્ષત્ર અર્થાત્ જેનો નાશ થતો નથી. ચંદ્રની ગતિ અમાસથી અમાસ અથવા બીજી રીતે જોઈએ તો પૂર્ણિમાથી પૂર્ણિમાપર્યંત 27 નક્ષત્રોમાંથી પસાર થાય છે કે પછી તેમની નજીકથી પસાર થાય છે. મહદંશે ક્રાંતિવૃત્તના આભાસી 12 અંશ પહોળા પટમાં જ 27 નક્ષત્રો આવેલાં દેખાય છે. નક્ષત્રો એકસરખાં આકારમાં નથી. એકબીજાથી સરખા અંતરે પણ આવેલાં નથી. દરેક રાશિ સવા બે નક્ષત્રની બનેલી છે અને 27 નક્ષત્રનું રાશિચક્ર અથવા 12 રાશિઓ બનેલી છે. સત્તાવીશ નક્ષત્રો પૈકી જ્યેષ્ઠા, મૂલ, આશ્લેષા જેવાં નક્ષત્રોને અશુભ, જ્યારે અન્ય નક્ષત્રોને પ્રમાણસ2 શુભ અને 'પુષ્ય નક્ષત્ર'ને અધિકાંશ શ્રેષ્ઠ માનવામાં આવેલાં છે.

નક્ષત્રની જેમ યોગો પણ સત્તાવીશ છે. જે પૈકી વ્યતિપાત, વૈધૃત જેવા યોગને અશુભ, અન્ય યોગોને પ્રમાણસર શુભ અને સિદ્ધયોગને અધિકાંશ શ્રેષ્ઠ માનવામાં આવે છે. અશુભ યોગ કે નક્ષત્રમાં જન્મેલાં બાળકો માટે તેનું શાંતિ વિધાન પણ શાસ્ત્રસૂચિત માનવામાં આવેલું છે. ગુરુવારે જો ચંદ્ર પુષ્ય નક્ષત્રમાં હોય તો તે પૈકી થતા યોગને 'ગુરુપુષ્યામૃતયોગ' કહેવામાં આવે છે અને તે જ રીતે જો કોઈ પણ રવિવારે પુષ્ય નક્ષત્ર સાથેનો યોગ બનતો હોય તો તેને 'રવિપુષ્યામૃત' યોગ કહે છે. આ બંને યોગોને વ્યવહારમાં આવકારદાયક માનવામાં આવ્યા છે.



શાસ્ત્રોક્ત દૃષ્ટિએ પુષ્યનક્ષત્ર ઉચ્ચપદ અને શ્રેષ્ઠ અધિકાર આપનાર મનાય છે. આ નક્ષત્રમાં કરેલું કાર્ય કે કાર્યો વિશેષ સફળ અને સાર્થક થાય છે. એટલા માટે જ આ નક્ષત્રમાં અને ખાસ કરીને 'ગુરુપુષ્યામૃત' કે 'રવિપુષ્યામૃત' શ્રેષ્ઠ યોગમાં પ્રતિ વર્ષે દીપાવલીના મંગલમય પર્વમાં સોનું, ચાંદી, ઝવેરાત, ચોપડા, નવું વાહન વગેરે ખરીદવા માટેનો શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે.

**પુષ્ય નક્ષત્રને ઊચ્ચ પદ અને શ્રેષ્ઠ અધિકાર આપનારું મનાય છે, આ સમયે કરેલું કાર્ય વિશેષ ફળદાયી બની રહે તેવી માન્યતા છે. પુષ્ય નક્ષત્રને સુોનું, ચાદી, ઝવેરાત, ચોપડા, નવું વાહન ખરીદવા માટે તેને શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે**

પુષ્ય નક્ષત્રને નક્ષત્રોના રાજા તરીકે માનવામાં આવે છે, આ નક્ષત્રનો રાશિપતિ ચંદ્ર, નક્ષત્રપતિ શશિન અને દેવ બૃહસ્પતિ (ગુરુ) મનાય છે. જે આધારે મુત્સદ્દીપણું, નિયંત્રણશક્તિ અને કલાપ્રિયતા તથા ઉદારતા અને ન્યાયપરાયણતા જેવા ઉમદા ગુણોનો સમન્વય વ્યક્તિમાં થતો જોવા મળે છે. આ નક્ષત્ર શુભ ગુણવાળું, અંધલોચન, અગ્નિતત્ત્વયુક્ત, ઉર્ધ્વમુખી તથા સત્ત્વગુણ સંપન્ન માનવામાં આવે છે. આ નક્ષત્રમાં જન્મનારનું શારીરિક બંધારણ જોઈએ તો પ્રમાણસર, ભરાવદાર બાંધો, માંસલ-પુષ્ટ અવયવો, પ્રસન્નતાભર્યો સુંદર ચહેરો રહેવા પામે છે, તે વ્યક્તિ સુખ-સંપત્તિયુક્ત હોય છે. વિશેષમાં આ નક્ષત્રમાં જન્મનારી વ્યક્તિ મહત્ત્વાકાંક્ષી, ઉચ્ચ આચારવિચાર ધરાવનાર, સત્યપ્રિય, નમ્ર, ન્યાયી, પરમાર્થી, કાયદાને માન આપી આવનાર, નીતિ, ધર્મ અને સદાચારમાં માનનાર, સમયસૂચકતા પારખનાર, વિશેષ રોગપ્રતિકાર શક્તિ ધરાવનાર, હોશિયાર અને બુદ્ધિમાન હોય છે. આ નક્ષત્રનો રાશિપતિ ચંદ્ર હોવાથી તે વ્યક્તિ વિશેષ દયાળુ, મમતાપૂર્ણ, શાંત, પ્રસન્નચિત્ત, રસિક છતાં ન્યાયપ્રિય તેમજ કઠોર અને કોમળ એમ મિશ્ર પ્રકૃતિ ધરાવનાર બને છે. પુષ્ય નક્ષત્રમાં સૂર્ય વ્યક્તિને સારું શરીર સૌષ્ઠવ અને સામાજિક દૃષ્ટિએ પ્રસિદ્ધિ આપે છે. મંગળ નબળું શરીર, ગર્વ અને લડાયક મિજાજ આપે છે. જ્યારે બુધ વિદ્વત્તા અને ભક્તિભાવના આપે છે. ગુરુ અધિકાર, માન-સન્માન, વિદ્યા અને સુસ્વાસ્થ્ય આપે છે.

અંતમાં, ઉપસંહાર રૂપે જોઈએ તો આ નક્ષત્ર અધિકાર, શિક્ષણ, વિદ્યા, સાંપત્તિક સુખ અને ગુણવાન તથા સદાચારી જીવન આ બધા માટે શ્રેષ્ઠ ગણાય છે. પુષ્યનો અર્થ જ થાય છે ભરવું-પુષ્ટ કરવું. આ નક્ષત્ર સાથેનો 'રવિપુષ્યામૃત' યોગ પણ 'ગુરુપુષ્યામૃત યોગ' જેટલો જ શ્રેષ્ઠ અને શાસ્ત્ર સૂચિત માનવામાં આવે છે. આ શુભ અને મંગલકારી યોગમાં વિભિન્ન યંત્રો જેવાં કે શ્રી નવાર્ણ યંત્ર, શ્રી લક્ષ્મીયંત્ર, શ્રીમેરુ-લક્ષ્મીયંત્ર, શ્રી રિદ્ધિ-સિદ્ધિ ગણેશ યંત્ર, શ્રી સર્વકાર્યસિદ્ધિ યંત્ર, શ્રી ગાયત્રીયંત્ર, ઘોડાની નાળ, એકાક્ષી શ્રીફળ, શ્રી બગલામુખી યંત્ર જેવાં અન્ય શાસ્ત્ર આધારિત અસંખ્ય અગણિત યંત્રો સાથે માંત્રિક તાંત્રિક ઉપાસના અને દૈવી પ્રતિષ્ઠા કર્મ વિશેષ સાર્થક અને સિદ્ધ થાય છે.

# કેજરીવાલ સરકારની મુશ્કેલી વધી, AAPના વધુ એક મંત્રી રાજકુમાર આનંદના ઘરે દરોડા

## ઈડીએ આ કાર્યવાહી કયા કેસ હેઠળ થઈ રહી છે તેની માહિતી જાહેર થઈ નથી

નવી દિલ્હી

દિલ્હી એક્સાઈઝ કૌભાંડ મામલે આમ આદમી પાર્ટીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ગુરૂવારે ઈડી પૂછપરછ કરવાની છે ત્યારે દિલ્હીમાં જ કેજરીવાલ સરકારમાં મંત્રીના ઘરે ઈડીની ટીમ દરોડા પાડવા પહોંચી ગઈ છે જેના લીધે કેજરીવાલ સરકારની મુશ્કેલીમાં વધારો થયો છે.

અહેવાલ અનુસાર દિલ્હી સરકારમાં મંત્રી રાજકુમાર આનંદ ના સિવિલ લાયન્સ વિસ્તારમાં આવેલા નિવાસે ઈડી દરોડાની કાર્યવાહી કરી રહી છે. તેમની સાથે સંકળાયેલા ડઝનથી વધુ ઠેકાણે દરોડા પડાયા હતા.

ઈડીની ટીમ સવારથી તપાસ અભિયાન ચલાવી રહી છે. કુલ એક ડઝનથી વધુ ઠેકાણે દરોડાની કાર્યવાહી થઈ રહી હોવાની માહિતી મળી રહી છે. જોકે કયા કેસમાં આ દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે તેની કોઈ




માહિતી આપવામાં આવી નથી. રાજકુમાર આનંદ પાસે સામાજિક કલ્યાણ મંત્રાલય છે. તેમના ઘર અને તેમના મંત્રાલય સંબંધિત સરકારી નોકરો અને અન્યો સામે દિલ્હી એનસીઆરમાં એક ડઝનથી વધુ ઠેકાણે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# ચીનને હંફાવવા માટે મોરેશિયસમાં ભારતે વિશાળ સૈન્યમથક બનાવ્યું

પોર્ટ લુઇસ

હિન્દ મહાસાગરમાં ચીનની અવળચંડાઈને જવાબ આપવા માટે ભારતે મોરેશિયસના એક ટાપુ પર મિલિટરી બેઝનું નિર્માણ કર્યું છે. આ મિલિટરી બેઝ બનીને તૈયાર થઈ ગયો છે અને હવે ત્યાં ભારતીય નેવી અને એરફોર્સના જહાજોને તૈનાત કરાશે. જોકે તે પહેલા ભારત અને મોરેશિયસની વચ્ચે આ મિલિટરી બેઝને લઈને મહત્વપૂર્ણ એમઓયુ થશે. મીડિયા રિપોર્ટ અનુસાર ભારતીય નેવીનું યુદ્ધપોત આઈએનએસ શારદા મંગળવારે પોર્ટ લુઇસ પર રોકાયું હતું, આ એ જ ટાપુ છે કે જ્યાં ભારતે સૈન્ય મથક તૈયાર કર્યું છે. આ સૈન્ય મથક ચીનના પ્રભુત્વને રોકવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. કેમ કે ચીન દક્ષીણ ચીન સમુદ્રની સાથે સાથે હિન્દ મહાસાગરમાં પણ પગપેસારો કરી રહ્યું છે. હાલમાં પોર્ટ લુઇસ પર જે ભારતીય જહાજ પહોંચ્યું છે તેના રોકાવા દરમિયાન ભારતીય નેવી અને મોરેશિયસના રાષ્ટ્રીય તટ રક્ષકના કર્મચારીઓ આગામી ત્રણ દિવસ સુધી સંયુક્ત સમુદ્રી પ્રશિક્ષણની સાથે સાથે આર્થિક ક્ષેત્રની દેખરેખ તેમજ સુરક્ષાને લઈને મહત્વપૂર્ણ અભ્યાસ કરશે. ભારત દ્વારા તૈયાર કરાયેલા આ સૈન્ય મથકનો હેતુ હિંદ મહાસાગરમાં ભારતની શક્તિનું પ્રદર્શન કરવાનો છે.

# જમ્મુમાં DYSP ઠાકુરની હત્યાનાં સ્થળ પર પોલીસે સંપત્તી જપ્ત કરી

## 2019 માં કર્નલનો જીવ બચાવવા જતાં શહીદ થયા હતાં

જમ્મુ કાશ્મીર

જમ્મુ-કાશ્મીર પોલીસે દક્ષિણ કાશમીરના કુલગામ જિલ્લાના તુરીગામ ગામમાં તે સંપત્તિ જપ્ત કરી છે જ્યાં ડીવાયએસપી અમન ઠાકુરની 2019 માં હત્યા કરવામાં આવી હતી. આ મિલકત સાનુલ્લા મીર નામની વ્યક્તિની હતી. પોલીસ અને આતંકીઓ વચ્ચેનાં એન્કાઉન્ટરમાં જૈશના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. જ્યાં અમન ઠાકુર ઘાયલ આર્મી કર્નલનો જીવ બચાવતા શહીદ થયા હતા.

એક અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસે તુરીગામ યારીપોરા ગામમાં મિલકત જપ્ત કરી છે અને તે સાનુલ્લા મીર નામના વ્યક્તિની માલિકીની હતી અને તેને યુએલએપી એક્ટ હેઠળ સક્ષમ અધિકારી દ્વારા જોડવામાં આવી હતી. કાશ્મીરના ડિવિઝનલ કમિશનરના આદેશ અનુસાર જિલ્લા પોલીસ કુલગામે નાણા વિભાગના અધિકારીઓની હાજરીમાં ઘરને અટેચ કર્યું છે. એન્કાઉન્ટર દરમિયાન જૈશ-એ-મોહમ્મદના 3 આતંકવાદીઓ માર્યા ગયા હતા જ્યારે સેનાના 3 જવાન પણ ઘાયલ થયા હતા.

# રામલલા 8 ફૂટ ઊંચાં અને ચાર ફુટ પહોળા સ્વર્ણજડિત સિંહાસન પર વિરાજમાન થશે

અયોધ્યા

અયોધ્યા ખાતે નિર્માણાધીન અને કરોડો હિન્દુ શ્રદ્ધાળુઓના આસ્થાના પ્રતીક સમાન રામમંદિરને લગતી એક મહત્વપૂર્ણ જાણકારી સામે આવી છે. અયોધ્યા ખાતે નિર્મિત રામમંદિરમાં ભગવાન રામલલાની દિવ્ય પ્રતિમાને આરસપહાણથી નિર્મિત આઠ ફૂટ ઊંચા અને સ્વર્ણજડિત સિંહાસન પર વિરાજમાન કરવામાં આવશે. શ્રી રામજન્મભૂમી તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આ જાણકારી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે ભગવાન રામના સિંહાસનનું હાલ રાજસ્થાનના કુશળ



કારીગરો દ્વારા નિર્માણ કરાવવામાં આવી રહ્યું છે અને તે આગામી 15 ડિસેમ્બર સુધીમાં અયોધ્યા ખાતે આવી પહોંચશે. ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે આ સિંહાસનને રામમંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરાવવામાં આવશે. મિશ્રાએ પહેલા માળના બાંધકામની સ્થિતિનો ચિતાર આપતા જણાવ્યું હતું કે પહેલા માળના 17 સ્તંભો પહેલા જ સ્થાપિત થઈ ગયા છે અને હવે માત્ર બે સ્તંભો લગાવવાના બાકી રહ્યા છે અને અપેક્ષા છે કે પહેલા માળની છતનું કામકાજ પણ 15 ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે. મંદિરની પરિક્રમા માર્ગનું ફ્લોરિંગનું કામકાજ પણ પૂર્ણ થઈ ગયું છે અને હાલ ગૃહ મંડપની ફરશ પર આરસ લગાવવાનું કામ ચાલી રહ્યું છે. પેસેન્જર કન્વિનિયન્સ સેન્ટરના ત્રણેય માળની છતનું નિર્માણ સંપન્ન થઈ ગયું છે.

# ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન ૧૩ ટકા વધી રૂપિયા ૧.૭૨ લાખ કરોડ પર પહોચ્યું

નવી દિલ્હી

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કલેક્શન ઓક્ટોબરમાં વાર્ષિક ધોરણે ૧૩ ટકા વધીને ૧.૭૨ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. આ કલેકશન અત્યાર સુધીનું બીજું સૌથી મોટું કલેક્શન છે. તહેવારોની સિઝન અને કરચોરી પકડવા માટે સરકારે લીધેલા પગલાને કારણે જીએસટી કલેક્શનમાં વૃદ્ધિ જોવા મળી છે. ૨૦૨૩માં જીએસટી કલેક્શન ૧.૭૨ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે અત્યાર સુધીનું બીજું સૌથી મોટું જીએસટી કલેક્શન છે. અત્યાર




સુધીનું સૌથી મોટું જીએસટી કલેક્શન ૧.૮૭ લાખ કરોડ એપ્રિલ, ૨૦૨૩માં નોંધવામાં આવ્યું હતું.

સપ્ટેમ્બર, ૨૦૨૩માં જીએસટી કલેક્શન ૧.૬૩ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. જ્યારે ઓક્ટોબર, ૨૦૨૨માં જીએસટી કલેક્શન ૧.૫૨ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ માસિક જીએસટી કલેક્શન ૧.૬૬ લાખ કરોડ રૂપિયા રહ્યું છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૧૧ ટકા વધારે છે.

ઓક્ટોબર, ૨૦૨૩માં કુલ જીએસટી કલેક્શન ૧,૭૨,૦૦૩ કરોડ રૂપિયા રહ્યું છે. જેમાંથી ૩૦,૦૬૨ કરોડ રૂપિયા સેન્ટ્રલ જીએસટી, ૩૮,૧૭૧ કરોડ રૂપિયા સ્ટેટ જીએસટી અને ૯૧,૩૧૫ કરોડ રૂપિયા ઈન્ટેગ્રેટેડ જીએસટી અને ૧૨,૪૫૬ કરોડ રૂપિયા સેસ રહ્યું છે.

# મણિપુરમાં મ્યાનમાર સરહદે પોલીસ અધિકારીની ગોળી મારી હત્યા કરાઈ

ઇમ્ફાલ

મણિપુરમાં મ્યાન્માર સરહદની પાસે શંકાસ્પદ ઉગ્રવાદીઓએ એક પોલીસ અધિકારીની ગોળી મારી હત્યા કરી દીધી છે. આ ઘટના તેંગનૌપાલ જિલ્લાના મોરેહની છે. અહીં એક ઉપ વિભાગીય પોલીસ અધિકારી (એસડીપીઓ)ની હત્યા કરવામાં આવી છે.

શંકાસ્પદ ઉગ્રવાદીએ એ સમયે હુમલો કર્યો હતો કે જ્યારે તે મોરેહના ઈસ્ટર્ન શાઈન સ્કૂલ મેદાનમાં એક હેલીપેડના પ્રસ્તાવિત નિર્માણ સ્થળની દેખરેખ કરી રહ્યાં હતાં.

આ હુમલામાં એસડીપીઓ ચિંગથમ આનંદ કુમાર ઘાયલ થયા હતાં. તેમને સારવાર માટે તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લઈ જવામાં આવ્યા હતાં. જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતાં.

મણિપુર સરકારના સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ અધિકારીના પેટમાં ગોળી વાગી હતી. વરિષ્ઠ પોલીસ અને અર્ધ સૈનિક અધિકારીઓના નેતૃત્વમાં વધારાના સુરક્ષા દળોએ ઉગ્રવાદીઓને પકડવા માટે શોધખોળ અભિયાન શરૂ કર્યુ છે.

# દ્રૌપદી મુર્મુક્ષે માહિતી લીક કરનાર મેજરને સેવામાંથી દૂર કરવા હુકમ કર્યો

નવી દિલ્હી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુક્ષે સેના અધિનિયમ ૧૯૫૦ નીચે તેઓને મળેલા અધિકારોનો ઉપયોગ કરી. ગયા મહિને ભૂમિદળના એક મેજરને સેવામાંથી દૂર કરવા હુકમ કર્યો છે. તે મેજર ઉપર રાષ્ટ્રીય સલામત ખતરામાં નાખવાના આરોપો છે. વાસ્તવમાં રાષ્ટ્રપતિએ તે મેજરને એક મહિના પૂર્વે જ સેવામાંથી દૂર કર્યો હતો પરંતુ તેની માહિતી હવે મોડેથી આપવામાં આવી છે. તે મેજર ઉપર આ એક્શન લાંબી તપાસ પછી લેવામાં આવ્યું છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મેજર સોશ્યલ મીડીયા દ્વારા પાકિસ્તાન સ્થિત કોઈના સંપર્કમાં હતો. તે મેજર સ્ટ્રેટેજિક ફોર્સીઝ કમાન્ડ (એસ.એ.એફ.) યુનિટમાં કામ કરતો હતો.

# ઓરિસ્સામાં દુલર્ભ કાચબાના સંરક્ષણ માટે સરકારનો માછીમારી પર પ્રતિબંધ

નવી દિલ્હી

ઓલિવ રિડલે કાચબાની એક એવી પ્રજાતિ જે દુલર્ભ ગણાય છે. ઓડિશામાં જોવા મળતા કાચબાની આ પ્રજાતિના સંરક્ષણ માટે ઓડિશા સરકારે માછલી પકડવા પર પ્રતિબંધ મુકયો છે. આ પ્રતિબંધ ઓલિવ રિડલેનું ઘર માનવામાં આવતા કેન્દ્રપાડામાં મુકવામાં આવ્યો છે. કેન્દ્રપાડા કાંઠા વિસ્તારની આજુબાજુ ૨૦ કિમીના ઘેરાવામાં માછલી નહી પકડવાના હુકમનું પાલન કરાવવામાં આવશે. ઓડિશાના વન વિભાગ દ્વારા સૂચિત ક્ષેત્રોમાં ધમારા, દેવી અને રુશિકુલ્યા નદીઓના મુખ ત્રિકોણ વિસ્તારનો સમાવેશ થાય છે.

રિડલે ઓલિવના પ્રજનન ઋતુ સમયે કોઈ ખલેલ ના પડે તે માટે આ પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રતિબંધનો ૭ મહિના સુધી અમલ થશે. ૧૯૮૨ અને વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈ મુજબ ૧ નવેમ્બર ૨૦૨૩ થી ૩૧ મે ૨૦૨૪ સુધી પ્રતિબંધો અમલમાં મુકવામાં આવશે. પર્યાવરણ નિષ્ણાતોનું માનવું છે કે માછલી પકડવાની જાળ કે ટ્રોલરમાં ફસાવાથી મોટી સંખ્યામાં દુલર્ભ કાચબાના મૃત્યુ થાય છે.

# કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર વિરુદ્ધ FIR નોંધાઈ, ધાર્મિક નફરત ફેલાવવાનો આરોપ

કોચી

કોરળ પોલીસે ઉશ્કેરણીજનક નિવેદન આપવા મામલે કેન્દ્રીય રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર વિરુદ્ધ FIR નોંધી છે. કેરળ પોલીસે કોચ્ચી બ્લાસ્ટ સબંધે સોશિયલ મીડિયા પર મંત્રીના તાજેતરના નિવેદનોને લઈને કેસ દાખલ કર્યો છે. તેમના પર આરોપ છે કે, તેમણે રાજ્યના મલપ્પુરમ જિલ્લામાં એક ઈસ્લામી સમૂહ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં હમાસ નેતાના સંબોધનના સબંધમાં ઉશ્કેરણીજનક નિવેદન આપ્યુ હતું. પોલીસે આજે કહ્યું કે, કથિત રીતે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપતા નિવેદનો આપવા બદલ કેન્દ્રીય રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

# વર્ષ 2021-22માં રાજકીય પક્ષોને રૂ. 9,188 કરોડનું દાન મળ્યું, 57 ટકા ભાજપને : ADR

## વર્ષ 2016-17થી વર્ષ 2021-22 દરમિયાન અડધું દાન ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા મળ્યું

**નવી દિલ્હી**

વર્ષ 2021-22 સુધીમાં ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રાજકીય પક્ષોને કુલ 9,188 કરોડ રૂપિયાનું દાન મળ્યું હોવાનું એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)નો ડેટા જણાવે છે. તેમાંથી 57 ટકા દાન એકલા ભાજપને મળ્યું છે જ્યારે કોંગ્રેસે 10 ટકા દાન મેળવ્યું છે.


2016-17થી 2021-22 (જેનો ડેટા ઉપલબ્ધ છે તેવું છેલ્લું વર્ષ) દરમિયાન 7 રાષ્ટ્રીય અને 24 પ્રાદેશિક પક્ષોને કુલ 9,188.35 કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. તેમાંથી ભાજપે 5,272 કરોડ અને કોંગ્રેસે 952 કરોડનું દાન મેળવ્યું છે. બાકીનું દાન અન્ય પક્ષોને મળ્યું છે.

ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ 2017માં એક ફાઈનાન્સ બિલ દ્વારા રજૂ કરાઈ હતી અને 2018માં લાગુ કરાઈ હતી. તે અંતર્ગત વ્યક્તિઓ અને સંસ્થાઓ પોતાની ઓળખ ગુપ્ત રાખીને રજિસ્ટર્ડ રાજકીય પક્ષોને દાન કરી શકે છે. ભારતીય સ્ટેટ બેન્ક (SBI) તે માટે રૂ. 1,000, રૂ. 10,000, રૂ. 1 લાખ, રૂ. 10 લાખ અને રૂ. 1 કરોડના મૂલ્યના બોન્ડ જારી કરે છે. આ વર્ષે જુલાઈમાં એડીઆરે કહ્યું હતું કે 2016-17થી 2021-22 દરમિયાન રાજકીય પક્ષોને મળેલા તમામ દાનમાંથી અડધાથી વધુ દાન ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા મળ્યું હતું અને ભાજપને અન્ય તમામ રાષ્ટ્રીય પક્ષોને મળેલા કુલ દાનથી વધુ દાન પ્રાપ્ત થયું હતું. 2016-17થી 2021-22 દરમિયાન 7 રાષ્ટ્રીય પક્ષો અને 24 પ્રાદેશિક પક્ષોને કુલ મળીને અંદાજે રૂ. 16,437 કરોડનું દાન પ્રાપ્ત થયું હતું.

# ઈડીએ જેટ એરવેઝના સંસ્થાપક નરેશ ગોયલની 535 કરોડની સંપત્તિ જપ્ત કરી

## 17 ફ્લેટ, બંગલાઓ અને કોમર્શિયલ મિલકતો સામેલ

**નવી દિલ્હી**



ઈડીએ ગુરુવારે મોટી કાર્યવાહી કરી જેટ એરવેઝના સંસ્થાપક નરેશ ગોયલની 535 કરોડની સંપત્તિ જપ્ત કરી છે. અગાઉ પણ નરેશ ગોયલ સામે કાર્યવાહી થઈ હતી, જોકે આજની કાર્યવાહી ગોયલ માટે સૌથી મોટો ઝટકો હોવાનું મનાય છે.

EDએ કાર્યવાહી અંગે સંપર્ણ નિવેદન જારી કર્યું છે, જેમાં જણાવાયું કે, તેમના પરિવારના અન્ય સભ્યોની પ્રોપર્ટી મામલે પણ કાર્યવાહી કરવામાં આવશે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે કહ્યું કે, કથિક બેંક લોન કૌભાંડ સંબંધિત મની લોન્ડ્રિંગની તપાસ હેઠળ જેટ એરવેઝના સંસ્થાપક નરેશ ગોયલ અને તેમના પરિવારના સભ્યો અને કંપનીની લંડન, દુબઈ અને ભારતમાં આવેલી 538 કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લેવાઈ છે. જપ્ત કરાયેલી સંપત્તિઓમાં 17 ફ્લેટ, બંગલાઓ અને કોમર્શિયલ મિલકત પણ સામેલ છે.

# મરાઠા અનામત માંગણીને મુદ્દે હિંસા ભડકાવવામાં અનેક લોકોની ધરપકડ

**મુંબઈ**

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતની માંગને લઈને આંદોલન ચાલી રહ્યું છે. મહારાષ્ટ્ર પોલીસે રાજ્યમાં ચાલી રહેલા આંદોલનને ઉશ્કેરવા બદલ મોટી સંખ્યામાં આંદોલનકારીઓ વિરુદ્ધ કેસ નોંધ્યો છે અને તેમની ધરપકડ કરી છે. મરાઠા આંદોલનકારીઓ સામે કેસ નોંધવા અંગે બુધવારે પ્રેસ કોન્ફરન્સમાં મીડિયાને માહિતી આપતી વખતે, મહારાષ્ટ્રના ડીજીપી રજનીશ સેઠે કહ્યું કે *મરાઠા અનામતને લઈને સમગ્ર રાજ્યમાં પ્રદર્શનો થયા હતા. પ્રદર્શન દરમિયાન કેટલાક દેખાવો હિંસક પણ બન્યા હતા. જેના કારણે રાજ્યની સરકારી મિલકતોને નુકસાન થયું છે. આ મામલામાં મહારાષ્ટ્રના ડીજીપી શેઠે કહ્યું કે ૨૯-૩૧ ઓક્ટોબરની વચ્ચે સંભાજી નગરમાં ૫૪ કેસ નોંધાયા હતા અને ૧૦૬ની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે બીડમાં આઈપીસીની કલમ ૩૦૭ હેઠળ ૭ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ જિલ્લાઓમાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા છે અને ઈન્ટરનેટ સેવા અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. જ્યારે મહારાષ્ટ્રમાં ૨૪-૩૧ ઓક્ટોબર વચ્ચે ૧૪૧ કેસ નોંધાયા છે અને ૧૬૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# મણિપુરમાં ટોળાનો હથિયારો લૂંટવાનો પ્રયાસ કર્ફ્યૂમાં છૂટછાટનો આદેશ પાછો ખેંચી લેવાયો

**ઈમ્ફાલ**



મણિપુરમાં મે મહિનાથી શરૂ થયેલ જાતીય હિંસા બાદ સતત હિંસાઓની ઘટનાઓ સામે આવતી રહે છે, ત્યારે રાજધાની ઈમ્ફાલમાં બુધવારે ટોળાએ મણિપુર પોલીસ ઓફિસ પરિસરને ઘેરવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી હતી. અહીં હલ્લાબોલ મચાવી રહેલા ટોળાએ હથિયારો લૂંટવાની ફિરાકમાં પરિસરનો ઘેરાવ કરવાના હતા. જોકે અધિકારીઓએ હવામાં ઘણા રાઉન્ડ ફાયરિંગ કરતા ટોળું વેર-વિખેર થઈ ગયું હતું. આ મામલો પોલીસે 44 લોકોની ધરપકડ કરી હોવાનું કહેવાઈ રહ્યું છે. ઘટના બાદ સરકારે 2 જિલ્લામાં કર્ફ્યૂમાં અપાયેલી છૂટછાટ પરત ખેંચવાનો આદેશ આપ્યો છે. ઈમ્ફાલના પૂર્વ જિલ્લાના એડિશનલ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ મુજબ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતા કર્ફ્યૂમાં રાહતના આદેશને તાત્કાલીક રદ કરી દેવામાં આવ્યો છે. જોકે જરૂરી સેવાઓ જેમ કે આરોગ્ય, પીએચઈડી, નગરપાલિકા અધિકારી, કર્મચારી, વીજળી, પેટ્રોલ પંપ અને કોર્ટના કામકાજ, વિમાનના મુસાફરો તેમજ મીડિયા કર્મચારીઓને કર્ફ્યૂમાં છૂટ અપાઈ છે. આ ઉપરાંત પશ્ચિમ ઈમ્ફાલમાં પણ કર્ફ્યૂમાં છૂટછાટનો આદેશ તાત્કાલીક પરત ખેંચાયો છે.

# બિહારના છપરામાં મોટી દુર્ઘટના, સરયૂ નદીમાં હોડી પલટી, 18 લોકો લાપતા, 3 મૃતદેહ મળ્યા

**છપરા**



બિહારના છપરામાં આજે મોટી દુર્ઘટના બની છે. અહીં સરયૂ નદીમાં હોડી પલટી જતા અફરાતફરી મચી છે. આ ઘટનામાં 18 લોકો લાપતા થયા હોવાનું કહેવાઈ રહ્યું છે. હાલ ત્રણ મૃતદેહો મળી આવ્યા છે. આઘટના માંઝીના મટિયાર પાસે બની છે. સ્થાનિક તરવૈયાઓ પણ લાપતા થયેલા લોકોની શોધખોળ કરી રહ્યા છે. ઘટના મોડી સાંજે બની હોવાથી લાપતા લોકોને શોધવામાં પણ મુશ્કેલી પડી રહી છે.

દરમિયાન ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો, ફાયર બ્રિગેડની ટીમ અને તરવૈયાઓની પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને રાહતબચાવ કામગીરીમાં લાગી ગયા છે. બોટ પર સવાર તમામ લોકો ખેડૂત હતા, જેઓ દિયારામાં ખેતી કરે છે. દિયારામાં ખેતી કર્યા બાદ તેઓ બોટમાં સવાર થઈ પોત-પોતાના ઘરે આવી રહ્યા હતા. આ દરમિયાન અચાક હોડી પલટી જવાની ઘટના બની છે. હાલ ત્રણ મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે લગભગ 18 લોકો હજુ પણ લાપતા હોવાનું કહેવાય છે. ડીએમ અને એસપી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# તમિલનાડુમાં બે દલિતોને માર મારી પેશાબ કરી નગ્ન કરનાર 6 ધરપકડ

**નવી દિલ્હી**

તમિલનાડુના તિરુનેવેલીમાં માનવતાને લજવતી ઘટના સામે આવી છે. અહીં દલિત સમુદાયના અનુસૂચિત જાતિના બે યુવકો પર કથિતરૂપે હુમલો કરવા અને તેમને નગ્ન કરી તેમના પર પેશાબ કરવાની હચમચાવી મૂકે તેવી ઘટના સામે આવી છે. આ મામલે કુલ 6 લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ મામલે ધરપકડ કરાયેલા તમામ લોકો 21 થી 25 વર્ષની વયજૂથના હતા જે ઘટનાના સમયે નશામાં ચૂર હતા. આ તમામ લોકોએ બંને દલિત યુવકોને માર્યા હતા અને તેમને પોતાની જાતિની ઓળખ આપવા મજબૂર કર્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર 6 લોકોએ જૂથમાં આવીને બંને યુવકોને ઘેરી લીધા હતા અને તેમના પર હુમલો કરી દીધો હતો. આ દરમિયાન આરોપીઓએ તેમના કપડાં ઉતરાવી તેમના પર પેશાબ કર્યો હતો. થાચનાલ્લુર પોલીસે કહ્યું કે બંને દલિત યુવક થમિરાબરાની નદીમાં નહાઈને પાછા આવી રહ્યા હતા. અમે આ મામલે એસસી/એસટી એટ્રોસિટી એક્ટ અને આઈપીસીની વિવિધ કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

# શિવ નાદર બન્યા દેશના સૌથી મોટા દાનવીર, રૂ.2024 કરોડનું દાન આપ્યું

**નવી દિલ્હી**

એડલગીવ હુરુન ઈન્ડિયા ફિલાન્થ્રોપી લિસ્ટ-2023 જાહેર કરી દેવામાં આવ્યું છે. આઈટી કંપની એચસીએલ ટેકનોલોજીના શિવ નાદરે નાણાંકીય વર્ષ 2022-23 દરમિયાન 2024 કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે, જે અગાઉના નાણાંકીય વર્ષ કરતા 76 ટકા વધુ છે. યાદીમાં વિપ્રોના અજીમ પ્રેમજી બીજા નંબરે છે. તેમણે 2022-23માં કુલ 1774 કરોડ રૂપિયા દાન આપ્યું છે, જે ગત નાણાંકીય વર્ષના મુકાબલે 267 ટકા વધુ છે. ત્યારબાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ત્રીજા સ્થાને છે. તેમણે રિલાયન્સ ફાઈન્ડેશન દ્વારા 376 કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે.

# દિલ્હીમાં પ્રદૂષણ અટકાવવા 5 રાજ્યોને એફિડેવિટ દાખલ કરવા સુપ્રીમનો આદેશ

**નવી દિલ્હી**



કમિશન ફોર એર કવાલિટી મેનેજમેન્ટ (સીએક્યુએમ) દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવ્યા હોવા છતાં વાયુ પ્રદૂષણ યથાવત રહેતા સુપ્રીમ કોર્ટે દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સરકારોને પૂછ્યું છે કે તેમણે પ્રદૂષણ અટકાવવા ક્યાં પગલાં લીધા અને આ સંદર્ભમાં એફિડેવિટ દાખલ કરવાના નિર્દેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે બે દાયકા અગાઉ ઓક્ટોબર અને નવેમ્બર મહિના સૌથી શ્રેષ્ઠ સમયગાળો ગણવામાં આવતો હતો જ્યારે હવે તેના બદલે હાલના સમયમાં પ્રદૂષણને કારણે ઘરની બહાર પગ મૂકવો પણ મુશ્કેલ થઈ ગયું છે. ન્યાયમૂર્તિ એસ કે કૌલના નેતૃત્વવાળી ત્રણ જજોની બનેલી ખંડપીઠે પાંચ રાજ્યોને એક સપ્તાહની અંદર એફિડેવિટ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

# ઈડીએ ભોપાલના પીપલ્સ ગ્રૂપની 230.4 કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી

**નવી દિલ્હી**

ઈડીએ ભોપાલમાં પીપલ્સ ગ્રૂપ પર મોટી એક્શન લીધી છે. ગ્રૂપની 230.4 કરોડની સંપત્તિ અસ્થાયી રીતે ટાંચમાં લીધી. જપ્ત કરાયેલી સંપત્તિઓમાં જમીન, મકાન અને મશીનરીના રૂપમાં છે. આ સંપત્તિઓમાં કોલેજ, સ્કૂલ, તાલીમ કેન્દ્રો, પેપર મિલ, અખબાર માટેના કાગળની મશીનરી વગેરે સામેલ છે. EDએ પ્રીવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આ કાર્યવાહી કરી છે. EDએ સુરેશ નારાયણ વિજયવર્ગીય, રામવિલાસ વિજયવર્ગીય, પીપલ્સ ઈન્ટરનેશનલ એન્ડ સર્વિસિઝ પ્રાઈવેટ લિમિટેડ, પીજીએચ ઈન્ટરનેશનલ વિરુદ્ધ દાખલ 3 ફરિયાદોના આધારે તપાસ શરૂ કરી હતી.

# હમાસ હુમલાનો કમાંડર ઠાર, ગાઝામાં કુલ 10 હજારના મોત

**તેલ અવિવ**

હમાસના હુમલા પછી ઈઝરાયેલ પેલેસ્ટાઈનમાં શરુ કરેલી કાર્યવાહીમાં અત્યાર સુધી ૧૦ હજાર લોકોના મોત થયા છે. ઈઝરાયેલી સેનાએ ૭ સપ્ટેમ્બરના રોજ થયેલા હમાસ હુમલાના માસ્ટર માઈન્ડ કમાંડરને ઠાર મારવાના દાવો કર્યો હતો. ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સે પુષ્ટી કરી હતી કે હમાસની બેટ લાહિયા બટાલિયનના કમાંડર હવે આ દુનિયામાં રહયો નથી. આ કમાંડરે જ ઈઝરાયેલમાં હમાસ વતી હુમલાનું નેતૃત્વ કર્યુ હતું. ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલમાં પ્રકાશિત સમાચાર મુજબ ઠાર મારવામાં આવેલા કમાંડરનું નામ નિસામ અબુ અજિના છે. અબુ અજીનાને હવાઈ હુમલાનો નિષ્ણાત માનવામાં આવતો હતો. પહેલા પણ ઈઝરાયેલ વિરુધના કાવતરા અને હુમલામાં સામેલ હતો. ઈઝરાયેલની સેનાએ પોતાના એક સૈનિકને હમાસના કબ્જામાંથી છોડાવવામાં સફળતા મળી છે. હજુ ઈઝરાયેલના ૨૫૦ લોકોને હમાસે બંધક બનાવ્યા છે. ઈઝરાયેલી સેનાનું માનવું છે કે અબુ અજીનાનો અંત આવવાથી હમાસ નબળું પડયું છે. ઈઝરાયેલની સેના તરફથી ગ્રાઉન્ડ પરથી કરવામાં આવતા હુમલાની પ્રતિક્રિયા માટે સક્ષમ નહી હોય.ગાજાપટ્ટીના આરોગ્ય મંત્રાલયે જાહેર કર્યુ છે કે ગાજાપટ્ટીમાં ૧૦ હજાર લોકોના જયારે ઈઝરાયેલના ૧૪૦૦ લોકોના મોત થયા છે.

સુત્રોના જણાવ્યા અનુસાર ઈઝરાયેલના જબરદસ્ત કાર્યવાહી પછી પણ હમાસ સંગઠન સામે લડવું પડકારજનક છે. હમાસના આતંકીઓ સુરંગોમાં છુપાએલા છે તેમને સામાન્ય લોકોની સુરક્ષાની કોઈ જ પરવા નથી. હમાસનું માનવું છે કે ગાજાપટ્ટીના લોકોના રક્ષણ માટે યુનાઈટેડ નેશને આગળ આવવું જોઈએ.

## ઈઝરાયલ સાથે જોર્ડને રાજદ્વારી સંબંધોનો અંત લાવ્યો, ગાઝામાં લોકોની હત્યાનો મૂક્યો આરોપ

ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના હુમલામાં નાગરિકોના મોતના વિરોધમાં જોર્ડને પોતાના રાજદૂતને પાછા બોલાવી લીધા છે. વિદેશમંત્રી અયમાન અલ-સફાદીએ ઇઝરાયેલથી તેમના રાજદૂત રસન અલ-મજાલીને અમ્માન પાછા ફરવા કહ્યું છે. એક નિવેદન જારી કરીને જોર્ડનના વિદેશ મંત્રીએ કહ્યું કે ગાઝા પર ઈઝરાયેલના ભડકાઉ યુદ્ધને નકારી કાઢવામાં આવે અને તેની આકરી ટીકા થવી જોઈએ. તેમણે ઈઝરાયલ પર મોટો આરોપ મૂકતાં કહ્યું કે ઇઝરાયેલ નિર્દોષ લોકોની હત્યા કરી રહ્યું છે અને ભયાવહ માનવતાવાદી વિનાશનું કારણ બની રહ્યું છે. જોર્ડને ઇઝરાયલના વિદેશ મંત્રાલયને તેના રાજદૂત રોજેલ રાયમેન (જેમને જોર્ડનમાં સુરક્ષાના જોખમોને કારણે અસ્થાયી ધોરણે ઇઝરાયેલ પરત બોલાવવામાં આવ્યા હતા)ને અમ્માન પરત ન આવવા માટે પણ જણાવ્યું હતું. જોર્ડનના વિદેશમંત્રીના નિવેદન અનુસાર રાજદૂતોની વાપસી ઇઝરાયેલ ગાઝા પરના તેના યુદ્ધને અટકાવવા અને તે જે માનવતાવાદી વિનાશનું કારણ બની રહી છે તેવા તમામ પગલાંને રોકવા સંબંધિત હશે. જેમાં પેલેસ્ટિનિયનોને તેમના ખોરાક, પાણી, દવા અને સલામત રહેવાના અન્ય અધિકારોથી વંચિત કરી



## ઈજિપ્તે રફા બોર્ડર ખોલી ઘણા લોકોને આપી એન્ટ્રી

હમાસ યુદ્ધ વચ્ચે ઈજિપ્તે મોટી ભૂમિકા નિભાવી છે. અત્યાર સુધી ગાઝામાં માનવીય સહાયતા માટે રફા બોર્ડર ખોલવામાં આવી હતી, હવે આ બોર્ડર પરથી ગાઝામાં ફસાયેલ વિદેશી નાગરિકોની પ્રથમ બેંચ ઈજિપ્ત પહોંચી છે. આ બેંચમાં મહિલાઓ, વૃદ્ધો, બાળકો સહિત યુવાઓ પણ સામેલ છે. યુદ્ધ શરૂ થયા બાદ ઈજિપ્તે પ્રથમવાર લોકો માટે રફા બોર્ડર ખોલી પોતાના દેશમાં પ્રવેશની મંજૂરી આપી છે. વાસ્તવમાં રફા સરહદ ઈજિપ્ત અને ગાઝા પટ્ટી વચ્ચે એકમાત્ર ક્રોસિંગ પોઈન્ટ છે. આ સરહદ પરથી ગાઝાથી ઈજિપ્ત અને ઈજિપ્તથી ગાઝા સરળતાથી આવન-જાવન કરી શકાય છે. યુદ્ધ શરૂ થયા બાદ ઈજિપ્તે રફા સરહદ પર લોકોની એન્ટ્રી પર પ્રતિબંધ લગાવ્યો હતો. રફા બોર્ડર પરથી વિવિધ દેશોની સહાય ગાઝામાં મોકલાઈ રહી છે.

## ઈઝરાયેલ દ્વારા જબાલિયા શરણાર્થી કેમ્પ પર કરવામાં આવેલા હુમલામાં 195ના મોત

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ દિવસેને દિવસે વધુ ઉગ્ર બની રહ્યું છે, આ યુદ્ધમાં અત્યાર સુધીમાં અનેક લોકોના મોત થયા છે જ્યારે ઘણા લોકો ગાઝા પટ્ટી છોડીને અન્ય સ્થળે જવા મજબૂર બન્યા છે ત્યારે ગઈકાલે ઉત્તર ગાઝામાં આવેલા જબાલિયા શરણાર્થી કેમ્પ પર ઈઝરાયલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જેમાં અત્યાર સુધીમાં ૧૯૫ લોકોના મોત થયા છે. ઈઝરાયેલ દ્વારા જબાલિયા શરણાર્થી કેમ્પ પર કરવામાં આવેલા હુમલામાં ૧૯૫ લોકોના મોત થયા છે જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. આ હુમલામાં અલ જજીરાના એક એન્જિનિયરનો આખો પરિવાર ખતમ થઈ ગયો હતો અને પરિવારના ૧૯ લોકોના મોત થયા હતા. ઈઝરાયેલી હવાઈ હુમલામાં ઉત્તરી ગાઝામાં આવેલા જબાલિયા શરણાર્થી કેમ્પમાં ખાના ખરાબી સર્જાઈ હતી. આ કેમ્પ બરબાદ થઈ ગયો હતો. અહેવાલો અનુસાર ઈજિપ્તે ઈઝરાયલના હવાઈ હુમલાનેને અમાનવીય ગણાવ્યો હતો. ઈજિપ્તે કહ્યું હતું કે આ હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. ઈઝરાયલ હોસ્પિટલ, શરણાર્થી કેમ્પ પર હુમલા કરે છે. ઈજિપ્તે આંતરરાષ્ટ્રીય સમુદાયને ઈઝરાયલી હુમલાને રોકવા અને ગાઝાના રહેવાશીઓ સુધી માનવીય સહાય આપવા માટે હસ્તક્ષેપ કરવાનો આગ્રહ કર્યો હતો.

## અમેરિકામાં 24 વર્ષીય ભારતીય વિદ્યાર્થી ઉપર ચપ્પુ વડે હુમલો

**વોશિંગ્ટન**

24 વર્ષીય હુમલાખોર જોર્ડન એન્ડ્રે રવિવારે સવારે USના વાલપરાઈસો શહેરમાં એક સાર્વજનિક જીમમાં વરુણ પર ચાકુ વડે હુમલો કર્યો હતો. સમગ્ર ઘટનાને લઈ સ્થાનિક પોલીસે તપાસના ચક્રોગતિમાન કર્યા છે. ભારતીય વિદ્યાર્થી વરુણ કમ્પ્યુટર સાયન્સનો વિદ્યાર્થી છે. ઘટના બાદ હુમલાખોરની ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર ઘાતક હથિયાર વડે હુમલો અને હત્યાના પ્રયાસનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હુમલાખોરે વરુણ પર ચાકુ વડે હુમલો કર્યો હતો. તેની ઈજાઓની ગંભીરતાને કારણે તેને ફોર્ટ વેઈન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને અહેવાલ મુજબ તેના બચવાની શક્યતા ઓછી છે. હિંસક હુમલા બાદ વરુણની હાલત નાજુક હોવાનું કહેવાય છે. પોલીસ તપાસમાં જાણવા મળી રહ્યું છે કે, વરુણ જિમ ગયો હતો. તે મસાજ કરાવવા માટે મસાજ રૂમમાં ગયો, જ્યાં વરુણે અન્ય એક વ્યક્તિને જોયો જેને તે ઓળખતો ન હતો અને તે અજાણી વ્યક્તિને જોઈને તેને ડરી ગયો હતો. જોકે મોકો જોઈને આ અજાણ્યા શખ્સ દ્વારા વરુણ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતા જોતા પોલીસે ગણતરીની કલાકોમાં આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

## પાકિસ્તાને ૧૦ લાખ અફઘાન શરણાર્થીને પાછા મોકલી આપ્યા, અફરાતફરીનો માહોલ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં અફઘાનિસ્તાનના શરણાર્થીઓ બાબતે ધમાસણ જોવા મળે છે. તાજેતરમાં ૧૦ લાખથી વધુ અફઘાનીઓને દેશ છોડી દેવા પાકિસ્તાન સરકારે આદેશ કર્યો છે. એક માહિતી અનુસાર પાકિસ્તાનમાં ૪૦ લાખથી વધુ અફઘાન મૂળના લોકો રહે છે જેમાંથી ૧૭ લાખ લોકો પાસે કોઈ આધાર પુરાવા નથી. અફઘાનિસ્તાન શરણાર્થીઓના મસિહા બનીને આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં વાહવાહી લૂંટનારા પાકિસ્તાનને શરણાર્થીઓ બોજ લાગવા લાગ્યા છે. કોલ્ડવોરના જમાનામાં સોવિયત સંઘ (રશિયા)એ ૧૯૭૯માં અફઘાનિસ્તાન પર આક્રમણ કર્યુ ત્યારથી અફઘાન શરણાર્થીઓ પાકિસ્તાનમાં રહે છે.

કેટલાકે તો પાકિસ્તાન મૂળની મહિલા સાથે લગ્ન કર્યા હોવા છતાં પણ અફઘાનિસ્તાન પાછા જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. અફઘાનિસ્તાનની તાલિબાની સરકારે તાલિબાન શરણાર્થી મંત્રાલયની સ્થાપના કરી છે જેમાં શરણાર્થીઓની સંખ્યા ૩ ગણી વધી રહી છે. રોઈટરના એક અહેવાલ અનુસાર કરાંચીના સોહરાબ ગ્રોથ ક્ષેત્રમાં અફઘાની લોકોની મોટી વસ્તી છે. આ વસ્તીના લોકો અફઘાનિસ્તાન જતી બસોમાં બેસવા માટે રાહ જોઈને લાંબી કતારમાં ઉભા રહે છે.

બદલાયેલી પરીસ્થિતિમાં લોકોને પાકિસ્તાનમાં રહેવું જોખમી લાગે છે. જેની પાસે કાયદેસરના દસ્તાવેજ છે તેમને પણ સરહદ પાર ધકેલવામાં આવી રહયા છે. પાકિસ્તાનના ગૃહ મંત્રાલય દ્વારા આને લગતી કોઈ જ ટીપ્પણી કરવામાં આવી નથી. વિદેશ મંત્રાલયના પ્રવકતાએ પ્રવાસીઓને સરહદ પાર ધકેલવામાં આંતરરાષ્ટ્રીય માપદંડો અને સિધ્ધાંતોનું પાલન કરવામાં આવી રહયું છે.


## ભારતીય નૌસેનાના આઠ પૂર્વ અધિકારીઓના ભાવિનો ફેંસલો હવે કતારના અમીરના હાથમાં

**દોહા**

કતારની કંપનીમાં કામ કરતા ભારતીય નૌ સેનાના આઠ પૂર્વ અધિકારીઓને જાસૂસીના મામલામાં કતારની કોર્ટે ફાંસીની સજા આપી છે.

આ ચુકાદા બાદ ભારત સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. ફાંસીની સજા માફ કરાવવાના વિકલ્પો પર ભારત વિચારણા કરી રહ્યુ છે અને તેમાં કતારના અમીરની માફીના વિકલ્પનો પણ સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા આ નૌ સૈનિકોને છોડાવવા માટે રાજદ્વારી પ્રયાસો પણ થઈ રહ્યા છે. યોગાનુયોગ



ફાંસી આપવાના મામલામાં કતારનો કોઈ વ્યાપક રેકોર્ડ નથી. છેલ્લે કતારે 2020માં નેપાળના એક નાગરિકને ફાંસી આપી હતી અને આ પહેલા 20 વર્ષ સુધી કતારે કોઈને ફાંસી આપી નહોતી.


ભારતીય નેવીના પૂર્વ અધિકારીઓના પરિવારોને ભારત સરકારના વિદેશ મંત્રી જયશંકરે આશ્વાસન આપીને કહ્યુ છે કે, આ અધિકારીઓને છોડાવવા માટે ભારત સરકાર કોઈ કસર બાકી નહીં રાખે. ભારતના સંરક્ષણ વિશેષજ્ઞ બ્રહ્મ ચેલાનીના કહેવા અનુસાર ભારત સરકાર પૂર્વ અધિકારીઓને જામીન અપાવવામાં નિષ્ફળ રહી છે. હવે અધિકારીઓ પાસે અપીલ કોર્ટમાં જવાનો અને ત્યાં પણ સજા યથાવત રહે તો સુપ્રીમ કોર્ટ પાસે જવાનો વિકલ્પ રહ્યો છે. જોકે આ મામલામાં જે પ્રકારના આરોપો મુકવામાં આવ્યા છે તે જોતા તો આઠ અધિકારીઓની કિસ્મત હવે કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીના હાથમાં છે. તેમની પાસે કોઈ પણ કેદીની સજા માફ કરવાનો કે ઓછી કરવાનો અધિકાર છે.

## બ્રિટનમાં ભારતીય યુવતીની છરી મારી હત્યા, આરોપીની ધરપકડ

**લંડન**

બ્રિટનમાં રવિવારે એક 19 વર્ષીય ભારતીય યુવતીની તેના ઘરમાં છરી મારી હત્યા કરી નાખવામાં આવી છે. તેની હત્યાની શંકામાં એક 23 વર્ષીય યુવકની ઘટના સ્થળેથી ધરપકડ કરી લેવામાં આવી છે. મૃતક ભારતીય મહિલાની ઓળખ મહેક શર્મા તરીકે થઈ છે.

રવિવારે સાંજે પોલીસે જણાવ્યું હતું કે, આ ઘટના દક્ષિણ લંડનના ક્રોયડન સ્થિત એક ભાડાના મકાનમાં બની હતી. જ્યાં એક 19 વર્ષીય ભારતીય યુવતીની છરીના ઘા ઝીંકીને હત્યા કરી નાખવામાં આવી હતી. ઘટના બાદ



પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આરોપી શૈલ શર્માને કસ્ટડીમાં લીધો હતો. મહેક ક્રોયડનના એક ઘરમાં ઘાયલ હાલતમાં મળી આવી હતી. જેને માથામાં ઈજા થતાં હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે યુવક અને યુવતી એકબીજાને ઓળખતા હતા અને અધિકારીઓ તપાસના સંબંધમાં અન્ય કોઈની તલાશ નથી કરી રહ્યા.પોલીસ એ જાણવાનો પ્રયત્ન કરી રહી છે કે પીડિતાનું આરોપી સાથે શું કનેક્શન હતું.


Happy
Diwali
New
Year
Sweets Sale
from oct 28 2023
Stroll through the aisles of our freshly made sweets and snacks. Make your Diwali and New Year celebrations even more festive.
BAPS
SHAYONA
Swaminarayan Vegetarian
BAPS Shri Swaminarayan Mandir
333 Speedsville Road
Cambridge, ON N3H 4R6
Tel: +1 (519) 219 - 4820
BAPS Shri Swaminarayan Mandir
46 Claireville Drive
Toronto, ON M9W 5Z7
Tel: +1 (647) 794 - 6662
BAPS Shri Swaminarayan Mandir
1840 Birchmount Rd,
Scarborough, ON M1P 2H7
Tel: +1 (416) 321 - 2277
BAPS Shayona provides sanctified, vegetarian cuisine prepared and offered to the divine image of God in accordance with the dietary beliefs of the Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan denomination of the Hindu religion.
To learn more about Swaminarayan Vegetarianism and Hindu Dietary Practices visit: www.shayona.org

# થોડાં વર્ષમાં જ કેનેડા છોડવાનું ઈમિગ્રન્ટસનું વલણ ચિંતાજનક

## દેશ માટે લાભદાયી હોય તેવા ઈમિગ્રન્ટ્સને સાચવવા સરકાર દ્વારા યોગ્ય પગલાં ભરવા આવશ્યક

**ઓન્ટેરિયો**

જેમ જેમ ફેડરલ સરકાર આગામી ત્રણ વર્ષ માટે તેના ઈમિગ્રેશન લક્ષ્યોને સ્પષ્ટ કરી રહી છે તેમ તેમ નવા સંશોધન થઈ રહ્યા છે. જેમાં જાણવા મળ્યું છે કે, કેનેડામાં ઈમિગ્રન્ટ્સ વધુને વધુ તકો માટે આ દેશ છોડીને અન્યત્ર જઈ રહ્યા છે. ઈન્સ્ટિટ્યૂટ ફોર કેનેડિયન સિટિઝનશિપ અને કેનેડાના કોન્ફરન્સ બોર્ડ દ્વારા આયોજિત સરવેમાં 2017 અને 2019માં કેનેડા છોડીને આવેલા ઈમિગ્રન્ટ્સની સંખ્યામાં વધારો નોંધાયો છે. આ ઉછાળો ઐતિહાસિક સરેરાશ કરતાં 31 ટકાનો વધારો દર્શાવે છે. બે વર્ષને બાદ કરતાં પણ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આગળનું સ્થળાંતર અથવા કોઈ વ્યક્તિ જે દેશમાંથી તેઓ સ્થળાંતર કરે છે અને અન્યત્ર ફરી સ્થાયી થાય છે, તે પ્રક્રિયા 1980ના દાયકાથી સતત વધી છે. 80ના દાયકામાં આવેલા લોકોમાં આગળનો સરેરાશ સ્થળાંતર દર 18 ટકા હતો. 1990ના દાયકાના પહેલા ભાગમાં કાયમી રહેઠાણ મેળવનારા લોકોમાં તે સંખ્યા વધીને 21 ટકા થઈ ગઈ હતી. કેનેડાના કોન્ફરન્સ બોર્ડ દ્વારા ભૂતકાળના સંશોધનને ટાંકીને દર્શાવવામાં આવ્યું છે કે ઈમિગ્રેશન જીડીપી વૃદ્ધિ તરફ દોરી જાય છે. કામદારથી નિવૃત્ત ગુણોત્તરમાં સુધારો કરે છે અને ફુગાવામાં ઉમેરો કરતા કામદારની અછતને સરળ બનાવે છે. નવા આવનારાઓને આવકારવાથી કેનેડાના માનવતાવાદી લક્ષ્યોને પરિપૂર્ણ કરવામાં પણ મદદ મળે છે. ઈમિગ્રન્ટ્સ કેનેડામાં જેટલો સમય વિતાવે છે તેના પર ઈમિગ્રેશનના ફાયદાઓ સમજાય છે, જેટલો લાંબો સમય તેઓ રહે છે, તેટલો વધુ ફાયદો અને યોગદાન આપે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે કેનેડામાં વસાહતીઓ અહીં આવ્યા પછી ચારથી સાત વર્ષ પછી ફરીથી સ્થળાંતર કરે છે, જે સૂચવે છે કે, સકારાત્મક પ્રારંભિક અનુભવો ઈમિગ્રન્ટ્સને અહીં રહેવા માટે લલચાવવાની ચાવી હોઈ શકે છે. આ કારણોસર લેખકોએ ફેડરલ સરકારને વિનંતી કરી છે કે નવા આવનારાઓને સાચવી રાખવાને અગ્રતા ક્રમ આપવામાં આવે.

# ગુજરાતી સિની. ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની મીટીંગ ફાઈવ કપલ ગૃપ દ્વારા રાસની અદ્દભૂત પ્રસ્તુતિ

**બ્રામ્પ્ટન**



ગુજરાતી સિનીયર ઓફ બ્રામ્પટન દ્વારા ૨૯ ઓક્ટોબરના રોજ ગોરમેડો લાયબ્રેરી ખાતે મીટીંગ રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત પ્રાર્થનાથી થયા બાદ આશાબેન વશીએ ગણેશ સ્તુતિ, 'એકદંતાય, વક્રતુંડાય' પર કસરત કરાવી હતી. દક્ષાબેન રાજાએ સ્વાગતવિધિ કર્યા બાદ મંડળના સભ્ય સ્વ. નિર્મળાબેન નવીનચંન્દ્ર રાણાને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ આ મહિનામાં આવતી સભ્યોની વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી. શીલાબેન ગાંધીએ મહાત્મા ગાંધીજી આ સાથે નવેમ્બર માસમાં રાખેલ મહેંદી હરીફાઈની જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ સૌ ભાઈ બહેનો ગરબાના તાલે ગરબે ઘૂમી આનંદથી ઝૂમી ઉઠયા હતા. અંતમાં સૌએ જગત જનની માં અંબાની આરતી કરી વંદન કર્યા બાદ જયશ્રીબેન અને દિપકભાઈની ગ્રાન્ડડોટર પરી અને હેનાએ ગણેશ વંદના કરી હતી. જે પછી અમીતાબેન પટેલની આગેવાની હેઠળ ફાઈવ કપલ ગૃપ દ્વારા એક સુંદર રાસની રજૂઆત થઈ હતી. આ તકે સંગીતના તાલે અન્ય કલાકારો પણ ઝૂમી ઉઠ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જ્યોતિબેન શાહે અને શીલાબેન ગાંધીએ કર્યું હતું.

# ડિસ્ટિલરી વિન્ટર વિલેજમાં અત્યાર સુધીના સૌથી ઊંચા વૃક્ષનું આગમન

**ટોરોન્ટો**

56 ફૂટ ઊંચા સિલ્વર ફિરને આગામી બે મહિના માટે ડિસ્ટિલરી ડિસ્ટ્રિક્ટમાં એક ઘર મળ્યું છે, જે આ વર્ષની રજાઓની સીઝનની બિનસત્તાવાર શરૂઆતથી શરૂ થાય છે. ડિસ્ટિલરી હિસ્ટોરિક ડિસ્ટ્રિક્ટની મીડિયા એડવાઈઝરી અનુસાર આ વર્ષે ડિસ્ટિલરી ડિસ્ટ્રિક્ટ વિન્ટર વિલેજ ક્રિસમસ ટ્રી અત્યાર સુધીનું સૌથી ઊંચું વૃક્ષ હોવાનું કહેવાય છે. તે એગબર્ટ, ઓન્ટેરિયોના ડ્રાયડેલ ટ્રી ફાર્મમાંથી મેળવવામાં આવ્યું હતું, જે બુધવારે સવારે ડિસ્ટિલરી ડિસ્ટ્રિક્ટમાં સાઈટ પર પહોંચ્યું હતું. ત્યારબાદ બપોરે 12:30 વાગ્યાની આસપાસ તેને મોટા ક્રેનની મદદથી ઉઠાવવામાં આવ્યું હતું. વિશાળ વૃક્ષને ઉપાડવામાં અને તેને સુરક્ષિત કરવામાં ક્રૂને લગભગ બે મિનિટનો સમય લાગ્યો હતો. સ્થાનિક ખાદ્ય વિક્રેતાઓએ પણ વૃક્ષઉછેર સમારોહનો લાભ લીધો હતો. ડિસ્ટિલરી ડિસ્ટ્રિક્ટ એક્સપિરિયન્સ એન્ડ ઈવેન્ટ્સના વાઈસ પ્રેસિડેન્ટ રિક ઓકવિર્કે જણાવ્યું હતું કે તેઓ તરત જ વૃક્ષને સુશોભિત કરવાનું શરૂ કરી દેશે અને પછી, તે અહીં ડિસ્ટિલરી ડિસ્ટ્રિક્ટમાં અમારા ડિસ્ટિલરી વિન્ટર વિલેજનું લોન્ચિંગ હશે. ડિસ્ટિલરી વિન્ટર વિલેજની ઔપચારિક શરૂઆતને દર્શાવવા માટે નવેમ્બર 16ના રોજ એક ટ્રી લાઈટીંગ સેરેમની યોજાશે. આ ઈવેન્ટમાં ભાગ લેનારાઓ માટે સાંજે 4 વાગ્યા પછી ટિકીટની આવશ્યકતા રહેશે, જેની આવક ચેરિટીમાં જશે.


OM INDIA
FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd,
Etobicoke, ON
416-743-1100

139 Charing Cross,
Brantford Ontario
519-758-9999

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
519-954-1110

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
416-297-8383

71 West Drive, Unit#42,
Brampton, ON
905-452-1100

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
514-426-1100



કથા, વાસ્તુ, બેબીશાવર, ગૃહપ્રવેશ, નવચંડી, હોમાત્મક લઘુરુદ્ર, ગણેશયોગ, ચાંડાલયોગ,
મૂળ નક્ષત્ર, આશ્લેષા, જેષ્ઠા, નક્ષત્રોની શાંતિ અને દરેક પ્રકારના હવન તથા પૂજા
વિધી કરાવનાર, જન્માક્ષર જોવડાવવા તથા નવા બનાવવા માટે મળો

# શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી

આણંદ (બોરસદ) ગુજરાતવાળા (ઈટોબીકોક - ટોરોન્ટો)

## દિપાવલી વિશિષ્ટ મહાપર્વ
## રાજરાજેશ્વરી મહાલક્ષ્મી વિશેષ પૂજા

# કેનેડા ટોરંટોનાં સમય મૂજબ શાસ્ત્રોક્ત અને સચોટ મૂહૂર્ત

## દિપાવલીમાં વૃષભ અને સિંહ લગ્નમાં સાક્ષાત જ્વાજલ્યમાન મહાલક્ષ્મી પૂજા અને ભૌતિક સુખઃ પ્રાપ્તિનાં વિશિષ્ટ સાધના પ્રયોગ

દિપાવલી પર્વ વિશિષ્ટ અટૂટ ઐશ્વય મહાલક્ષ્મી સાધના-પૂજા આર્થિક ઉન્નતિ પ્રાપ્તિ હેતુ અવં-માન સંન્માન, પદ, પ્રતિષ્ઠા, કિર્તી, યશ, નૌકરી, ઉચ્ચપદ, ભાગ્યોદય, શીઘ્ર વિવાહ, રોગમુક્તિ, ઋણમુક્તિ, શતુમુક્તિ, તંત્રદોષ મુક્તિ




## દિપાવલી પર્વ મૂહૂર્ત

દિપાવલી પર્વ મૂળ રૂપથી પાંચ દિવસ નૌ કલ્પ છે, જે ધનવંતરી ત્રયોદશી થી પ્રારંભ થઈને યમબીજ (ભાઈબીજ) સુધી પૂર્ણ થાય છે... ધન વંતરી ત્રયોદશીનાં દિવસે કળશ પૂજન, કૂબેર પૂજા નવા ચોપડા ખરીદવા, લેખિનિ પૂજન, ઈત્યાદિ પૂજન થઈ શકે છે. રૂપ થતુર્થશીના દિવસે (કાળી ચૌદશ) વેપારી વર્ગ પોતાનાં વ્યાપારના, સ્થાન ઉપર ગાદી પૂજન, તથા સર્વ તંત્ર બાધા નિવારણ સાધનાં, શત્રુ મુક્તિ પ્રયોગ રોગ મુક્તિ પ્રયોગ, વશી કરણ પ્રાપ્તિ તથા વશી કરણ મુક્તિ પ્રયોગ, આકર્ષણ, સંમોહન પ્રયોગ વિગેરે તંત્ર માર્થી સાધનાં કરી શકાય છે... ત્યાર બાદ ત્રીજા દિવદે એટલે કે દિપાવલી અમાવશ્થાને દિવસ જેને કાલ રાત્રી તરીકે ઓળખવામાં આવે છે... તે દિવસે વૃષભ તથાં સિંહ લગ્નમાં અટૂટ ઐશ્વર્ય જ્વાજલ્યમાન મહાલક્ષ્મી પૂજન.... તથા સ્થિરલક્ષ્મી પ્રયોગ. શીઘ્ર વિવાહ પ્રયોગ (અવિવાહિત છોકરા તથા છોકરીઓ માટે), વ્યાપાર વૃધ્ધિ પ્રયોગ અને, વ્યાપાર બાધા નિવારણ પ્રયોગ, વિગેરે... કરવામાં આવે છે....

### પૂષ્ય નક્ષત્ર
### તા. 04/11/2023 શનિવાર

તા. 03/11/2023 શુક્રવાર રાત્રે 9:27 થી તા. 04/11/2023 શનિવાર રાત્રે 11:59 મીનીટ સુધી પુષ્યનક્ષત્ર રહેશે.

**સુવર્ણ ખરીદવાનું મુહૂર્ત**

શુભ મુહૂર્ત : સવારે 8:14 થી સવારે 9:30 કલાક સુધી
લાભ મુહૂર્ત : બપોરે 12:01 થી બપોરે 1:16 કલાક સુધી
ચલ મુહૂર્ત : બપોરે 1:16 થી બપોરે 2:32 કલાક સુધી
અમૃત મુહૂર્ત : બપોરે 1:16 થી બપોરે 2:32 કલાક સુધી
લાભ મુહૂર્ત : બપોરે 2:32 થી બપોરે 3:48 કલાક સુધી
અમૃત મુહૂર્ત : રાત્રે 10:17 થી રાત્રે 11:59 કલાક સુધી
અભિજીત મુહૂર્ત(વિજય કાળ) : સવારે 11:41 થી બપોરે 12:21 કલાક સુધી

### ધનવંતરી ત્રયોદશી (ધનતેરશ)
### તા. 10/11/2023 શુક્રવાર

તા. 10/11/2023 શુક્રવારે શાસ્ત્રોક્ત પ્રમાણે કૃષ્ણપક્ષ-13 તા. 09-10/11/2023 ને ગુરૂવારની મધ્યરાત્રી અને શુક્રવારની વહેલી સવારે 02:26 થી ધનતેરસ શરૂ થઈ જાય છે. અને તા. 10/11/2023ને શુક્રવારની રાત્રી અને શનિવારની વહેલી સવારે 03:28 એ ઉતરી જાય છે. ત્યાર બાદ કાળી ચોદશનો પ્રરંભ થઈ જાય છે.

**ધન પૂજા / લક્ષ્મી પૂજા (પૂજા કરવાના મુહૂર્ત)**

લાભ મુહુર્ત : સવારે 08:20 થી સવારે 09:34 કલાક સુધી
અમૃત મુહુર્ત : સવારે 09:34 થી સવારે 10:48 કલાક સુધી
શુભ મુહુર્ત : બપોરે 12:01 થી બપોરે 1:15 કલાક સુધી
ચલ મુહુર્ત : બપોરે 3:42 થી સાંજે 4:56 કલાક સુધી
લાભ મુહુર્ત : રાત્રે 8:29 થી રાત્રે 10:15 કલાક સુધી
શુભ મુહુર્ત : રાત્રે 12:02 થી રાત્રે 01:48 કલાક સુધી
અમૃત મુહુર્ત : રાત્રે 01:48 થી રાત્રે 3:35 કલાક સુધી
પ્રદોષકાળ મુહુર્ત : સાંજે 04:55 થી સાંજે 07:45 કલાક સુધી
સ્થિર વૃશ્ચિક લગ્ન મુહુર્ત : સવારે 07:43 થી સવારે 10:11 કલાક સુધી
સ્થિર વૃષભ લગ્ન મુહુર્ત : સાંજે 05:17 થી સાંજે 06:56 કલાક સુધી
અભિજીત મુહુર્ત : સવારે 11:42 થી બપોરે 12:21 કલાક સુધી

### રૂપચૌદશ (કાળી ચૌદશ)
### તા. 11/11/2023 શનિવાર

તા. 11/11/2023 શનિવારે શાસ્ત્રોક્ત પ્રમાણે કેનેડા ટોરેન્ટો ટાઇમ અનુસાર કૃષ્ણપક્ષ-14(ચૌદસ) તા. 11/11/2023 ને શનિવારે વહેલી સવારે 3:28 થી શરૂ થઈને તા. 12/11/2023ને રવિવાર વહેલી સવાર 4:16 સુધી રહેશે ત્યાર બાદ અમાવસ્યા એટલે કે દિપાવલીનો પ્રારંભ થઈ જશે.

**કાળી ચૌદશ તા. 11/11/2023 શનિવાર**

શુભ મુહુર્ત : સવારે 08:20 થી સવારે 09:34 કલાક સુધી
ચલ મુહુર્ત : સવારે 09:34 થી સવારે 10:48 કલાક સુધી
લાભ મુહુર્ત : બપોરે 12:01 થી બપોરે 1:15 કલાક સુધી
અમૃત મુહુર્ત : બપોરે 3:42 થી સાંજે 4:56 કલાક સુધી
લાભ મુહુર્ત : રાત્રે 8:29 થી રાત્રે 10:15 કલાક સુધી
શુભ મુહુર્ત : રાત્રે 12:02 થી રાત્રે 01:48 કલાક સુધી
અભિજીત વિજયકાળ મુહુર્ત : સવારે 11:42 થી બપોરે 12:21 કલાક સુધી
વૃશ્ચિક સ્થિર લગ્ન મુહુર્ત : સવારે 07:39 થી સવારે 10:07 કલાક સુધી
કુંભ સ્થિર લગ્ન મુહુર્ત : બપોરે 01:32 થી બપોરે 02:42 કલાક સુધી
વૃષભ સ્થિર લગ્ન મુહુર્ત : સાંજે 05:05 થી સાંજે 06:51 કલાક સુધી
સિંહ સ્થિર લગ્ન મુહુર્ત : રાત્રે 11:46 થી રાત્રે 02:22 કલાક સુધી

### દિપાવલી લક્ષ્મીપૂજા/કુબેર પુજા
### તા. 12/11/2023 રવિવાર

તા. 12/11/2023 રવિવારે વહેલી સવારે શાસ્ત્રોક્ત પ્રમાણે ટોરંટો કેનેડા ટાઇમ અનુસાર કાર્તિક કૃષ્ણ પક્ષ અમાવસ્યા(દીપાવલી) સવારે 4:16 થી શરૂ થઈ જાય છે અને તા.13/11/2023ને સોમવાર વહેલી સવારે 4:28 સુધી અમાવસ્યા(દીપાવલી) રહેશે ત્યારબાદ પ્રતિપદા(એકમ)નો પ્રારંભ થઈ જશે. તા.12/11/2023ને રવિવારે કાર્તિક અમાવસ્યા સ્વાતી/વિશાખા નક્ષત્રને દિવસે દિપાવલી મનાવવામાં આવશે.

લાભ મુહુર્ત : સવારે 09:36 થી સવારે 10:49 કલાક સુધી
અમૃત મુહુર્ત : સવારે 10:49 થી બપોરે 12:02 કલાક સુધી
શુભ મુહુર્ત : બપોરે 01:15 થી બપોરે 2:28 કલાક સુધી
શુભ મુહુર્ત : બપોરે 4:55 થી સાંજે 6:42 કલાક સુધી
અમૃત મુહુર્ત : સાંજે 6:42 થી રાત્રે 08:29 કલાક સુધી
ચલ મુહુર્ત : રાત્રે 08:29 થી રાત્રે 10:16 કલાક સુધી
લાભ મુહુર્ત : રાત્રે 01:50 થી રાત્રે 03:37 કલાક સુધી મધ્યરાત્રી (તા.13/11/2023)

**સ્થિર લગ્ન મુહુર્ત**

સ્થિર વૃશ્ચિક લગ્ન : સવારે 07:35 થી સવારે 10:03 કલાક સુધી
સ્થિર કુંભ લગ્ન : બોપરે 01:30 થી બપોરે 02:38 કલાક સુધી
સ્થિર વૃષભ લગ્ન : સાંજે 05:03 થી સાંજે 06:47 કલાક સુધી
અભિજીત વિજયકાળ મુહુર્ત : સવારે 11:42 થી બપોરે 12:21 કલાક સુધી
પ્રદોષ કાળ મુહુર્ત : સાંજે 05:03 થી સાંજે 06:49 કલાક સુધી
સ્થિર સિંહ લગ્ન : રાત્રે 11:42 થી મધ્યરાત્રી 02:18 કલાક સુધી

**મોબાઈલ : 647-770-5984 ETOBICOKE**

**Email : trivedi_ss@yahoo.com**

# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

Rollz ICE CREAM

# Experience the Ice Cream Flavor Like Never Before with Rollz!



**Franchise info : franchiseenquiry@rollzicecream.ca** | www.rollzicecream.ca

Location : Ajax | Mississauga | Scarborough | Collingwood | Regina | Edmonton | Guelph | Vaughan | Halifax
Windsor | Kitchener | Bramlea, Brampton | Scarborough Lebovic | North Park Drive, Brampton | Brantford | Peterborough